Date of Publication - Posted on 10th of Every Month

(ગુજરાતી માસિક)

# પરબ

₹ 20

જૂન : ૨૦૨૪
વર્ષ : ૧૮
અંક : ૧૨

समानो मन्त्रः । (ऋग्वेद)
समानी प्रपा । (अथर्ववेद)

સંપાદક : ભરત મહેતા

ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતાની પુનઃસ્થાપના એ જ સહુનું લક્ષ્ય




જ્યોતિ ભટ્ટ, 'ફિનિક્સ', ડિજિટલ કૉલાજ, ૨૦૦૩

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક. લા. સ્વાધ્યાયમંદિર

# ગુજરાતી સાહિત્યકોશ

## ખંડ ૧

### મધ્યકાળ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૫૮૪. કિંમત રૂ. ૮૦૦-૦૦




કોશના આ ખંડ-૧માં ઈ.સ. ૧૧૫૦થી ૧૮૫૦ સુધીના સમયગાળામાં થયેલા કવિઓ અને તેમની રચનાઓવિષયક તમામ વિશ્વાસપાત્ર માહિતી આપવામાં આવી છે. આ કોશમાં મધ્યકાલીન સાહિત્યમાં રચાયેલી, કાવ્યગુણે ઉત્તમ, મનુષ્યજીવનનાં રહસ્યોને ઉકેલવાની ચાવીઓ પૂરી પાડતી અને મુદ્રિત સ્વરૂપે મળતી કૃતિઓનાં સંખ્યાબંધ અધિકરણ ઉમાશંકર જોશી, હરિવલ્લભ ભાયાણી, જયંત કોઠારી, ચંદ્રકાન્ત શેઠ વગેરે જેવા તજજ્ઞોએ લખ્યાં છે. મધ્યકાળમાં જે સાહિત્ય રચાયું છે તે તમામને એકસાથે સંગ્રહી લેવાનો અહીં પ્રયત્ન છે. અહીં જૈન, સ્વામીનારાયણ, નાથસંપ્રદાય વગેરેના ૧૬૦૦ જેટલા કવિઓની ૩૦૦૦ ઉપરાંત સાહિત્યરચનાઓ વિશેનાં અધિકરણ મળશે. આ બધાં જ અધિકરણ નિષ્ણાત સંશોધકોએ તૈયાર કર્યાં છે.

આ ઉપરાંત અહીં કવિ કે કૃતિવિષયક મળતી તમામ સામગ્રીનો સંદર્ભ પ્રત્યેક અધિકરણને અંતે આપવામાં આવ્યો છે જે અભ્યાસીને સામગ્રીના મૂળ સુધી લઈ જશે.

## ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : 18 જૂન : ૨૦૨૪ અંક : 12

સંપાદક
**ભરત મહેતા**

પ્રકાશનમંત્રી
**ભિખેશ ભટ્ટ**

પરામર્શનસમિતિ

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

**યોગેશ જોષી**
ઉપપ્રમુખ

**દર્શક આચાર્ય**
ઉપપ્રમુખ

## ગુજરાતી સાહિત્ય પરિષદ

**મેઘાણી જ્ઞાનપીઠ ❖ ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

પરબ

**ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે:**

- ♦ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ♦ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ♦ 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- ♦ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- ♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઈચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- ♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ♦ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને:**

- ♦ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- ♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલસ્કેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઈનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- ♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- ♦ **પત્રવ્યવહારનું સરનામું:** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઈમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફૅક્સ: ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધ: 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


**પ્રમુખીય**

◈ મથામણ-6, હર્ષદ ત્રિવેદી 6

**કવિતા**

◈ શ્વાસ પર તારા શ્વાસ, હરજીવન દાફડા 8 મોંઘો અવસર, કિરીટ ગોસ્વામી 8 અકળાયા લાગો છો, ગૌરાંગ ઠાકર 9 મુશ્કેલીઓ, જિતુ પુરોહિત 'ચંદ્રમૌલિ' 9 થા ઊભો, યુસુફ મીર 10 ટેવ, અંજના ગોસ્વામી 'અંજુમ આનંદ' 10 અંતરંગ વાતો, દિલીપ જોશી 11 વર્ષાગીત, હરીશ શાહ 11 ડાબેરી-જમણેરી, પ્રતાપસિંહ ડાભી 'હાકલ' 12, રાખનો ઢગલો બની ગઈ!, યાદ, રણછોડ વી. પરમાર 12 નીતિન વડગામા 12

**કાવ્યાસ્વાદ**

◈ સોયની અણી, વિનુ બામણિયા 13

**વાર્તા**

◈ શાયરની ઇજ્જત, પ્રવીણ ગઢવી 16 અગોચરા, રાધિકા પટેલ 25 સુખનો સ્વાદ, રેખાબા સરવૈયા 30 નિશાની, રેખાબા સરવૈયા 31

**નિબંધ**

◈ બદલાતા રંગોની રંગોળી, યોગેશ વૈદ્ય 32 ગ્રહણ, જયંત ડાંગોદરા 41

**અભ્યાસ**

◈ 'બેફામની ગઝલસૃષ્ટિ', દિનેશ ડોંગરે 'નાદાન' 45 'વહાલનાં વલખાં' : વ્યથાસભર જીવતરનો જીવંત દસ્તાવેજ, દશરથ પરમાર 54

**અવલોકન**

◈ અસમિયા કવિતાની અસ્મિતા, દીપક ત્રિવેદી 61 સાંપ્રત શિક્ષણની સમસ્યા અને સમાધાનની કથા, ભારતી વાઘેલા 72 સ્વાધ્યાય-જ્યોતિ સુલભા દેવપુરકર 78

....

◈ પરિષદની આંખે આકાશવાણીની પાંખે..., મૌલિન મુન્શી 79

**અને છેલ્લે**

◈ ઠરાવ ઠરાવ પતરાળાં પર જા..., ભરત મહેતા 84

◈ વિચારવિમર્શ, પ્રવીણ પંડ્યા 86

◈ પરિષદવૃત્ત, સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ 89

◈ સાહિત્યવૃત્ત, સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ 91

◈ પરિચય મિતાક્ષરી 101

◈ આ અંકના લેખકો 103


આવરણ ચિત્ર : જ્યોતિ ભટ્ટ, 'ફિનિક્સ', ડિજિટલ કૉલાજ, 2003

આવરણ-સંકલ્પના : પીયૂષ ઠક્કર

# મથામણ – ૬

હર્ષદ ત્રિવેદી

છેલ્લા ઘણા વખતથી આપણે જોઈ રહ્યા છીએ કે ભારતીય કલા, સંસ્કૃતિ અને સાંસ્કૃતિક સંપદાઓનું જતન અને સંવર્ધન કરતી સંસ્થા ‘કલાતીર્થ ટ્રસ્ટ’ સુરત દ્વારા કલાવિષયક અનેક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી છે. સંસ્થાના કર્તાહર્તા શ્રી રમણીકભાઈ ઝાપડિયા લગભગ દોઢેક દાયકાથી વિવિધ કલાઓના ઉત્કર્ષ માટે ઉદ્યમરત છે. એમણે કલાવિષયક પ્રવૃત્તિઓ દ્વારા, અંતરિયાળ ગામડાં સુધીના કલાકારોને પ્રોત્સાહન આપીને કલાક્ષેત્રે પારંગત થવાની એક ઉમદા તક આપી છે. આજ સુધીમાં પચાસેક જેટલા કલાવિષયક ગ્રંથો, કલાસાધકોને અને છેવાડાનાં ગામોના રસિકજનો સુધી પહોંચાડ્યા છે. આ કલાતીર્થ ટ્રસ્ટ દ્વારા, અત્યાર સુધીમાં સોળ જેટલા કલાગંગોત્રી ગ્રંથોનું દસ્તાવેજીકરણ કરીને ગુજરાતના કલાજગતને રળિયાત કરવાનું કાર્ય થયું છે. એ રીતે વિસરાયેલા કલાવારસાને ઉત્તમ રીતે પ્રજા સમક્ષ રજૂ કર્યો છે.

આપણા માટે આનંદનો વિષય એ છે કે ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળ સ્થાપિત ‘કુમાર’ માસિકની શતાબ્દી નિમિત્તે કલાતીર્થ ટ્રસ્ટે આ દિશામાં સકારાત્મક ભૂમિકા ભજવીને સો વર્ષના અંકોમાંથી ચયન કરીને લગભગ સત્તરસો પૃષ્ઠનું દસ્તાવેજીકરણ કરીને પાંચ ગ્રંથોમાં પ્રગટ કરવાનો સંકલ્પ કર્યો છે જેના બે ગ્રંથો તો પ્રગટ પણ થઈ ચૂક્યા છે. બીજા ત્રણ કલાગંગોત્રી ગ્રંથો હવે, ટૂંક સમયમાં પ્રગટ થશે.

શતાબ્દીને આરે પહોંચેલું ‘કુમાર’ સામયિક આપણી સાહિત્યિક-સાંસ્કૃતિક પરંપરાનું એક ઉત્તુંગ શિખર છે. અમર વારસો છે. ગુજરાતી લોકચેતનાની જિજ્ઞાસા, રસિકતા અને જ્ઞાનપિપાસાને સંકોરવાનું, સંસ્કારવાનું ખૂબ મહત્ત્વનું કાર્ય ‘કુમાર’ દ્વારા સાતત્યપૂર્વક થતું રહ્યું હતું, થઈ રહ્યું છે. એમાં પ્રગટેલી સામગ્રી સર્વગામી અને બહુઆયામી હોય છે. સમયના કોઈપણ સ્તરે જઈને તેને માણવી, મમળાવવી ગમે એવી ચિરકાલીન શબ્દસમૃદ્ધિ છે. એ કલાવૈભવને મોટા સમૂહ સુધી પહોંચાડવાનો આ મનસૂબો પ્રશંસનીય અને અભિનંદનને પાત્ર છે.

ઓગણીસો ચોવીસમાં કલાગુરુ રવિશંકર રાવળ દ્વારા એનો શુભારંભ થયો હતો. આશય તો આવતી કાલના ઉત્તમ નાગરિકોનું ઘડતર કરવાનો હતો, પરંતુ ધીરે ધીરે

એ સામયિક એવું તો સમૃદ્ધ બન્યું કે ગુજરાતી ભાષા, સાહિત્ય, કલા અને સંસ્કૃતિની ઓળખ બની રહ્યું. ખાસ કરીને, દશ્યકલાક્ષેત્રે એનું માતબર પ્રદાન રહ્યું. 'કુમાર' દ્વારા રચાતાં સાહિત્ય ઉપરાંત ગુજરાતમાં ચિત્ર, શિલ્પ, સ્થાપત્ય, તસવીર, પુરાતત્ત્વ, નૃત્ય, નાટ્ય, સંગીત વગેરે કલાઓ માટે એક અભૂતપૂર્વ આબોહવા ઊભી કરવાનો યશ 'કુમાર'ને ફાળે જાય છે. ગુજરાતના ઉત્તમ સર્જકો, સંશોધકો, લેખકો 'કુમાર' સાથે જોડાવામાં ગૌરવ અનુભવે. સમજોને કે 'કુમાર' એક પ્રકારે સ્વયંસિદ્ધ પ્રમાણ બની રહ્યું. કશું પણ 'કુમાર'માં પ્રગટ થાય તે ઉત્તમ જ હોય એવી માન્યતાને પુષ્ટિ મળતી રહી. શ્રી રવિશંકર રાવળ પછી શ્રી બચુભાઈ રાવત તંત્રી તરીકે જોડાયા અને 'કુમાર'ને અભૂતપૂર્વ ભવ્યતા અર્પી, ગરિમાપૂર્ણ ઓળખ આપી. એ સર્વગ્રાહી, સમગ્રલક્ષી સામયિક બની રહ્યું. એના તંત્રી તરીકે શ્રી ધીરુભાઈ પરીખ અને વર્તમાન તંત્રી શ્રી પ્રફુલ રાવલનું પણ માતબર પ્રદાન રહ્યું છે. સ્વાભાવિક છે કે 'કુમાર'ના જૂના અંકોની સામગ્રી બધા પાસે ઉપલબ્ધ ન હોય, પરંતુ આ પ્રકારે ચયનિત સામગ્રી વિષયવાર ગોઠવણી સાથે નવાં રંગરૂપે આપણી સામે આવે છે એનો પણ અદકો આનંદ છે. આવી સામગ્રીને બે પૂંઠાં વચ્ચે લાવવાનું મહત્ત્વનું કાર્ય ઉત્તમ રીતે ભાઈ નિસર્ગ આહીરે કર્યું છે... તેઓ પણ એટલા જ અભિનંદનના અધિકારી છે.

કલાગુરુ રવિશંકર રાવળે કહ્યું હતું કે – "ગુજરાત મારી 'ગુણવંતી' ગુજરાત છે. ગુજરાતે મને કદી દુભવ્યો નથી. ગુજરાતે મને પૂરતાં માન-સન્માન આપ્યાં છે... તેમજ સહૃદયી મિત્રો અને જીવનમાં યશ અને પ્રતિષ્ઠા વધારનાર શ્રેષ્ઠ કલાકાર-વિદ્યાર્થીઓ પણ મને પ્રાપ્ત થયા છે... આજે ગરવી ગુજરાતે તેનું બિરુદ સાર્થક કરી બતાવ્યું છે. મારા હૃદયમાં મંત્ર રૂપે ગુજરાત જીવતું હતું. તે આજે સજીવ રૂપે પોતાના હૃદયમાં મને સમાવે છે. એથી બીજી જીવનની સાર્થકતા હું કલ્પી શકતો નથી."

એમ લાગે છે કે આ શબ્દોને અને આ ભાવનાને ફરી એક વાર ચરિતાર્થ કરવાનો અવસર ગુજરાતના આંગણે આવી ઊભો છે. 'કુમાર'ની શતાબ્દી ઊજવવાની જવાબદારી ફક્ત 'કુમાર ટ્રસ્ટ'ની જ નથી. આપણી દરેક સાહિત્યિક, શૈક્ષણિક અને સામાજિક જવાબદારીઓ અદા કરતી સંસ્થાઓની પણ છે. દરેક સંસ્થા વૈવિધ્યપૂર્ણ રીતે એક એક કાર્યક્રમ કરે તોપણ આખું વાતાવરણ 'કુમારમય' બની રહે. 'કુમાર'માં પ્રગટેલું સાહિત્ય અનેક દષ્ટિકોણથી સંપાદિત કરીને ફરીથી જીવતું કરી શકાય. ઉત્તમતાના ધોરણે વાર્તા, લઘુકથા, સૉનેટ, ગીતો, અભ્યાસલેખો, નિબંધો, ચરિત્રલેખો, માધુકરી, લલિતકલાઓને લગતા લેખો વગેરે વિષયે અનોખાં સંપાદનો થઈ જ શકે. બુધસભાના ઉપક્રમે બુધકવિઓનું બૃહદ્ સંમેલન કે બુધસત્ર પણ થઈ શકે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

## શ્વાસ પર તારા શ્વાસ | હરજીવન દાફડા

આયખામાં સુવાસ રાખ જરા,
તું મને આસપાસ રાખ જરા.

વાત બારાખડી પછીની કહું,
શ્વાસ પર તારા શ્વાસ રાખ જરા.

બેઉ જણની ન થાય બદનામી,
મુખ ઉપર તું લિબાસ રાખ જરા.

એક આંગળ છું દૂર તારાથી,
વેગવંતી તપાસ રાખ જરા.

ઓળખું કેમ હું તમસ વચ્ચે?
આજુબાજુ ઉજાસ રાખ જરા.

## મોંઘો અવસર | કિરીટ ગોસ્વામી

પ્રેમ આખર વિસ્તરી, આકાશ-ગંગામાં ગયો;
એક માણસ સાવ ડૂબી, દિલના દરિયામાં ગયો!

એ રીતે સંબંધ વણસ્યો આપણો કે થાય છે :
જાણી-જોઈ એક હીરો સાવ કચરામાં ગયો!

ના કશો ખખડાટ, ના ફફડાટ.. એવું કંઈ નહીં..,
હંસલો ઊડીને પાછો એમ માળામાં ગયો!

રહી-રહીને તેં જ પીડાના પહાડો કોતર્યા;
રહી-રહીને જીવ તારો કોઈ ઇચ્છામાં ગયો!

વાત આખી હાથમાંથી ગઈ પછી ખબર્યું પડી..,
મોંઘો અવસર તો વયો, 'હી-હી' ને 'હા-હા'માં ગયો!

## અકળાયા લાગો છો | ગૌરાંગ ઠાકર

આજે બદલાયા બદલાયા લાગો છો,
દુનિયાને ઠુકરાવી આવ્યા લાગો છો.

અમને શાને કટકે કટકે ભીંજવો રોજ?
લોન ઉપર ચોમાસું લાવ્યા લાગો છો.

શર્મ તમારી પાંપણ પર જઈ બેઠી છે,
દર્પણમાં જોતા પકડાયા લાગો છો.

અંધારાને દોડીદોડી ભેટ્યા કેમ?
પડછાયા પ્હેરી પસ્તાયા લાગો છો.

મીઠી નદીઓ સસ્તામાં વેચી મારી,
લીમડા પાછળ બહુ ખર્ચાયા લાગો છો.

ભીતરના દીવે સરનામે પ્હોંચ્યા હોત,
સૂરજને પૂછી અટવાયા લાગો છો.

ચાલો પાછા લોકોથી આઘા ચાલો,
પાસે જઈ જઈને અકળાયા લાગો છો.

## મુશ્કેલીઓ | જિતુ પુરોહિત 'ચંદ્રમૌલિ'

કંઈક મુશ્કેલીઓ પડવી જોઈએ,
જિંદગીને એમ ઘડવી જોઈએ.

સ્વસ્થ તનમન રાખવા માટે અહીં,
બે'ક ઔષધિઓ કડવી જોઈએ.

સાવ સીધી ચાલતી ગાડી અહીં,
ક્યાંક પાટેથીય ખડવી જોઈએ.

અન્યનાં દર્દો બધાં પામી શકે,
સમજણો એવીય જડવી જોઈએ.

વન તણી શોભાને કાયમ રાખવા,
વૃક્ષ પર વેલીઓ ચડવી જોઈએ.

આપણી અંગત બધી મુશ્કેલીઓ,
કોઈને ન ક્યાંય નડવી જોઈએ.

## થા ઊભો | યુસુફ મીર

હોય એ તો હાલ્યા કરે, થા ઊભો,
દુ:ખ તો આવ્યા કરે, થા ઊભો.

તારા લલાટે તો વિફળતા હો ભલે,
બીજા ભલે ફાવ્યા કરે, થા ઊભો.

રાત માથેથી વહી ગઈ ક્યારનીય,
તું હજુ સપનાં જુએ છે? થા ઊભો.

કારમા ઘા આપનારે છો દીધા,
ઘાવ પંપાળ્યા કરે છે? થા ઊભો.

ચહેરો તારો સાફ ચાડી ખાય છે,
આયનો શાને જુએ છે? થા ઊભો!

મીર હારણ થા નહિ તું ઝંઝાવાતથી,
કમર કસીને હવે તું થા ઊભો!

## ટેવ | અંજના ગોસ્વામી 'અંજુમ આનંદ'

યાદ સઘળું રાખવાની ટેવ બહુ સારી નથી,
બોજ મન પર નાખવાની ટેવ બહુ સારી નથી.

જે નદી બહુ હોંશથી દરિયાને મળવા જાય છે,
વહેણ એનું રોકવાની ટેવ બહુ સારી નથી.

બાળ છે નાનું જરા મસ્તીય એને કરવા દ્યો,
દસ નજરથી બાંધવાની ટેવ બહુ સારી નથી.

જે વિચારો છે નવા, અપનાવો તેને હોંશથી,
વારે વારે ટોકવાની ટેવ બહુ સારી નથી.

હોય જો હિમ્મત તો વટથી કરને એનો સામનો,
પીઠ પાછળ બોલવાની ટેવ બહુ સારી નથી.

## અંતરંગ વાતો | દિલીપ જોશી

ત્રણ ઘર છેટે છે તારું મકાન છતાં મળવાની મોસમ ગઈ કોરી કોરી,
ફેસબુક ઉપર તું છબછબિયાં કર ત્યારે કહેવાનું હોય હવે સૉરી...

આંખોથી આંખો પરાવીને મારે તો જીવતી કરવી છે કૈંક જીવતરની વાતો,
પહાડ ભલે આવીને ઊભો હો રસ્તામાં, તૂટ્યો છે ક્યાંય નદી-સાગરનો નાતો?
ઈ-મેઇલની આપલેમાં ક્યાં છે સંવેદના, કાં સાંજ મારાં સપનાંની લીધી ચોરી?...
ફેસબુક ઉપર તું છબછબિયાં કર ત્યારે કહેવાનું હોય હવે સૉરી...

તારોયે વાંક હશે મારોયે વાંક હશે, સામે સમાજ છે તો કરવાનું શું?
ઋજુ આંગળીઓના ઉઝરડા વચ્ચેથી શોધું સંબંધોનું મોરપિચ્છ હું!
પળમાં હું જાગવાનો જાદુ બતાવું, હવે થાક્યો છું જુદાયું વહોરી!...
ફેસબુક ઉપર તું છબછબિયાં કર ત્યારે કહેવાનું હોય હવે સૉરી...

## વર્ષાગીત | હરીશ શાહ

ધડબડાટી અફરાતફરી બારેમેઘ થયા છે ખાંગા, ચારેબાજુ પાણી પાણી,
દૂર દૂર બસ ગોરંભાતું આભ ગયું છે ફાટી, થઈ ગઈ નભની ગાગર કાણી!
લથબથ જાત પ્રમાણી?

ચકરાવો લ્યે છે વાદળ કાળાં ધૂમધડાકે વીજળી,
રસ્તા પર છે ભીંજાયેલાં યુવાન હૈયાં ટીખળી.
દોમદોમથી ધાર વછૂટે, ભીંજાતી મોસમને પથ પર તમે રહ્યા છો માણી?
દૂરદૂર બસ ગોરંભાયું આભ ગયું છે ફાટી... થઈ ગઈ નભની ગાગર કાણી!
લથબથ જાત પ્રમાણી?

આષાઢી આશા વરસી છે, વાદળ નીચે આવ્યાં,
આરપાર હો ભીના સૌ કોઈ મિજાજ મોસમ લાવ્યા.
રસ્તા દોડે વાહન પાછળ લઈને ખાડા, છાલક ઊડે, એ પણ સાવ ભીંજાણી
દૂરદૂર બસ ગોરંભાયું આભ ગયું છે ફાટી, થઈ ગઈ નભની ગાગર કાણી!
લથબથ જાત પ્રમાણી?

હરિયાળી ને વનમાળી હો એકમેકના પૂરક,
સાનભાન ખોયા જ્યાં હૈયે કોણ જુએ છે પંચક?
ચાલ હવે ભીંજાઈ જઈને એકમેકની સાંભળીએ બસ આતમવાણી!
દૂરદૂર બસ ગોરંભાયું આભ ગયું છે ફાટી... થઈ ગઈ નભની ગાગર કાણી!
લથબથ જાત પ્રમાણી?

ધડબડાટી અફરાતફરી બારેમેઘ થયા છે ખાંગા, ચારેબાજુ પાણી પાણી,
દૂરદૂર બસ ગોરંભાતું આભ ગયું છે ફાટી, થઈ ગઈ નભની ગાગર કાણી!
લથબથ જાત પ્રમાણી?

## ડાબેરી-જમણેરી | પ્રતાપસિંહ ડાભી 'હાકલ'

કોઈ મને પૂછે કે
તમે ડાબેરી કે જમણેરી?
આપણે ફટ દઈને કહીએ : ડાબેરી
હૃદય ડાબે પડખે આવેલું છે!
*
મા કહેતી : આંખ ફરફરે ત્યારે,
જમણી જમાડે ને ડાબી રડાવે!
આજે આ ઉક્તિને
ડાબેરી-જમણેરી ચોકઠામાં ફિટ કરવાની કોશિશ વ્યર્થ છે!
*
એમનું ચાલે તો
સ્ત્રી-પુરુષને ડાબેરી-જમણેરીના ચોકઠામાં
વિભાજિત કરી નાખે.
સ્ત્રીઓ ડાબેરી : પુરુષ જમણેરી.
પૂજામાં આમ તો બેસે છે!

## યાદ / રણછોડ વી. પરમાર

આમ તો હું તને બહુ યાદ કરતી નથી
દિવસમાં એકાદ વાર યાદ આવી જાય,
ખાસ તો
ચાંલ્લો ચોડતી હોઉં ત્યારે.

## રાખનો ઢગલો બની ગઈ! | નીતિન વડગામા

ફૂલની પાંખડી કળીઓ રાખનો ઢગલો બની ગઈ !
એ સુગંધી પાંખડીઓ રાખનો ઢગલો બની ગઈ!

આથમી ગઈ આજ રંગોળી અચાનક અધવચાળે,
સાવ કોમળ આંગળીઓ રાખનો ઢગલો બની ગઈ!

આંગણું આખુંય થાતું જીવતું જેના સૂરોથી,
ગુંજતી એ વાંસળીઓ રાખનો ઢગલો બની ગઈ!

જંગલો ભડકે બળ્યાં એની જ પીડામાં બધીયે
ઘાસની લીલી સળીઓ રાખનો ઢગલો બની ગઈ!

આજ એકાએક નોધારાં થયાં છે કૈંક ફળિયાં,
કૈંક ટેકણલાકડીઓ રાખનો ઢગલો બની ગઈ!

રાજની સાથે રખાવટથી સતત જે સોહતી એ,
પાણીયાળી પાઘડીઓ રાખનો ઢગલો બની ગઈ!

# સોયની અણી

વિનુ બામણિયા

કાવ્યાસ્વાદ

## સોયની અણી / વિનુ બામણિયા

**ફૂંકથી ચાલે તો ઇશારો ટાળ**
**ઈશારાથી વળે તો અક્ષર છોડ**
**અક્ષર સાધે તો શબ્દ રાખી મૂક**
**શબ્દ ચાલે તો વાક્ય જવા દે**
**વાક્ય કહે તો કથા મૂક**
**કથા ન બોલે તો મહાભારત કર**
**તો ભારત કર**
**તો જય કર**
**સોયની અણી સારુ સઘળું કર.**
**એમ પાંચ ગામ મળશે.**
**પાંચ પરગણાં મળશે.**
**સઘળું સોયની અણીમાં છે.**

**- કાનજી પટેલ**

'કાનજી પટેલ આપણા લોકજીવનને ધબકતું કરતા કવિ છે.' – ભારતી ર. દવે

'કાનજીની કવિતા અરૂઢ છે. શબ્દલીલાથી રચાતાં ગીત કે ગઝલ રૂઢ લાગે છે. પરિચિત લાગે છે. એથી તદ્દન ભિન્ન છે. કાનજી પટેલની ઇબારત અને ઇબાદત કાનજી કવિતા લખે, વાર્તા રચે કે લઘુનવલ – એની સામે પ્રત્યક્ષ લોકજીવન અને અપ્રત્યક્ષ સ્મૃતિસાહચર્યો છે.' – રઘુવીર ચૌધરી

ભરત મહેતા લખે છે કે : 'આ વિશ્વમાં ઘણા કવિઓ છે. પણ સારા દરેક કવિનું એક અલગ ભાવવિશ્વ હોય છે. આઠમા દાયકાના અંતથી સર્જન શરૂ કરનાર કાનજી ધ્રૂજ્યા વિના પોતાના નક્કર હસ્તાક્ષર માંડે છે.'

કાનજી પટેલનું નામ અજાણ્યું નથી. છેલ્લાં વીસ વરસથી કલેશ્વરીમાં લોકમેળો કરી કલા સાહિત્યને જીવંત રાખે છે. એમના કાવ્યસંગ્રહો ‘જનપદ’, ‘ડુંગરદેવ’, ‘ધરતીનાં વચન’ ગુજરાતી કવિતાને નવી દિશા આપે છે. ગુજરાત, ભારત અને વિશ્વમાં એમની કવિતા પહોંચી છે અને વિશ્વકક્ષાએ એમણે કવિતા વાંચી છે.

કવિતા અમસ્તી નથી લખાતી. ઘણુંબધું વલોવાય, વલોપાત થાય ત્યારે કવિતા લખાતી હોય છે. કાનજી પટેલ પણ આ વલોપાત અનુભવી ચૂક્યા છે. અને એવા વલોપાતમાંથી ઊતરી આવેલી આ કવિતા, ‘સોયની અણી.’

કવિતા આમ તો મહાભારત પર આધારિત છે પણ સાંપ્રતને તાકતી કવિતા છે... કૌરવ-પાંડવ વચ્ચે ભયાનક યુદ્ધ થવાનું છે અને એ યુદ્ધનું મૂળ કારણ પાંચ ગામની માંગણી પાંડવોના દૂત બની વાસુદેવ કૃષ્ણ કરે છે. છળકપટથી દુર્યોધન પાંડવોનું રાજપાટ પડાવી લે છે. પાંડવો અનેક દુઃખ સહન કરે છે. પાંડવોની કોઈ પણ માંગ દુર્યોધન સ્વીકારવા તૈયાર નથી. એક તસુ જમીન આપવા પણ એ રાજી નથી. છેવટે બધા પ્રયાસો નિષ્ફળ જતાં કૃષ્ણ દુર્યોધન પાસે પાંચ ગામ માંગે છે. ત્યારે દુર્યોધન ‘સોયની અણી જેટલી પણ જમીન નહીં આપું’ એમ કહી કૃષ્ણનું અપમાન કરે છે. જમીન જોઈતી હોય, રાજપાટ જોઈતું હોય તો પાંડવો યુદ્ધમાં જીતી એને મેળવે છે. છેવટે ભયાનક યુદ્ધ થાય છે. પાંડવો પોતાનું રાજપાટ પાછું મેળવે છે. પ્રસ્તુત કવિતાનો સંદર્ભ ભલે હજારો વર્ષ જૂનો હોય... આજે પણ એ સંદર્ભ એટલો જ પ્રસ્તુત છે. ખેતરના એક શેઢા માટે ભાઈ ભાઈ કપાઈ મરે છે. એકબીજાનાં માથાં વાઢે છે. હત્યાઓ કરી નાખે છે. ત્યારે કવિ કહે છે કે હક માટે લડી લેવું એ જ પરમ કર્તવ્ય છે. અને એ હક માટે લડતાં પહેલાં કૃષ્ણ જેમ અનેક પ્રયાસો કરવાની વાત કરે છે.

**ફૂંકથી ચાલે તો ઇશારો ટાળ...**
**વાક્ય ન કહે તો કથા મૂક.**

અહીં સમજાવટના અનેક સંકેતો, નુસખા, પ્રયત્નો વગેરે દ્વારા આગળ વધવાની વાત છે. આ બધું જ્યારે વ્યર્થ જાય, નિરર્થક નીવડે, કોઈ જ વિકલ્પ કે માર્ગ ન દેખાય ત્યારે એક જ રસ્તો છેઃ ‘યુદ્ધ એ જ કલ્યાણ’. મહાભારત કરવું, એટલે કે હક ન મળે ત્યાં સુધી લડી લેવા મહાભારત કર, ભારત કર, જય કર. જ્યાંથી સુધી હક ન મળે ત્યાં સુધી. મૂળ મહાભારત પહેલાં જય કહેવાતું, પછી ભારત કહેવાયું અને પછી મહાભારત કહેવાયું. અહીં એ ક્રમને ઊલટો મૂકી કવિએ કવિતાને ઊંચાઈ બક્ષી છે.

હક અને અધિકાર માટે જે પણ કરવું પડે તે કરવું, જે અનિવાર્ય હોય તે કરવું પણ ન્યાયપૂર્વક કરવું. સોયની અણી માટે સઘળું કરવા કવિ આહ્‌વાન કરે છે. અને એમ કરશે તો જ પાંચ ગામ, પાંચ પરગણાં મળશે કેમ કે સઘળું સોયની અણીમાં છે.

**એમ પાંચ ગામ મળશે**
**પાંચ પરગણાં મળશે**
**સઘળું સોયની અણીમાં છે.**

સીધેસીધું આ જગતમાં કંઈ કશું મળતું નથી. પરિશ્રમ અને મહેનત કરીને મેળવેલું સુખ પણ કેટલાંક તત્ત્વો છીનવી લે છે. આજે પણ જળ અને જમીનના પ્રશ્નો ભયાવહ છે... પછી એ શહેરના હોય કે ગામડાના હોય. નીતિમત્તા અને સંસ્કૃતિ હણાઈ ગઈ છે. છળકપટ વધી રહ્યું છે. અમીર અમીર બનતો જાય છે. ગરીબ ગરીબ બનતો જાય છે. બીજાના હકનું પચાવી પાડવાની વૃત્તિ સહજ બની ગઈ છે. હરામનું ખાઈને લોકો શાંતિથી સૂઈ જાય છે. ગરીબ અને વંચિત લોકોનો કોઈ તારણહાર નથી. એમનો જઠરાગ્નિ પણ ઉદ્દીપ્ત થતો નથી. થશે તો શી વલે થશે? પ્રામાણિક અને ઈમાનદાર વર્ગને પણ શોષાવું પડે છે. બધું ઊથલપાથલ થઈ ગયું છે. લાખોનું કરી નાખનારા સાહ્યબી વગેરે ભોગવે છે. ગરીબને તો એક ટાણું ખાવા પણ નથી મળતું ત્યારે પોતાના હક અને અધિકાર માટે ધર્મરાજ યુધિષ્ઠિર જેમ મહાભારત કરવું પડે એમ હોય તો અવશ્ય કરવું એમાં જ જગતનું હિત રહેલું છે.

■

## દરિયો સુકાઈ જતો હોય છે / પ્રફુલ્લ પંડ્યા

દરિયો સુકાઈ જતો જોવો મુશ્કેલ છે
પણ દરિયો સુકાઈ જતો હોય છે...

લીલાછમ્મ માણસમાં રણ લાવી મૂકો તો
એ પણ સુકાઈ જતો હોય છે...

રણનો અવાજ જેમ પાણીને ઝંખે
એમ મારું તનેય રોજ ઝંખવું...

સુકાતાં જાવાના દિવસોમાં થાય મને
રેતીનું ધોધમાર ડંખવું

ધોધમાર ઊભું થઈ જાવાની જીદમાં
સળિયા ભોંકાઈ જતો હોય છે...

સળિયો ભોંકાય અને અંદરતી ચીસ પડે,
એવા આકાર જોઈ હસતો

જિંદગીનું આવું અલાયદું સ્વરૂપ જોઈ
મારામાંથીયે હું તો ખસતો

ખસતો હું જાઉં અને રસ્તો કપાય
અને અવતાર સુકાઈ જતો હોય છે...

# શાયરની ઇજ્જત

પ્રવીણ ગઢવી

'શાહનામા'ના સાઠ હજાર બેત પૂરા થયા ત્યારે શાયર ફિરદૌસીની રગરગમાં ખુશી વ્યાપી ગઈ. માથેથી જાણે પહાડ ઊતરી ગયો હોય એવું લાગ્યું. છેલ્લાં પાંચ વર્ષથી રાતદિવસ ઉજાગરા કરી કંઈ કેટલીય શમા બાળી ત્યારે સુલતાન મહમૂદ સુધીના ફારસી બાદશાહોના જિંદગીનામાનું કામ પૂરું થયું હતું. ફિરદૌસીએ હાથ ઊંચા કરી અલ્લાહનો શુક્રગુજાર કર્યો, 'સુબહાન અલ્લા!'

'શાહનામા' પૂર્ણ થયાની ખુશીમાં ફિરદૌસીએ પોતાની હવેલીમાં શામ-એ-મહેફિલ માટે હમ-પ્યાલા શાયરો ઉત્સુરી અને ફર્મુખી, ગેબના ઈલ્મી અલ બીરૂની, તવારીખ ઈલ્મી અલ ઉત્બી તથા ફિલસૂફ ઈબ્ન સિનાને દાવત માટે બોલાવ્યા હતા.

શમાઓ ઝળહળી રહી હતી. તુર્કી સાકીએ મીનામાંથી સંગેમરમરના પયમાના ભરી સૌના હાથમાં પકડાવ્યા.

'મુબારક હો શહેનશાહે શાયર ફિરદૌસી!' સૌએ હળવેથી પયમાના ટકરાવ્યા અને લૂંટ લીધા.

'વાહ! શરાબ બહોત ઊંચી હે જનાબ!' પહેલા ઘૂંટથી દોસ્તોની રંગોમાં મૌજ પ્રસરી ગઈ.

'સુલતાનના બગીચાની અંગૂરથી બનાવેલો શરાબ છે, જનાબ!' ફિરદૌસી હસી પડ્યા.

'સુબહાન અલ્લાહ! સાઠ હજાર બેત લખીને આપે જોરદાર કામ કર્યું હોં!'

દોસ્તો વાતે વળગ્યા, 'અને એય ગઝના નદીના વહેતા બહાવ જેવા...'

'સુલતાન મહમૂદે તો આપના પહેલા એક હજાર બેત પર આફરીન થઈને એક હજાર દિનાર (સોનામહોર) આપને બક્ષિસ કરી હતી.' ઉન્સુરીએ વાતની શરૂઆત કરી.

'ઇંશાહ અલ્લાહ! સાઠ હજાર બેત પર સાઠ હજાર દિનાર તો નક્કી હોં કે ફિરદૌસી!' અલ ઉત્બીએ ઉમેર્યું.

'જનાબ, સુલતાનો, બાદશાહોના દિમાગનો ભરોસો કરવો નહિ!' ઈબ્ન સિનાએ હસતાં હસતાં કટાક્ષ કર્યો.

'એટલે જ તો આપ સુલતાનથી દો ગજ દૂરી રાખો છો ને?'

'હા, દો ગજ નહિ, દો કોસ દૂરી રાખું છું.' સૌ ખડખડાટ હસી પડ્યા.

'પરંતુ જનાબ ઉન્સુરીને તો એક કસીદા માટે ચૌદ હજાર દિનાર ભેટ આપ્યા હતા સુલતાન મહમૂદે!' ફર્રુખી બોલ્યા.

'તો આપ પણ કસીદા જ લખો ને, ગઝલમાં શું બળ્યું છે?' અલ બીરૂનીએ હસીને કહ્યું.

'ગઝલ દિલથી લખાય, કસીદા દિમાગથી.' ફર્રુખીએ જવાબ આપ્યો.

'તો કુછ સુનાઓ.' અલ ઉત્બીએ કહ્યું.

'સુનો, મત્લા અર્જ હૈ.' ફર્રુખીએ ગળું ખંખાર્યું.

'ઇર્શાદ.' સૌએ પયમાના ઊંચા કર્યા.

**'બુઝા સકા હૈ ભલા કૌન વક્ત કે શોલે,**
**યે ઐસી આગ હૈ જિસમેં ધુંઆ નહિ મિલતા'**

'વાહ! વાહ! ક્યા ખૂબ કહા!' સૌએ ઘટઘટ શરાબ પી પયમાના ખાલી કર્યા.

'લા પિલા દે સાકિયા પયમાના, પયમાના કે બાદ...' ફર્રુખીને જાણે ગઝલ અને શરાબનો બેવડો નશો ચઢ્યો!

સાકીએ ફરી પયમાંના છલકાવ્યા.

'ચારસો શાયર સિતારાઓની જેમ સુલતાન મહમૂદની આસપાસ ફરે છે, બરાબર છે, અલ બીરૂની?' ફિરદૌસીએ પૂછ્યું.

'હિન્દોસ્તાંમાં એક સિતારોંના ઈલ્મી આર્ય ભટ્ટ થઈ ગયા. એમની કિતાબ 'આર્ય સિદ્ધાંત'માં લખ્યું છે કે જમીનની આસપાસ સૂરજ, ચાંદ, સિતારા ફરતા નથી, પરંતુ જમીન પશ્ચિમથી પૂરબ ફરે છે!'

'અફલાતૂન! એવું કદી બને! કોઈ નબીએ એવું કહ્યું નથી!'

'અરે જનાબ, હિન્દોસ્તાંના ફિલસૂફો ચાર્વાક, મહાવીર, બુદ્ધે તો કહ્યું છે કે અલ્લાહ છે જ નહિ!' ઈબ્ન સિનાએ કહ્યું.

'તોબા! તોબા! અલ્લાહ માફ કરે. અલ્લાહ વગર આ ખલ્ક કોણે બનાવ્યું?' અલ ઉત્બીને આશ્ચર્ય થયું.

મેં એક શેર લખ્યો છે સુલતાન માટે.' ઉન્સુરી બોલ્યા.

'ઇર્શાદ!'

'મત્લા અર્જ હૈ...'

**'દુશ્મનોં કા અફતાબ હૈ તૂ**
**લેકિન શાયરોં કા મહતાબ હૈ તૂ!'**

'વાહ! વાહ! દરબારમાં રજૂ કરજો, ઉન્સુરી! સુલતાન મોતીઓથી આપનું મોં ભરી દેશે!'

'એ બહાને સુલતાન આપના ગાલ ફાડી ન નાંખે હોં કે!' ઈબ્ન સિનાએ મજાક કરી.

'સુલતાન મહમૂદને કસીદા બહુ પ્યારા છે. હિન્દોસ્તાંના એક હારેલા ચંદેલ રાજપૂત રાજા વિદ્યાધરે કસીદો મોકલ્યો કે, 'સારે જહાં કા તૂ આફતાબ!' તો સુલતાને પંદર કિલ્લા તોહફામાં આપી દીધા, બોલો!' અલ બીરૂની હિન્દુસ્તાનમાં હુમલો કરવા જતા સુલતાનની સાથે કાયમ જતા.

'આપ તો સુલતાન સાથે સોમનાથ પણ ગયા હતા, નહિ?' વાતનો વિષય અલ ઉત્બીએ બદલ્યો.

'હા, પેશાવર, મુલતાન, નગરકોટ, કનોજ, મથુરા, કાલિંજર એમ બધે સાથે ગયો છું. મથુરાનાં ખૂબસૂરત બુતખાનાં તોડતાં તો સુલતાન પણ દિલથી હચમચી ગયા હતા. મને પણ બહુ અફસોસ થયેલો, પણ આપણો મજહબ બુતશિકન છે, શું થાય?'

સોમનાથ શિવાલાને નહરવાલાનો રાજા ભીમદેવ દશ હજાર ગામોનું મહેસૂલ આપતો હતો, નહિ?' ફિરદૌસીએ પૂછ્યું.

'હા, અને ત્રણસો તો તવાઇફો ત્યાં નાચગાન કરતી હતી! હજાર પૂજારી અને ત્રણસો હજામ હતા. હિન્દુ લોગ ગંગાજળને બહુ પાક માને છે, તેથી ત્રણસો કોસ દૂર કાશીથી રોજ કાવડ આવતી અને મહાદેવના લિંગનો જળાભિષેક થતો!'

'તો ત્યાંના લશ્કરે સામનો કર્યો હતો કે નહિ?' સૌ જાણવા ઉત્સુક હતા.

'આપણા સુલતાન પચાસ હજાર ઘોડેસવાર, ત્રીસ હજાર ગાઝી અને ત્રીસ હજાર ઊંટ પર અનાજપાણી લાદીને નીકળ્યા હતા. દરિયા જેવું વિશાળ લશ્કર જોઈને જ નહરવાલાનો રાજા તો લોકોને બેસહારા મૂકી નાસી ગયો હતો. પણ રસ્તે આવતા મોઢેરામાં બહાદુર લોકોએ, સિપાહીઓએ જે હાથ લાગ્યાં તે હથિયાર લઈ સામનો તો કર્યો, પરંતુ વીસ હજાર કપાઈ મૂઆ!'

'અરર...' સૌ એકસાથે બોલી ઊઠ્યા.

'અને સોમનાથમાં?' ફિરદૌસીએ પૂછ્યું.

'ત્યાંના લોકો એવું માનતા હતા કે આપણા સુલતાને એમના ભગવાનોની મૂર્તિઓ તોડી અપરાધ કર્યો છે, એટલે ખુદ મહાદેવે એનો નાશ કરવા બોલાવ્યો છે, લલચાવ્યો

છે.'

આ સાંભળી સૌ હસી પડ્યા. 'કેવા ભોળો લોકો!'

'એ લોકો વળી એવુંય માનતા હતા કે મહાદેવને કોઈ લૂંટી શકે જ નહિ. મહાદેવ તીસરી આંખ ખોલશે અને સબ રાખ હો જાયેગા!' અલ બીરૂનીએ ઘૂંટ લઈ જામ પૂરો કર્યો.

ફિરદૌસીએ તાળી બજાવી સાકીને બોલાવ્યો.

'ફિર તીસરી આંખ ખૂલી?' ફર્રુખીએ પૂછ્યું.

'હા, પરંતુ આપણા સુલતાન મહમૂદની!'

આ સાંભળી સૌ હસી પડ્યા.

સોરઠના જૂનાગઢનો સામંત રા'માંડલિક બહાદુર હતો. તે શિવાલાના રક્ષણ માટે તેના પચાસ હજાર સિપાહીઓ સાથે શિવાલા ફરતેના કિલ્લામાં સાબદો બેઠો હતો. શિવભક્તો પણ અંદર હતા. તેઓ વારે વારે હર હર મહાદેવ, ઓમ નમો શિવાય એવા ઘોષ કરતા હતા. ઘંટ અને શંખના નાદ સતત થતા હતા.

'પચાસ હજાર હિન્દુ લોકો ઇબાદત માટે શિવાલામાં ભરાયા હતા અને જાપ જપતા હતા, ઘંટ વગાડતા હતા. એમના અમીર-ઉમરાવ, સૌદાગરો તો જહાજમાં બેસી ખંભાત ભાગી ગયા હતા. આપણા સિપાહીઓ સીઢીઓ ગોઠવી કિલ્લા પર ચઢી ગયા પછી અંદરના સૈનિકો અને લોકો બરછી-શમશેરથી લડ્યા, પણ કત્લ થઈ ગયા!'

'અહોહો! અરેરે! આખરે એ હિન્દુઓ ઇન્સાન તો હતા જ ને!' ઉન્સુરીનું દિલ પોકારી ઊઠ્યું.

'સુલતાને હથોડો લઈ જાતે શિવાલાનું લિંગ તોડ્યું, તો એમાંથી અઢળક હીરા, માણેક, મોતી નીકળ્યાં!' અલ બીરૂનીએ ઘૂંટ લીધો. 'ત્યાંથી સુલતાનને કેટલી લૂંટ મળી?' અલ ઉત્બીએ પૂછ્યું.

'ત્રણસો મણ સોનું, બે કરોડ સોનામહોર અને જવાહરાત તો અલગ!' 'ઇંશા અલ્લાહ, સુલતાને ત્યાંનું અઢળક ધન વાપરીને ગઝનીને પરિસ્તાન જેવી સજાવી છે!' ફિરદૌસી બે હાથ ઊંચા કરી બોલ્યા. 'માશાલ્લાહ!'

'સુલતાને જનાબ બીરૂનીના કહેવાથી કિતાબ ખાના અને અજાયબ ખાના ભી બનાયા હૈ.' ઉન્સુરીએ બીરૂનીના ખભે હાથ થપથપાવ્યો.

'જામા મસ્જિદ ભી દેખો ને કિતની આલીશાન બનાઈ! માશાલ્લાહ!'

'સુલતાનને અલ્લાહ લંબી ઉમ્ર બક્ષે, તેમના પર અલ્લાહની રહેમત રહે!' સૌ એકસાથે બોલ્યા.

સાકી તશ્કરીમાં મુર્ગની ટાંગ લઈને આવ્યો.

'સુલતાને પેશાવર, મુલતાન, મથુરા, કનોજ અને કંઈ કેટલાંય શિવાલા તોડ્યાં. એ કહે છે, કયામતના દિવસે અલ્લાહ એમને પહેલા ઉઠાડીને બોસા લેશે! ક્યાં છે મારો મહમૂદ, જેણે સૌથી વધારે બૂત તોડ્યાં!

'ફર્રુખી, આપે તો કસીદો પણ લખ્યો છે ને?' અલ બીરૂનીએ કહ્યું.

'ભાઈજાન, આમાં તો મજહબનું નામ અને લૂંટનું કામ! સુલતાનોને લૂંટ સિવાય કોઈ મજહબ હોતો નથી. મજહબના નામે સુલતાન બિન-પગારી ગાઝીઓ ભેગા કરે છે, હિન્દુઓની કત્લ કરાવે છે, તો હિન્દુ લશ્કર સાલાર એ હિન્દોસ્તાનના સિપાહ સાલાર તિલક પાસે સિસ્તાનના મુસ્લિમ બિરાદરોની કત્લ પણ કરાવે છે!' ઈબ્ન સિનાથી ન રહેવાયું.

'તૌબા, તૌબા, જનાબ! દીવાલોને પણ કાન હોય છે!' ફિરદૌસી ગભરાયા.

'યે ઠીક હૈ કિ આપ સુલતાનથી દૂર જ રહો છો!' અલ બીરૂનીએ હસતાં હસતાં કહ્યું.

'આ સુલતાનો, બાદશાહોને શિવાલા કે મસ્જિદમાં કંઈ ફેર હોતો નથી. સુલતાને મુલતાનમાં ઇસ્માઈલીઓની મસ્જિદ પણ તોડી હતી ને?' અલ ઉત્બીએ ઉમેર્યું.

'ફિરદૌસી, આપે તો સુલતાન સાથે પણ શરાબ પીધી છે, નહિ?'

ફિરદૌસીએ મુર્ગની ટાંગ ઉઠાવતાં કહ્યું, 'સુલતાન બહુ શરાબ પીતા. એક વાર તો મને કહે, હું શરાબ ખુશી માટે નહિ, ગમમાં પીઉં છું. મેં પૂછ્યું, ગમ શાનો સુલતાન? તો કહે, 'એક બાંદીની હસીન લડકી નુસરત બહુ ગમી છે, દિલમાં વસી ગઈ છે. પણ સલ્તનતની આબરૂ જવાની બીકે શાદી કરી શકતો નથી!' ફિરદૌસીને નશાની અસર થઈ હતી.

'વાહ! વાહ! ભઈ બબ્બરશેરને કોણ કહે તારું મોં ગંધાય? સુલતાનને વળી કોણ રોકે?' ઉન્સુરી બોલ્યા.

'બરાબર, મેં કહ્યું જેમ સોનાને કાટ ન લાગે એમ સુલતાનને પણ દાગ લાગતો નથી.'

'પછી?'

'સુલતાન માન્યા અને નુસરતને હરમમાં લીધી!' ફિરદૌસીએ વાતનું પૂર્ણવિરામ મૂક્યું.

'સુલતાનના પુરખા તુર્કગુલામ જ હતા ને?' ઉત્બીએ ઇતિહાસ ઉખેળ્યો.

'માલિક, દસ્તર ખાન પર ખાના પરોસ દિયા હૈ.' સાકીએ આદાબ કરતાં કહ્યું.

સૌ બિસ્મિલ્લાહ બોલી જમવા ઊઠ્યા.

આખરે એક દિવસ સુલતાન મહમૂદ ગઝનીએ દીવાને આમમાં શાનદાર દરબાર

યોજ્યો. વઝીર અનીસ, સિપાહસાલાર દિલાવરખાન, તિલક વગેરે સુલતાનની ગાદીની પડખે ઊભા હતા. અમીર-ઉમરાવ કતારબદ્ધ ગોઠવાઈ ગયા હતા.

'સુલતાન મહમૂદ તશરીફ લા રહે હૈં!' ચોબદારે છડી પોકારી.

સૌ ખબરદાર થયા, ત્યાં સુલતાન એમના શાહજાદાઓ મહમૂદ અને મસૂદ સાથે પધાર્યા.

'સુલતાન સલામત રહો! સુલતાન પર અલ્લાતાલાની રહેમ રહો!' એવા પોકાર ઊઠ્યા. સૌએ કુર્નિશ બજાવી.

સુલતાનનો ચહેરો કંદહારની જમીન જેવો જ શીળાનાં ચાઠાં ભરેલો ઉબડખાબડ હતો. દાઢીમાં સફેદ ખૂંપરા આવી ગયા હતા. માથે ટોપી ઉપર કાળી પાઘ પહેરી હતી, છોગું ફરફરી રહ્યું હતું. સોમનાથ પરના હુમલાનો થાક શરીર પર વર્તાતો હતો.

'વઝીર, સૌથી પહેલાં શાયર ફિરદૌસીનું બહુમાન થાય.' મહમૂદે હુકમ કર્યો.

'હુજૂર, શાયર ફિરદૌસી દરબારમાં હાજર છે.'

સુલતાન ઊભા થયા. ચાકરો મલમલથી ઢાંકેલી મોટી તશ્કરી લઈ આવ્યા.

'આઈએ, તશરીફ લાઈએ શાયર ફિરદૌસી.' સુલતાને શાયરને બોલાવ્યા.

ફિરદૌસી બેઉ હાથમાં મલમલમાં વીંટેલો ગ્રંથ 'શાહનામા' લઈને ધીમે પગલે આગળ આવ્યા, કુર્નિશ બજાવી.

'હુજૂર, આપને બગદાદના ખલીફાએ ખુરાસાન, હિન્દોસ્તાન, સિસ્તાન અને જ્વારાઝમના બાદશાહ જાહેર કર્યા છે. આપનો સૂરજ દર્યાએ કશ્યપ, અરલ અરબી અને ગંગા પર ઝળહળે છે. મારા વ્હાલા સુલતાન, કયો સુલતાન શાયરોનો આપના જેટલો આદર આપે છે? કયો સુલતાન શાયરો પાછળ સાલમાં ચાર લાખ દિનાર બક્ષિસ કરે છે? મારો આ ગ્રંથ 'શાહનામા' આપને અજર અમર કરી દેશે, હુજૂર. કિલ્લા-મહેલો તો પડી જશે, પરંતુ આપની શોહરત-ઇજ્જતનો આ કિલ્લો 'શાહનામા' કદી પડી જશે નહિ.' બોલતાં બોલતાં ફિરદૌસીને ડૂમો ભરાયો.

સુલતાન મહેમૂદે પોતે 'શાહનામા' પરથી મલમલ હઠાવ્યું. 'ઓહોહો! ઇતની બડી કિતાબ?'

'હુજૂર, સાઠ હજાર બેત મેં લખ્યા છે. ફારસના બધા બાદશાહો સાથે આપનાં સોમનાથધ્વંસ સુધીનાં બધાં સાહસોને મેં વણી લીધાં છે.' બોલતાં બોલતાં ફિરદૌસી ગળગળા થઈ ગયા.

સુલતાને 'શાહનામા' હાથમાં લીધો, ચૂમ્યો, ભાલે અડાડ્યો અને પછી વઝીરને આપ્યો.

'વાહ શાયર! આપે મને તવારીખમાં અમર કરી દીધો!'

'સુલતાન સલામત રહો!'

'સુલતાન પર અલ્લાહતાલાની રહેમ રહો!'

'સુલતાન ઝિંદાબાદ!'

દરબારમાં પોકાર ઊઠ્યા.

સુલતાને ફિરદૌસીને પશ્મીના શાલ ઓઢાડી અને તાશકમાંથી મલમલની કોથળી ફિરદૌસીના હાથમાં આપી. તરત જ નોબત-તુરાઈ બજી ઊઠ્યાં.

'વઝીર, ઉન્સઠ હજાર દિરહમ (ચાંદીના સિક્કા) તૈયાર રાખ્યા છે ને?'

'જી, હુજૂર.'

'બકસા ગુલામો સાથે મોકલી દેજો.'

ફિરદૌસી તો દિરહમ સાંભળી આંચકો ખાઈ ગયા. સુલતાને એક હજાર બેતના એક હજાર દિનાર (સોનાના સિક્કા) આપ્યા હતા અને હવે ઉન્સઠ હજાર ચાંદીના સિક્કા? ફિરદૌસીના ચહેરા પરથી નૂર ઊડી ગયું. 'શુક્રિયા સુલતાન' બોલી પાછા વળ્યા ત્યારે જાણે પગમાં મણીકાં બાંધ્યાં હોય તેવું લાગ્યું.

અલ બીરૂની, અલ ઉત્ખી, ઉન્સુરી, ફર્રુખી અને અન્ય શાયરો, ઈલ્મીઓ એમને વીંટળાઈ વળ્યા અને તુલિપનાં ફૂલોનો વરસાદ વરસાવ્યો. ફિરદૌસીએ માંડ માંડ આંસુ રોક્યાં. એ ખુશીનાં, ગમનાં કે બેઇજ્જતીનાં હતાં, તેની કોઈને ખબર ન પડી.

* * *

ફિરદૌસીને આખી રાત ઊંઘ ન આવી. પડખાં ફેરવતા રહ્યા. 'આ તે કેવો સુલતાન? પહેલા એક હજાર બેતના એક હજાર સોનામહોર અને ઉન્સઠ હજાર બેતના ઉન્સઠ હજાર ચાંદીના સિક્કા?' ફિરદૌસીને સમજાતું નહોતું. 'ભલે સુલતાન થયો પણ મૂળે છે તો લોંડીજાદો ને? એના અબ્બા સબુક્તગીને તો મલિકાથી થયેલા ઇસ્માઈલને ગાદી સોંપી હતી, પરંતુ મહમૂદે પડાવી લીધી અને સુલતાન બની બેઠો. સુલતાન ક્યાંનો? બાંદીજાદો....હરામી...' ફિરદૌસીને ગુસ્સો આવતો હતો. 'હું એ લાલચીના દિરહામ રાખવાનો નથી. હું કંઈ ભિખારી નથી, પાછા મોકલી દઈશ.' ફિરદૌસીને ઊંઘ ન આવી. પડખે પડેલી સુરાહીમાંથી એક પયમાનો ભર્યો અને ઘૂંટ લીધો. 'હું એ લાલચીની બેઇજ્જતી કરતો કસીદો લખીને એના બદનુમા લ્હેરા પર ફેંકીશ.' ફિરદૌસીનો ગુસ્સો તેલની જેમ ઊકળ્યા કરતો હતો. આખરે પાછલી રાતે માંડ ઝોકું આવ્યું.

* * *

બીજા જ દિવસે ફિરદૌસી કાગળ-કલમ લઈ બેસી ગયા અને સુલતાન મહમૂદ પર કટાક્ષબાણ છોડતા ચાલીસ બેતનો કસીદો લખી નાખ્યો.

**'બાંદીજાદા હૈ તૂ ઓ હરામજાદા,**
**કૈસે હોગા તેરા દિલ સુલતાની?**

પછી 'એક સચ્ચા શાહનામા' એવું શીર્ષક આપી મલમલમાં વીંટી ચાકરને આપી સાથે સુલતાને આપેલી દિરહામની સંદૂક આપી સુલતાનના મહેલે મોકલ્યો.

'અબ્બા, આ શું કર્યું? સુલતાન સર કલમ કરી દેશે!' બેટી અસ્મા ગભરાઈ.

'એના રાજમાં મારે રહેવું જ નથી. તું ઊંટ પર ઘરવખરી મુકાવ.' હવેલીને તાળું મારી બાપ-બેટી એક ઊંટ પર બેઠાં. બીજું ઊંટ પાછળ બાંધ્યું અને એમ ઘરનો અસબાબ લઈ ઊંટોને ખુરાસનના શહેર તુસ ભણી હંકારી મૂક્યાં.

* * *

ફિરદૌસીના તીખા મિરચ જેવા બેત વાંચતાં જ સુલતાન મહમૂદ કાળઝાળ થઈ ગયો. ફિરદૌસીને પકડી લાવવા કોતવાલને હુકમ કર્યો. 'હુજૂર, વો તો ભાગ ગયા હૈ.' કોતવાલે કુર્નિશ બજાવી કહ્યું. 'તો એની હવેલી જપ્ત કરો.'

શાયરો બધા સ્તબ્ધ થઈ ગયા, પરંતુ સુલતાનના ગુસ્સાને થોડા દિવસ ઠંડો થવા દીધો. પછી ફર્નુખી અને ઉન્સુરી સુલતાન પાસે ડરતા ડરતા ગયા. ફિરદૌસી વતી ઘૂંટણે પડી માફી માગી અને સુલતાનને મનાવવા લાગ્યા. 'આપ તો શાયરોના વાલિદ છો, વાલી છો. છોરું કછોરું થાય, પરંતુ માવતર કમાવતર ન થાય, હુજૂર સુલતાન!!

'વો તો ઠીક હૈ, પરંતુ એ બદમાશ શાયર મને શાયરીમાં ગાળો દઈને ભાગી ગયો.'

'હુજૂર, ગુસ્સો ઇન્સાનને બેભાન બનાવે છે.' બંનેએ હાથ જોડ્યા, પાઘ ઉતારી.

'મને લાલચી, કંજૂસ, બાંદીજાદો કહ્યો. લાલચી, કંજૂસ હું નહિ, તે હતો. મને એમ લાગ્યું કે વધુ સોનામહોર લેવા માટે જ એણે સાઠ હજાર બેત ઘસડી માર્યા હશે.'

બંને શાયર હસી પડ્યા.

'મુઆફ કરો હુજૂર, શાયર પણ આખિર તો ઇન્સાન છે ને? સોનાની લાલચ બાદશાહો-સુલતાનોને હોય છે, તો શાયરને પણ હોય ને?' ઉન્સુરી બોલ્યા. ફર્રુખીને થયું, ઉન્સુરીએ બાફી માર્યું.

સુલતાન મહમૂદ હસી પડ્યા.

'ઠીક છે. જાઓ મુઆફ કિયા. હું શાહજાદા મહમૂદને એના દિનાર લઈ મોકલું છું. આપ પણ એની સાથે તુસ જાઓ અને માફી માંગી આપી આવો.'

'શાયરોના રહમાન છો સુલતાન હુજૂર આપ!' કહી બંને શાયરોએ આદાબ અર્જ કર્યા, કુર્નિશ બજાવી.

* * *

બંને શાયરો અને શાહજાદો મહમૂદ ઊંટો પર ખુરાસનના શહેર તુસ પહોંચ્યા.

પૂછતાછ કરતાં 'ગઝનીસે ભાગકર આયા હૈ વો શાયર?' એમ કહી લોકોએ ફિરદૌસીની ગલી બતાવી.

ત્યાં પહોંચ્યા ત્યારે જોયું તો ગલીના લોકો ટોળે વળ્યા હતા. પૂછતાં ખબર પડી કે શાયર ફિરદૌસી તો ગઈ રાતે જ દિલનો દોરો પડવાથી જન્નતનશીન થઈ ગયા છે.

બંને શાયર ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. 'લા ઈલા ઈલ્લીલા, રહેમાને રસૂલ લીલ્લીલાહ...... ખુદા પાસેથી આવ્યા અને ખુદા પાસે જવાનું', કુરાને શરીફની આયાત મનમાં બોલ્યા અને દુઆ માગી.

શાહજાદા મહમૂદ અને બંને શાયરોએ નમાજ-એ-જનાજા પઢી. પછી કાંધ આપી અને કબરમાં માટી વાળી.

ચોધાર આંસુએ રડતી અસ્માને ઉન્સુરીએ સાંત્વના આપી. પછી કહ્યું, 'બેટા, સુલતાન મહમૂદે આ ઉન્સઠ હજાર દિનાર શાયરના શાહનામા માટે બક્ષિસ કર્યા છે.'

'જીવતાં મારા અબ્બાની બેઇજ્જતી કરી અને દિરહામ આપ્યા? હવે તે જન્નતનશીન થયા. હવે શું?' અસ્માએ આંસુ લૂછતાં કહ્યું.

'સુલતાનને અફસોસ થયો, એટલે શાહજાદાને મોકલ્યા.' ફર્રુખીએ દિનાર ભરેલી સંદૂક ઊંટ પરથી ઉતરાવી.

'મને માફ કરો. જીવતાં ઇજ્જત ન કરી, હવે બધું નકામું. શાયરની પણ એક ઇજ્જત હોય છે, શાન હોય છે. મારા અબ્બાની ઇજ્જતને હવે હું દાગ નહિ લાગવા દઉં. પાછા લઈ જાઓ આ દિનાર...'

અસ્મા મોં ફેરવી એકદમ ઊભી થઈ ગઈ અને અંદરના કમરામાં જતી રહી.

■

## સાહિત્યકારોને વિનંતી

અગાઉ જે સાહિત્યકારોએ 'પરબ' માટે જે કંઈ સાહિત્ય ઇમેલથી મોકલ્યું હશે તેઓને ટૂંકક સમયમાં જ ઇમેલથી સ્વીકૃતિ-અસ્વીકૃતિનો પ્રત્યુત્તર મળી જાય એવી વ્યવસ્થા ગોઠવી છે. બને ત્યાં સુધી આપ જે કોઈ કૃતિઓ મોકલો તે ઇ-મેલથી જ અને વર્ડફાઇલ, યુનિકોડ ફોન્ટમાં જ મોકલો એવી વિનંતી. આ ઉપરાંત ટપાલ કે કુરિયર દ્વારા મળેલી કૃતિઓનો જવાબ પણ રાબેતા મુજબ આપવામાં આવશે. આપનું સરનામું, ઇમેલ તથા મોબાઇલ નંબર અવશ્ય લખવા વિનંતી.

# અગોચરા

રાધિકા પટેલ

હું મૂળે તો વાર્તાકાર. વાર્તા લખનારો. ના, એટલે લખનારો નહિ, બલ્કે વાર્તા બનાવનારો. વાર્તા ઊભી કરનારો. અહીંથી, ત્યાંથી, પણેથી.. ટૂંકમાં ગમે ત્યાંથી શોધી લઉં. જંગલોમાંથી, રણમાંથી, શહેરોમાંથી, ખેતરોમાંથી ...કે પછી જ્યાં ક્યાંય કશું જ હોય જ નહિ એવી ખાલી...સાવ ખાલી, જગ્યાઓમાંથી પણ. જે બધું દેખાય છે એના કરતાં જે નથી દેખાતું એમાં જ મને વધુ રસ. હું રહ્યો પ્રયોગશીલ સર્જક એટલે જે નથી એ શોધવાની ઝંખનાઓને હું મારી સર્જકતામાં ઉતારતો રહું છું. મારી આંખો સતત શોધતી રહે છે એવું ઘણુંખરું કે જે દશ્યમાન નથી. વાર્તા લખવાની આ કોઈ વૈજ્ઞાનિક ઢબ છે એવું હું માનું છું. અને એ કે સાચી રીત છે એવું પણ. સામે દેખાતી, સંભળાતી, વંચાતી વાર્તાઓમાં મને કોઈ રસ નથી. સૂક્ષ્મ કણોમાં ગૂંચળું વળીને પડેલી અસ્પષ્ટ ધૂંધળી ઘટનાઓમાં જ મને રસ પડે છે. આવી જ કોઈ શોધ રૂપે મળી ગઈ ‘એ’ મને.

કોઈ વૃક્ષની પાછળ લપાઈને બેસેલા શિકારીની જેમ એ મને જોઈ રહેલી. મને જોઈને એ સાવધ થઈ ગઈ. જેવો હું એની પાછળ દોડ્યો કે તરત જ એ ચપળ હરણીની જેમ ઝાડીઓમાં કૂદીને ગાયબ થઈ ગઈ. ઊછળતી વખતે એના શરીરની રેખાઓને જોઈને હું દંગ રહી ગયો. એ ગાયબ થઈ ગઈ અને હું જાણે બંધ હું થઈ ગયો એ આંખોના કોચલામાં. હું દિવસરાત હવાતિયાં મારતો રહ્યો એ કોચલાને વીંધવા! એની આંખો મારા મનમાં જડાઈ ગયેલી. એનાં હોઠ, નાક, ચહેરા વિશે જાત-જાતની કલ્પનાઓ હું ઘડતો રહ્યો. શક્ય એટલી સુંદર ધારણાઓ મેં બાંધી લીધેલી. એ સમયે મને ચિત્રકાર ના હોતા વાર્તાકાર હોવાનો ભારે અફસોસ થયો. પણ, એની ચપળતાની ગંધ મેં બરાબર પારખી લીધેલી. ને એ ગંધના આધારે જ મેં એને પકડી પાડી. મેં એનો હાથ જોરથી પકડી લીધો. એણે એક ઝાટકે પોતાનો હાથ છોડાવી લીધો. એ ઝટકો ધ્રુજાવી દેનારો હતો. હું રીતસરનો ફંગોળાઈ ગયેલો. કોઈ સ્ત્રી પાસે આવી શક્તિ હોવાનું મારી કલ્પના બહાર હતું. જોકે એણે શું કર્યું એનો ખ્યાલ આવતાં જ એ ત્યાંથી નાસી જવાની બદલે ત્યાં જ નીચી નજર કરી ઊભી રહી. હું એને પગથી માથા લગી જોઈ રહ્યો. એના ચહેરા સાથે મેં એના, મારી કલ્પનામાં કલ્પેલા ચહેરાની સરખામણી કરી લીધી. મને મારા અંદાજ પર અભિમાન થયું. જોકે એનાં નાજુક બાવડાંમાં ઠાંસીઠાંસીને ભરેલા બળે

મારા અંદાજને ભોંઠો પાડ્યો. તો આ રીતે મળેલી મને મારી....અગોચરા!!

હા, મેં એને આ જ નામ આપ્યું. એમ પણ એનું કોઈ નામઠામ જાણવામાં મને રસ પણ ક્યાં હતો. એનો પરિવાર, ઘર કે ભૂતકાળ... શું ફેર પડે? મને તો એ ગમી ગઈ, ખૂબ વધારે ગમી ગઈ. હું એને મારા ઘેર લઈ આવ્યો – મારી પત્ની બનાવીને. અરે... હું તો એની ભાષા પણ ક્યાં સમજતો હતો!! તેમ છતાં, એ મને વધુ ને વધુ ગમવા લાગી. અમારી વચ્ચેના આ અસંપર્કનું જ મને અતિ ખેંચાણ હતું. બધી કળ ઉકેલવાની મથામણોમાંથી અમારું લગ્નજીવન રસિક.. વધુ રસિક બનતું જશે એવું મને લાગતું હતું. અને એ પણ આવી ગઈ મારી સાથે, કોઈ પણ જાતના વાદવિવાદ વિના. જોકે એની મૂક સંમતિ પણ ખરી!!

એના મૌનનું ગજબ આકર્ષણ હતું. એના મૌનની વાંકીચૂંકી રેખાઓથી હું બનાવતો મારી વાર્તાઓનું ખોળિયું. મૌનના જુદા જુદા રંગોમાંથી મેં ઊભું કર્યા કર્યું– મારી વાર્તાઓનું ભાવવિશ્વ. એટલે જ એની ભાષા નહિ સમજવા કે જાણવાનો મને ગજબનો આનંદ હતો. સાવ કોરા કૅનવાસ પર ચીતરી શકાય, બધું ઇચ્છા મુજબ...અજબગજબનું!! સાવ અજાણી ભૂમિ પર મારી કલ્પનાઓના ઘોડા દોડાવવાનો રોમાંચ એટલે અમારું લગ્નજીવન!! સાવ કોરી પાટી જેવું – એને હું ચીતરવા લાગ્યો. એક પછી એક ગૃહકાર્યો દ્વારા. મારા આશ્ચર્ય વચ્ચે એ, હું એને હજુ શીખવું... શીખવું એ પહેલાં જ સઘળું શીખી જતી. એક્સરે જેવી એની નજર ફરતી ફક્ત એક વાર કોઈ ક્રિયા પર ને છાપખાનાં જેવું એનું શરીર ડિટ્ટો ટુ ડિટ્ટો એ ક્રિયા કરી બતાવતું. મોર પાસે પાંખો ફેલાવવાની કળા પણ ના હોય એવી સાડીની પાટલી વાળવાની કળા પણ એ શીખી ગઈ!! જૂજ સમયમાં જ એ બધું શીખી ગઈ. મેં શીખવ્યું એથીય વધારે. જોકે મને એ ઓછું ગમેલું. પણ, મને રસ પડ્યો.

શરૂશરૂમાં એ મને એની ભાષામાં કશું ને કશું સમજાવવા પ્રયત્નો કરતી. પણ, હું અજાણ્યો જ બની રહેતો, મારે બનવું હતું એમ જ. છેવટે, એણે મને કશું પણ સમજાવવાના પ્રયત્નો છોડી દીધા. સંવાદ આગળ જઈને બની જતો હોય છે અતિસંવાદ અને પછી વિચ્છેદ. એવા ભૂતકાળનો મને પરિચય પણ ખરો. એટલે જ આ વખતે એવું કશું ન થાય એના માટે એવો મેં નિર્ધાર કરેલો. અમારી વચ્ચે એવી કોઈ શક્યતા જ ન રહે એવી સ્થિતિ મેં ઊભી કરેલી. એણે આ સ્થિતિનો જાણે સ્વીકાર કરી લીધેલો. એની મૌન સંમતિને જ હું સ્વીકાર સમજી ચાલવા લાગ્યો. વળી, શાબ્દિક વિરોધ કરવા માટે અમારી વચ્ચે એની ભાષા ઉપયોગી ન હતી. અને વર્તન દ્વારા વિરોધ કરવાનું એ કદાચ ટાળી દેતી હશે. જોકે મારી મથામણ પછી શરૂ થઈ, એ જાણવાની કે આ સ્વીકાર સહર્ષ સ્વીકાર છે કે પછી ના-છૂટકાનો? પણ, હું એ સમજી શક્યો નહીં. હું આ અદબ વાળેલી સમગ્ર સ્થિતિને ખોલવા વધુ ને વધુ પ્રયત્નો કરતો, પણ કશો જ તાગ ન મળ્યો. ના, એટલે એ મારી સાથે ખુશ છે કે નહિ એવું મારે નથી જાણવું એવું પણ નથી. મેં એને ક્યારેય દુઃખી જોઈ તો નથી, એનો અર્થ એ કે એ ખુશ જ હશે – એવું જ મારે માની લેવું રહ્યું. પણ, હું જે માની લઉં છું અથવા ધારી લઉં છું એના અંતિમ

છેડા ક્યાં ખૂલતા હશે એ સત્ય જાણવાની મારી ઉત્કંઠા ખરી!! આ વાતની ચકાસણી, હું મોટાભાગે, એ મારી પથારીમાં આવે ત્યારે કરતો. એ સાવ યંત્રવત્ લાગતી. હું એના હાથને રમકડું બનાવી રમાડ્યા કરતો મારા શરીરને. એ કયારેય કોઈ પ્રતિકાર કરતી નહીં. એ જ મારે મન એનો સ્વીકાર હશે એવું મેં મન મનાવી લીધેલું.

હું સતત એના ચહેરાના હાવભાવ ઉકેલવા મથામણ કરતો. એનો ચહેરો બની રહેતો – ફક્ત આકૃતિ. હું રાહ જોતો – ત્યાં, કોઈ ચલચિત્રની! મોટાભાગે નિરાશ થતો. એ ઘણું ઓછું સ્મિત વહાવતી. પછી, તો ચાતક પક્ષી ચોમાસાની રાહ જુએ એમ એના ચહેરા પર હું સ્મિતની રાહ જોયા કરતો. એક વાર મેં જોયું કે એ અરીસા સામે જોઈ સ્મિત કરતી હતી. એને મારી હાજરીની જાણ ના હતી. લાંબા સમય પછી, એને આમ સ્મિત કરતી જોઈ હું હરખાઈ ગયો. જોકે, મને જોઈને તરત જ એણે કાચબો જેમ ઢાલ નીચે અંગ સંકોરે એમ પોતાનું સ્મિત સંકોરી લીધું!! એવું કેમ બન્યું હશે? – એ હું આખી રાત વિચારતો રહ્યો. ‘અરીસા સાથે એનો શું સંબંધ હશે? અરીસામાં એ કોને જોતી હશે? હું કામ પર જઉં એ પછી, આ અરીસો બની જતો હશે દરવાજો કે બારી? – જ્યાંથી એ ઊડી જતી હશે બહાર.. કોને મળતી હશે એ અરીસામાં?’ રાત્રે કોઈ રીતે ઊંઘ ન આવી. અને થોડીઘણી આવી, એમાંય સપનામાં એ અરીસા સામે જોઈ કરતી હતી – બીભત્સ ચેનચાળા..!! ક્રોધથી મારી ઊંઘ ઊડી ગઈ. મેં ઊભા થઈને અરીસો જ ફોડી નાખ્યો. આ બધું જોઈ એ હેબતાઈ ગઈ. એ પછી એ મારાથી શક્ય એટલું અંતર રાખવા લાગી. એના ચહેરા પર વિષાદની સ્પષ્ટ રેખાઓ હવે, મને દેખાવા લાગી. હું વધુ કંઈક કહું કે કરું તો આછોઆછો ક્રોધ પણ અંકિત થઈ જતો એના ચહેરા પર – એ હું હવે નિઃશંક જોઈ શકતો!

એ હવે, જરા જરા નિર્ભીક બિન્દાસ બનવા લાગી હતી. આ તારણ મેં ત્યારે કાઢ્યું જ્યારે મેં એને જોઈ – સફરજન ખાતાં!! એમ તો, સફરજન ખાવામાં એવી કોઈ વાત નથી હો. પણ, એ જે રીતે નફિકરાઈથી ખાતી હતી અને મારી સામે જોતી હતી એ જોતાં મને ફરી શંકા થઈ. સફરજનનો રસ એ જે રીતે ચૂસતી હતી, એ જોઈને મને, મેં સપનામાં જોયેલી એની અરીસાવાળી બીભત્સ ચેષ્ટાઓ યાદ આવી ગઈ!! મને ગુસ્સો આવ્યો. મેં એના હાથમાંથી સફરજન લઈ બારીની બહાર ફેંકી દીધું. એ રસોડામાં જઈ ટામેટું લઈને આવી અને ફરી એ જ રીતે..! મને કાળ ચડ્યો ને મેં બધાં ટામેટાં છૂંદી નાખ્યાં. એને પણ, હવે, બરાબર દાઝ ચડી. એ મારી સામે બેસીને લાલચોળ મરચું ખાવા લાગી. એની આંખમાં આંસુઓની ધાર થવા લાગી. મારાથી ન જોવાતાં હું ઘરની બહાર નીકળી ગયો. એ રાત્રે એ લાલચોળ આંતરવસ્ત્રો પહેરીને આવી. અલબત્ત, ફક્ત આંતરવસ્ત્રો પહેરીને. આવીને સીધી જ ચડી બેસી મારી છાતી પર. પછી, ફરી એ જ બીભત્સ ચેનચાળા.. હું ડઘાઈ ગયો. એ આવી તો ન જ હતી. બિલકુલ ન હતી. આમ, એનામાં આવેલા અચાનક બદલાવે મારી ધમણ વધારી દીધી. મેં ગભરાટમાં એને જોરથી ધક્કો માર્યો અને આંખ ખૂલી ગઈ. હું ફંગોળાઈને પલંગની નીચે પડેલો. એની આ તાકાતનો મને આ બીજો અનુભવ થયો, ભલે ને ઊંઘમાં!! અવાજ થતાં જ એ ઊઠી

ગઈ. મને કાળજીપૂર્વક પલંગ પર બેસાડી પાણીનો ગ્લાસ ધર્યો. મેં એની આંખમાં જોયું તો એણે કંટાળાપૂર્વક આંખ ફેરવી લીધી અને પલંગમાં અવળું ફરીને સૂઈ ગઈ!!

બીજા દિવસે, મેં મારા એકમાત્ર અંગત મિત્રને આ બધી સ્થિતિની વાત કરી. એમ પણ હું મારી ઘણી વાત વિનોદને શેર કરતો. એ મારી વાર્તાઓનો પ્રથમ વાચક અને શ્રોતા પણ ખરો. વિનોદની સાંભળવાની ક્ષમતા સારી એવી હતી. એ ઘણો ઠરેલ માણસ હતો. એની સાથે વાત કરીને હું પોષકબળ મેળવતો... કારણ કે એ હંમેશાં મારું સાંભળતો. મારાથી પ્રભાવિત પણ ખરો!! અમારી મૈત્રી દાવાદલીલ વિનાની રહેલી. એમ પણ હું અનાથ હતો, એટલે બીજું કોઈ હતું પણ ક્યાં કે જે સાંભળે મારું!! વિનોદ સાથે વાત કરીને મને સારું લાગ્યું. બધી વાત એને કરતી વખતે મને મારી ભૂલો થોડીથોડી સમજાવા લાગી. ના એણે મને સમજાવવાની કોઈ કોશિશ નથી કરી, એ ક્યારેય કરતો પણ નથી ને એવી કશી જરૂર જ ના પડી. હું જાતે જ સમજી ગયેલો કે આમ કરવા જેવું ના હતું. એનાથી છુટ્ટા પડતી વખતે મેં મારી જાતને નવેસરથી તૈયાર કરી. અને ઘેર આવીને જ એનો આરંભ કરી દીધો.

હવે, હું અગોચરા સાથે પ્રેમપૂર્વક વર્તવા લાગેલો. એને શાકભાજી, ફળો, બીજા સરસામાનની સાથેસાથે એના માટે વેણી પણ લાવી આપતો. સફરજન અને ટામેટાં પણ. હા, લાલ મરચાંની હવે જરૂર ન હતી!! ઘરકામમાં નાનીમોટી મદદ કરતો. એ ધીમેધીમે શાંત થવા લાગેલી. જેવી સાવ પહેલાં હતી – સ્વીકારયુક્ત, મૌન ધારણ કરેલી. જોકે એ હજુય સ્મિત તો નો'તી જ કરતી. કોઈ પાસપડોશ સાથે એને એટલે કે અમારે કોઈ વ્યવહાર ન હતો. એ પણ પોતાની ભાષાની મર્યાદાઓના કારણે કોઈ ખાસ સંબંધો બનાવી નહિ શકી હોય એવું હું માનું છું. તેમ છતાં, હવે, મને લાગવા લાગ્યું કે એ થોડી વાતો કરશે તો ખૂલી શકશે અને ખુશ રહી શકશે. મારે એને કોઈ પણ રીતે ખુશ જોવી હતી. મેં એના માટે એક પૅટ લાવી આપવાનો વિચાર કર્યો. પૅટ પણ એવું કે જે એને ભાષા આપી શકે. હું બજારમાંથી એક પોપટ અને એક પાંજરું લઈ આવ્યો. એનું નામ મેં રોની રાખ્યું. એટલે કે હા, નામ તો મારે જ રાખવાનું હતું, બીજું કોણ રાખે?!! એ તો કશું જ બોલી નહીં. ન કોઈ ખાસ હાવભાવ. મને થયું કે ચલો, આજે નહીં તો કાલે આ રોની એને હસતી-બોલતી કરી જ દેશે. મેં એની હાજરીમાં જ રોનીને 'અગોચરા' બોલતાં શીખવી દીધું. અને રોની પણ અગોચરાની જેમ જ ચપટી વગાડતાં જ શીખી ગયું. આખું ઘર અગોચરાના નામથી કિલ્લોલ કરવા લાગ્યું. હું અત્યંત આનંદમાં હતો અને સંતુષ્ટ પણ. એક વાર થયું કે રોનીને 'પ્રજ્ઞેશ' બોલતાં પણ શીખવી દઉં તો કદાચ અગોચરા પણ શીખી જશે મારું નામ બોલવાનું. અને એ રીતે હું એની સાથે સંવાદ સાધી શકીશ. પણ, હજુ એ સમય ના હતો એ હું સારી રીતે જાણતો હતો!! એટલે મેં એ ઇચ્છાઓને પાછળ ધકેલી. હું ઘરની બહાર કામે હોઉં ત્યારે મને વિચાર આવતો કે અગોચરા ભલે મારી સામે રોની સાથે સંવાદ ના કરતી હોય પણ પાછળથી તો એ રોની સાથે દોસ્તી કરી જ લેશે. રોની એના નામનો ગુંજારવ આખા ઘરમાં ફેલાવી, એને બોલતી કરી જ દેશે એવી શ્રધ્ધા મને ઊંડે ઊંડે થવા લાગી!! મને મારામાં આવેલા

પરિવર્તન પ્રતિ માન થયું. પૉઝિટિવિટી એ ફક્ત કોઈ શબ્દપ્રયોગ નથી. આત્મવિશ્વાસ વધારવા માટે આનાથી વધુ સારો રસ્તો બીજો કયો? ખરેખર, તો એનાં સારાં પરિણામો મળે જ છે. આ પ્રયોગ દરેક હતાશ-દુઃખી માણસે કરવા જેવો ખરો!! મેં અગોચરાના ચહેરાને વિના કારણ વાંચવાંચ કરવાનું હવે છોડી દીધું હતું. એનું વર્તન કેવું છે કેવું નહીં આ બધી તપાસમાંથી જ ઊભી થયેલી મુસીબતોને તિલાંજલિ આપી દીધેલી. અને ક્યારેક એવો વિચાર આવે તોપણ, હું એ વિચારની વિરુદ્ધ બીજો વિચાર ઊભો કરી એ વિચારને હરાવી દેતો. અમારું લગ્નજીવનનું હવે થાળે પાડવા લાગેલું.

એ દિવસે હું રોબેતા મુજબ જ ઘેર આવેલો. દરવાજો ખુલ્લો હતો. હું પગ લંબાવીને બેઠો. હું અહીં-ત્યાંની વાતો કરતો હતો, અગોચરા રસોડામાં સાંભળતી હશે એવું માનીને. પાણીનો ગ્લાસ હવે, હું જાતે જ લેતાં શીખી ગયેલો. મોટાભાગે, મારો લાવેલો સામાન લેવા બહાર આવતી.. પણ, આજે એવું ના બન્યું. એ રસોડામાં ન હતી. મેં એને બેડરૂમમાં, બાથરૂમમાં બધે જ શોધી પણ એ ન હતી. ઘરની બહાર આવી તપાસ આદરી. પાસ પડોશમાં બધે જ ફરી વળ્યો. એ ક્યાંય ના હતી. આખો દિવસ રઝળપાટમાં ગયા પછી હું છેવટે ઘેર આવ્યો. રોનીને જોઈને થયું કે એ જરૂર જાણતો હશે. મેં એને "અગોચરા..અગોચરા" બોલીને ઇશારા કર્યા, એ કશું જ બોલ્યું નહીં. ઘણી અલગ રીતે પૂછવા પ્રયત્નો કર્યા. પણ, હું વાત કઢાવવામાં નિષ્ફળ ગયો. એ સાવ ચૂપ હતું, જાણે મારી પીડા સમજી ગયું હોય એમ!! છેવટે, મેં પોલીસ-ફરિયાદ કરવાનું વિચાર્યું. હું જેવો ઘરમાંથી બહાર નીકળ્યો કે તરત જ રોનીના શબ્દો આવી મારા કાનમાં ભફાંગ દઈને પડ્યા.."વિનોદ.. વિનોદ.."

હું ફર્સ પર ફસડાઈ પડ્યો ને બાઘાની જેમ બેસી રહ્યો, મારાં લોહીથી ખરડાયેલા હાથ સાથે; રોનીનાં લોહીથી..!!!

■

# સુખનો સ્વાદ

રેખાબા સરવૈયા

'અરે સખીયા, ખાવાનું એટલું બધું સરસ અને શુદ્ધ તથા સાત્ત્વિકને કે મારું તો વજન પણ વધી ગયું. ચાર દિવસે ચોખ્ખા ઘીની વાનગી તો ખરી જ. ઓરડાની સફાઈ હાથ-પગ હાલે એ કરે; બાકી સફાઈના કામદારો સરસ રીતે સફાઈ કરી જાય. લૉબીમાં પણ કોઈ વૃદ્ધ પડે-આખડે નહીં એ જ ખ્યાલથી ટ્યૂબલાઇટની વ્યવસ્થા હોં... અને બાથરૂમમાંય તે ઝીરોના લૅમ્પ નહીં! એકાંતરે દિવસે જુદાં જુદાં પ્રવચનો હોય. તેમાં જવું ન હોય તો દબાણ નહીં હો.... એને માટે પાર્કમાં બેસવાની કે લાઇબ્રેરીમાં બેસીને કંઈક વાંચવું હોય તો એની છૂટ. દર ઉનાળામાં લાંબો પ્રવાસ હોય. ડૉક્ટરો અને રસોઇયાઓ તો સાથે જ હોય. અને આમ પણ દર બે મહિને ફૂલબોડીનું ચેકઅપ પણ થાય જ તો.'

શાંતિલાલ એકધારું બોલી રહ્યા પણ પછી થોડી હાંફ ચડે એટલે જરાક થંભ્યા. વરસોજૂના મિત્ર સુખલાલને ઘણાબધા સમય પછી મળી રહ્યા હતા. એટલે શાંતિલાલ સતત સમયની ખાલી ક્ષણોને વાતોથી ગૂંથી લેતા હતા! જમી રહ્યા પછી બહાર ઠંડકમાં લોન પર બેઠાં-બેઠાં સુખલાલ મિત્રને માટે સોપારીની ઝીણી કાતરીઓ કરી રહ્યા હતા. શાંતિલાલ ફરીથી શરૂ થયા: 'સખીયા, શરૂ-શરૂમાં મન કોચવાતું, પણ હવે તો થાય છે કે ઘરમાંય મને કદીય આટલો સમય લેખન-વાંચન માટે ન મળતો હોત! જીવનમાં હવે રહ્યા કેટલા દિ' હેં? બાકી તો શું છે ભૈલા, લેણદેણની વાત છે હો... શું પોતાનાં કે શું પારકાં... ઋણાનુબંધ વગર સંબંધ ન ટકે મારા બાપા....! સો લાડ લડાવેલાં પેટનાં જણ્યાં જ જ્યાં માવતરને ઘર બહાર કાઢે. (નિઃશ્વાસ).

'દુઃખ ના લગાડીશ સખીયા! પણ આ બાબતે તું બહુ ભાગ્યશાળી છે, હોં! ઘડપણમાં પોતાની વસ્તુ–પોતાની જગ્યા – પોતાના માણસોથી વીંટળાયેલા રહેવાનો સ્વાદ તો તું માણી રહ્યો છે..... હશે... જેવું માંગલું... બીજું શું?'

વૃદ્ધાશ્રમમાં રહીને મોતની રાહ જોતા શાંતિલાલની આંખમાં સુખલાલે ધ્યાનથી જોયું – ઈર્ષ્યા ત્યાં નહોતી. અશાંતિ જરૂર હતી.... પરંતુ આ શું? સોપારી કાતરતી સૂડીની ધાર ઉપર સુખલાલની આંગળીનું લાલ લોહી......!? શાંતિલાલનું ધ્યાન જાય એ પહેલાં તો સુખલાલે પટ્ટ દઈને આંગળી મોંમાં નાખી દીધી.

એ સાથે જ મોંમાં લોહીનો ખારો સ્વાદ ફરી વળ્યો.

સુખલાલે વિચાર્યું......

'શું શાંતિયો મારા આ સ્વાદને ઓળખી શકે ખરો?'

## નિશાની / રેખાબા સરવૈયા

**ચા**ર-ચાર દિ' થ્યાં હાલતાં કજિયાનું વહરુ પરિણામ હંધાયને નજરે ચડીને જ રહ્યું. દિ' ઊગ્યામાં જ રૂખીએ બખોલ જેવા ઘરની માલીપાથી હાથે આવી ઈ હંધીય ઘરવખરીનો ઘા કરવો શરૂ કર્યો. રૂખીની આંખોથી ક્રોધની ધાર આંસુમાંથી હાલતી થઈ ગઈ. જાત છેતરાયાની લાગણીથી એ ભાંગીને ભુક્કો થઈ ગઈ હતી.

કામના સ્થળ ઉપર આમ તો કેટલાંય દિ' થ્યા બાયુ મોઢામાં મોઢું ઘાલીને રૂખીના ઘરવાળા અને જીવલીમાં આડા વેવારની વાતું કરતી જ. પણ રૂખીને ધણી ઉપર બહુ પાણી હતું. લોકની વાતુની ઐસી-તૈસી કરીને બેય માણાહ નવ-નવ ધારે નેહ વરસાવતાં એટલે રૂખીને રૂખડ માથે વ 'મ લાવવાનું કોઈ કારણ નહોતું.

પણ..... જ્યારે ખુદ રૂખડે જ રૂખીને વાત કરી કે પોતે હવે જીવલી હારે નવું ઘર માંડવાનો સે.....ત્યારે....

રૂખીને ભાયડાનું ઉઘાડું રૂપ જોઈને તમ્મર આવી ગઈ. મલકની વાતુને ભરી પીનારી જિંદાદિલ રૂખી ભાયડાનું ઊઠેલપણું જીરવી કઈ રીતે શકે? રૂખી મનને કંઈ હમજાવે ઈ મોર્ય તો રૂખડે રૂખીના દાગીના, ઘરની રોકડ રકમ વગેરે લઈને ઘરમાંથી હડી કાઢી. રૂખીએ ગાંડી થઈને વાહોવાહ હડી કાઢી. રૂખડે પગેથી રૂખીને હડસેલી દીધી.

દુ:ખ, પીડા, વેદના, અપમાનની મિશ્ર લાગણીઓમાં અટવાયેલી રૂખી જેમ-તેમ કરી ઘરમાં આવી. રૂખડને ભાંડતાં-ભાંડતાં એણે ઘરની ચીજવસ્તુનો છૂટો ઘા કરવો શરૂ કર્યો. રૂખડે આપી આણેલી ભરતકામની ઓઢણિયું, બંગડિયું, કડલાં, કેડિયું, કમખાં, આભલાળા ઘાઘરા... બધું જ ઘરમાં ઢગલો કરીને દિવાસળી ચાંપી દીધી. જ્વાળાઓ જાણે પોતામાંથી નીકળતી હોય એમ રૂખી સળગી રહી.

રૂખડે દીધેલી એક-એક ચીજ એણે સળગાવી નાખી.

ભડભડ કરતું બધું બળીને ખાખ થઈ ગયું. ખોબા જેવડા 'ઘર'(?)માં એણે નજર ફેરવી. હવે કંઈ જ બચ્યું નહોતું જે રૂખડે આલ્યું હોય.... એક ઊંડો શ્વાસ એણે લીધો.

પણ ત્યાં તો... ઘોડિયામાં સૂતેલો નાનકો રડી ઊઠ્યો....

રૂખી રૂખડની દીધેલી આ નિશાનીનું શું કરે?

એને છાતીએ વળગાડીને રૂખીએ મોટી પોક મૂકી.

■

# બદલાતા રંગોની રંગોળી

યોગેશ વૈદ્ય

ઘરના ફળિયામાં ગેરુ લીંપીને પત્નીએ એક સરસ ચોક બનાવી રાખ્યો છે. તેની માથે મીંડાં પાડીને રંગોળી ચીતરી છે તેણે. બાજુમાં ચિરોડીના રંગોની આઠદશ પ્યાલીઓ ગોઠવેલો થાળ પડ્યો છે, થોડીક છાપણીઓ અને લક્ષ્મી-પગલાનું બીબું પડ્યું છે. થાળમાંથી એક પ્યાલી ઉપાડી પીરોજી રંગની ચપટી ભરીને ચોકમાં આળેખેલી રંગોળીમાં રંગપૂરણી આદરું છું અને મારી આંખોમાં ઊઘડી આવે છે જૂનાગઢની ભટ્ટખડકીની સાંકડી શેરીઓ માથે વિસ્તરેલું અને મારાં દાદા-દાદીના ઘરમાં હરફર કરતું એક બીજું જ આછું પીરોજી આકાશ. અચાનક મારા શૈશવની દિવાળીઓની ધૂંધળી સ્મૃતિરેખાઓનું જાળું થોડું ઘેરું અને સ્પષ્ટ બનીને મારી આંખો સામે ઊપસી આવ્યું છે જેને વિગત વરસોમાં હું ક્યારેય નથી વિખેરી શક્યો.

દિવાળીના દિવસો આવીને ઊભા છે અને અમારી ભટ્ટખડકીના તો જાણે સાવ રંગઢંગ જ બદલાઈ ગયા છે. અમે વેરાવળથી પહોંચીએ એ પહેલાં જ દાદા-દાદીએ અમારા આખા ઘરને પોતાના હાથે ધોળી નાંખ્યું છે. માંડણી પરનાં જુનવાણી ત્રાંબા-પિત્તળનાં વાસણોને દાદીએ આંબલીથી ઊટકીને ઊજળાં કર્યાં છે. ગોખલાઓ, અરિયાઓ, કબાટોને પખોળ્યાં છે. રસોડાના ચૂલાની પાળને તો લીંપીને નવીનક્કોર કરી જ છે, અવાવરું રહેતી કૂવા-ઓરડીનાં પણ બાવાં-જાળાં લૂછીને સાફ કરી નાખ્યાં છે. આખી ભટ્ટખડકીમાં નવા ઉમંગનો સંચાર થઈ ગયો છે. બધાં ઘરો ધોઈધાફોઈને નવાં રૂપ સજી રહ્યાં છે. રાતે રાતે બહાર બજારની દુકાનોનાં રંગરોગાન શરૂ થઈ ગયાં છે. ત્યાં મોડી રાતે ખૂલી રહેલાં નાસ્તાનાં પડીકાંઓ, ચાની ચૂસ્કીઓ અને ગલોફે ચડતાં પાનનાં બીડાંઓ સંગાથે કામે વળગેલા રંગના પીંછડાઓ સવાર થતાંથતાંમાં તો દુકાનોને સાવ નવીનક્કોર બનાવી રહ્યા છે. દિવાળીના દિવસોમાં પહેરવાનાં અમારાં કપડાં તો નોરતાંમાં જ સિવાઈ ગયાં છે. હવે ચંપલ, કમરપટ્ટાઓ અને બીજી પરચૂરણ ખરીદીની શરૂઆત કરવાની છે. માંગનાથ રોડની દુકાને દુકાને ફરીને ત્રણ-ચાર દિવસની શોધખોળ પછી બધું લગભગ નક્કી કરી નાંખ્યું છે, ભાવતાલ પુછાઈ ગયા છે. હવે તેની ખરીદી થઈ જાય તેટલી જ વાર છે. દાદીબા કાંધીએથી બ-કડિયું ઉતારીને દશમના દિવસથી મેંદાની સાતપડવાળી પૂરી, ફાફડા, મઠડી, પૌંઆનો ચેવડો, ઘૂઘરા, ઠોર અને સેવ-

ગાંઠિયા બનાવવાનું આદરશે અને તે બધું વસાણું વાઘબારસ સુધીમાં તો પિત્તળના સાંકળવાળા ડાબરાઓ અને બરણીઓમાં ઠાંસીઠાંસીને ભરાઈને કાંધીએ મુકાઈ જશે. બાપુજી પણ વેરાવળથી રજા લઈને આવી ગયા છે. દાદાએ આઝાદચોકમાંથી દિવાળીનાં કાર્ડ ખરીદી લાવીને ઉપરના ઓરડે બેસી એકએક સગાં-સંબંધીને યાદ કરીકરીને લાલ કિત્તાથી સાલમુબારક લખ્યા છે. આવાં ઘણાં કાર્ડ દાદાના નામે પણ આવશે અને દાદા વાંચી લે એ પછી અમારા અંગત ખજાનામાં ઉમેરાઈ જશે. ફળિયામાં રંભામાના દીકરા જગીભાઈએ અને અશોકે તેમના સાથીદાર પશિયાભાઈ સાથે મળીને વળી એક બીજો રમ્ય ઉપક્રમ આદર્યો છે. મોટીમોટી ચોકીઓમાં કોરી ચિરોડીના ઢગલા થયા છે. માથે મોંઘા માયલા રંગના ભૂકાનો છંટકાવ થાય છે. પશિયાભાઈ તે રંગને કોરી ચિરોડી સાથે મેળવીને ફરીથી એક મોટો ઢગલો કરે છે. તેમાં એક ખાડો પડાય છે અને જગીભાઈ તેમાં ઘડાથી પાણી રેડે છે. અમારા કૌતુક વચ્ચે આખાય ખાડામાં ભરાતું પાણી લાલચટાક થઈ જાય છે. પશિયાભાઈ તેના પર ચોફેરની કોરી રંગ ભેળવેલ ચિરોડી ઉથલાવી અને તેની લાક્ષણિક અદાથી બંને હાથની હથેળીઓ વચ્ચે ઘસીઘસીને રંગોળીનો રંગ બનાવી રહ્યા છે. જુદા જુદા રંગના પીપડા ભરાઈ ગયાં છે. બસ રાહ જોવાઈ રહી છે દશમની. દશમના દિવસે પંચહાટડીમાં એ રંગોનો થડો મંડાય. જુદા જુદા રંગોની થાળીઓ ભરીને ટોચ ચડાવાય. માથે આંગળીઓની ભાત પડાય અને ઉપરથી ચળકતી ઝરી છંટાય. મેં ઘણી દિવાળીઓમાં જગીભાઈના થડે બેસીને આ રંગનાં પડીકાંઓ વાળ્યાં છે.

અગ્યારસના દિવસે સવારના પહોરમાં જ બે થેલીઓ લઈને અમે બાપુજી સાથે ફટાકડા લેવા ઊપડીએ. પડોશમાં રસિકભાઈને ત્યાં જે જથ્થાબંધ ફટાકડાની ફાંટ ઊતરી છે તેની હારે તો ન જ ઊભી શકાય પણ દિવાળીના ચાર દિવસ ફોડ્યા પછીય દેવદિવાળી માટે રાખી શકાય તેટલા ફટાકડા બાપુજી લઈ આપે. ફૂલઝરી, રંગબેરંગી બપોરિયા, ઊજળાદૂધ શેરડાના ઝાડ કરતાં ભંભોટીયા, ભોંચકરડી, હાથચકરી, ધુમાડા સાથે જમીનમાંથી નીકળતા નાગ અને લવિંગિયાની તડાફડી તો હોય જ, સાથે દોરા પર દોડતી ટ્રેન અને અવળીસવળી દિશામાં વારાફરતે ઘૂમતી તીણા આવાજવાળી દેરાણી-જેઠાણીની રમત પણ ખરીદાય. મોટા ફટાકડામાં લક્ષ્મી છાપ બૉમ્બ અને સૂતળી બૉમ્બ લઈએ. રૉકેટ કે છતરીદળ જેવા મોંઘા ફટાકડા અમારી પહોંચ બહારના. ફટાકડા ઘરે આવે એટલે બા અમારા ભયુ-ભાગ પાડી આપે. ત્રણેય ભાઈઓની અલગ થેલીઓ ભરાય અને ધનતેરસથી રોજ સાંજે જમ્યા પછી ફળિયામાં ફટાકડા ફોડવાનો ઉપક્રમ ગોઠવાય. દિવાળીના દિવસે ફોડવાના ફટાકડા વળી અલગથી રખાયા હોય. ફટાકડા ફોડવાની સાથે ઘણાં બીજાં પરાક્રમો પણ થતાં રહે. ગાયના પોદળામાં છાનોમાનો બૉમ્બ ફોડીને કોઈના ઘરની દીવાલને ચીતરી મારવી, કૂતરાની પૂંછડીએ ડબલું બાંધી તેમાં તડાફડી સળગાવી કૂતરાને રોડ વચ્ચે દોડાવવું, કોઈ બીકણ છોકરા પાછળ ફટાકડો ફોડી તેને હેબતાવી દેવો – આવા કંઈક ઉધામાઓ અમારી ભટ્ટખડકીમાં થતા રહે. એક વખત દિવાળીની રાતે એક હવાઈ ગયેલા સૂતળી બૉમ્બને ઉખેળીને તેમાંનો દારૂ મેં અને નાના ભાઈ મુકેશે છાપાના કાગળમાં કાઢ્યો. કૂંભારણું કરવામાં હું ઉતાવળ કરી ગયો અને મુકેશનો હાથ સળગતા દારૂની ઝપેટમાં આવી ગયો ત્યારે બાએ મને ખાસ્સો મેથીપાક આપેલો. પણ

કાળી બળતરાના માર્યો મુકેશ આખી રાત ખૂબ રડેલો તેનો અપરાધબોધ મારા મનમાં ઘણા દિવસ સુધી રહેલો.

દિવાળીના ચારેય દિવસ બહુ વહેલી સવારમાં જાગી જાય આખી ખડકી. ફળિયાની રંગોળીઓ આગલી રાતે જ આળેખાઈ ગઈ હોય કાં પછી વહેલી સવારે પુરાય ભાતીગળ સાથિયા. લક્ષ્મીજીનાં બે પગલાં વગર દરેક રંગોળી અધૂરી. આ પગલાં પાડતી વેળાએ બા અને દાદી કહેતાં કે આ પગલાંઓ પર ચાલીને માતા મહાલક્ષ્મી રાતે રૂમઝૂમ રૂમઝૂમ આવશે આપણા ઘરમાં. તેને સાચું માની લઈને સવારે ઊઠતાંવેંત જ અમે જાતતપાસ કરી લેતા પેલી પગલાંની છાપની. (બા અને દાદી ખોટું ઓછું બોલે!) દિવાળીના દિવસે દીવડાની ભાતવાળી રંગોળીઓ થાય અને ચારેય ખૂણે પ્રગટાવેલા દીવડાઓ મુકાય. બેસતાવર્ષની રંગોળી વળી સહુથી મોટી અને વિશિષ્ટ હોય. ઘરેઘરેથી આ રંગોળીની કળાના છૂપા કળાકાર એનું પોત પ્રકાશે અને આવનારા મહેમાનો અને આડોશીપાડોશીઓને નવલું નજરાણું મળી રહે.

વહેલી સાવરમાં જાગી ગયેલું જૂનાગઢ ઘરેઘરેથી નવાંનવાં કપડાં પહેરી, સજીધજીને નીકળી પડે મહાલક્ષ્મી સ્ટ્રીટ તરફ, માતા મહાલક્ષ્મીને શીશ નમાવવા. આખુંય ગામ અમારી ભટ્ટખડકીની ડેલી સામેથી નીકળે. પાંચહાટડીથી લઈને છેક મહાલક્ષ્મી મંદિર સુધી હૈયેહૈયું દળાય એવી ભીડ જામી હોય. સવારે છ વાગ્યાથી શરૂ થયેલો એ પ્રવાહ છેક દશેક વાગ્યે જરા મોળો પડે. અમારાં બધાં જ સગાંવહાલાંઓનો ભટ્ટખડકીના નાકે જ ભેટો થઈ જાય. દુકાને દુકાને લબકઝબક થતાં તોરણો લાગ્યાં હોય. સ્પીકરોમાં લોકપ્રિય ફિલ્મી ધૂનો વાગી રહી હોય. ભીડમાંથી જાણીતાઓને હાથ ઝાલીને દુકાને બેસાડાતા હોય. ચાના અને કોકાકોલા કે ફેન્ટાના આગ્રહ થઈ રહ્યા હોય. પેઢીના પગારદારોને, માલ સારનારા રેકડી- વાળાઓને, ટપાલીઓને, ઝાડું વાળનારાઓને દિવાળીની બોણી અપાઈ રહી હોય. આખું વર્ષ લીધા-દીધાની, ભાવતાલની વાતો કરનારા સાવ બીજી જ પરિભાષામાં વાતો કરતા હોય. પરસ્પર ઉમળકાઓ અને ઉત્સાહના ઊભરાઓ આવ્યા હોય. છોકરાંઓ તો ઠીક, મોટેરાં પણ પોતે પહેરેલાં નવાં કપડાંનાં વખાણ કરાવવા બીજાઓની નજરે ચડવાની પેરવી કરતા જણાય. વીત્યા વર્ષમાં લખેલાં બધાં શ્રુતલેખન અને પલાખાને પાણીપોતાથી ભૂંસી નાંખીને સાવ ચોખ્ખીચણાક કરાયેલી પાટી જેવાં ઊઘડેલાં હૈયાંઓ સહુની આંખોમાંથી ઊભરાઈને આવતાં ભળાય. સહુએ દિવાળીની રાતે અને બેસતાવર્ષની સવાર માટે એક વિશિષ્ટ વેશભૂષા નક્કી કરી રાખી હોય. દિવાળીની રોશની જોવા જતી વેળા વડીલોની સૂચનાને અવગણીને પણ ચળકતા અને રેશમી પરિધાનો પહેરાય. બેસતા વરસે આધેડ પુરુષો દશ વરસ પહેલાં થયેલાં તેમનાં લગ્ન સમયે સિવડાવેલ થ્રી પીસ શૂટ જ ઠઠાડે... પછી ભલે તે શૂટ ઘણો ટૂંકો થઈ ગયો હોય! તો સ્ત્રીઓ કબાટ કે ટ્રંકમાં ફિનાઇલની ગોળીઓ મૂકીને સાચવી રાખેલાં જૂનાં સેલાંઓ અને ઘરચોળાઓની ગડીઓ ઉખેળે. સજોડે નીકળેલા નાગર ગૃહસ્થોનાં સાલમુબારક કરવાના અને પ્રણામ કરવાના વિશિષ્ટ લહેકાઓને નિહાળ્યા કરવાની અને તેની મનોમન નકલ કરવાની અમને ખૂબ જ મજા પડે.

તહેવારના ચારેય દિવસની જમવાની વાનગીઓ લગભગ નક્કી જ હોય. ધનતેરસે લાપસી બને તો કાળીચૌદશે મને અનહદ વ્હાલાં દહીંવડાં બને, શૂરાપૂરા બાપના ચોખા પણ રંધાય. દિવાળીએ ઊંધિયું બને જ બને, તો બેસતાવરસે કોઈ દૂધનાં મિષ્ટાન્નનું જમણ હોય. સાંજે ફરતાં ફરતાં ફરસાણો હોય. દિવાળીની સાંજે દાદા ત્રણેક દુકાને ચોપડાપૂજન કરાવવા જાય. અમે રાતે ફટાકડા ફોડ્યા પછી નવાં કપડાં પહેરી બા-બાપુજી સાથે રોશની જોવા નીકળી પડીએ. મહાલક્ષ્મીનો ઢાળ ઊતરી પંચહાટડી ચોક થઈ માલીવાડા રોડનો ઢાળ ચડતા ચડતા ઘણા ઓળખીતાઓની દુકાને રોકાઈએ. ચોપડાપૂજનનો પ્રસાદ લઈએ. શણગારેલી દુકાનોને અને બહાર ખાસ આળેખેલી રંગોળીઓને નિહાળીએ. દુકાનદારના ઘરના સભ્યો પણ બનીઠનીને દુકાને આવી બેઠા હોય. સર્કલ ચોકમાં આવતા જ અમે હરખાઈ પડીએ. બાપુજી અંબિકા કોલ્ડડ્રિંકની બે વીજળીના થાંભલા વચ્ચે જામેલી દુકાન સામે અમને લઇ જાય અને અમારા સહુ માટે ગુલાબનાં દૂધ-કોલ્ડડ્રિંક બનાવડાવે. બહુ ભીડ હોય એ અંબિકા કોલ્ડડ્રિંકની દુકાને. સર્કલ ચોકનો નઝારો તેની ચારેકોર ઊભેલી નવાબી ઇમારતોની ઝાકમઝોળ અને ચોકમાં ફૂટી રહેલ ફટાકડાઓ, ઊડી રહેલ રૉકેટોથી ઓપી રહ્યો હોય. દિવાળી તેના સોળે શણગારે શોભી રહી હોય. ઘરે પહોંચીને પહેલાં તો ચોપડાપૂજનમાંથી આવેલાં સ્થાપનનાં પોટલાં ખોલી તેમાંથી પૈસા, સોપારી, સૂકો મેવો, કમળકાકડી વગેરે છુટાં પાડવામાં દાદાને મદદ કરીએ. પછી અગાસીમાં પાથરેલ પથારીમાં પડ્યાપડ્યા મોડી રાત સુધી આકાશમાં ઊંચે જઈને વીખરાઈ જતાં તારામંડળોને જોયા કરીએ. આકાશમાં અને અમારી ચોગમ ફૂટી રહેલા ફટાકડાઓના થડકાઓને ઝીલતા રહીએ અમારાં કુમળાં હૈયાંઓમાં.

બેસતાવરસે તો સવારમાં પાંચ વાગ્યાથી મંદિરે ભીડ જામવા લાગે. એક માન્યતાએ નાનપણથી જ મનમાં ઘર કરી રાખ્યું છે. બેસતાવરસની સવારે જે કંઈ મારી સાથે બને તેવું જ મારું આખું વર્ષ વીતે! સવારે ઊઠીને શું કરવું અને શું ન કરવું તેની ખાસ તકેદારી અજાગ્રત મનમાં સતત રહ્યા કરે. કોને પહેલાં મળવું તે નક્કી કરી લીધું હોય. સવારના પહોરમાં સૌપ્રથમ દાદી ઘરની સંજવારી વાળી, કચરો સૂપડીમાં ભરી થાળી વગાડતાં વગાડતાં હોળીચકલે નાંખવા જાય. આને કકળાટ કાઢ્યો કહે. અંધારામાં જ શેરીઓમાં “નવા વરસના શુકન… નવા વરસના શુકન…” – એવા સાદ પાડતા બહારના અજાણ્યા લોકો આવ્યા હોય. દાદી મોટીથી બોણી આપીને એ ‘શુકન’ ખરીદે. ‘શુકન’ એટલે નમકનું નાનકડું પડીકું જેમાં સાથે થોડા મગના દાણા પણ હોય! અમે નાહીધોઈ, તૈયાર થઈ પહેલાં તો ઘરના અરિયામાં બેઠેલા ભગવાનને પગે લાગી લઈએ અને પછી દાદા-દાદી, બા-બાપુજી અને કાકાઓને પગે ન લાગીએ ત્યાં સુધી કોઈને મળીએ નહીં! હજુ અંધારું હોય ત્યાં જ અમે અમારી બા સાથે આખીએ ભટ્ટખડકીના ઘરેઘરે સાલમુબારક કરી આવીએ. કોઈ મળવાનું રહી જાય તો બીજી વખત જઈએ. દાદા-દાદી અમારે ઘરે આવનારાઓને આવકારવા ઘરે રોકાય. બદામ-કાજુવાળા દૂધનાં પ્યાલાં ભરાય, નાસ્તાની ડિશો ધરીને આગ્રહો થાય. પાયલાગણ અને સાલમુબારક થાય. આશીર્વાદ હારે ઘરેઘરેથી અમને રોકડા પૈસા પણ મળે જેને અમારી નવી ચડ્ડીના ગજવે ભરીને ખખડાવીએ અને ખૂબ હરખાઈએ. હોંશે હોંશે મંદિરે દર્શન કરી આવી રસ્તામાં

મંડાયેલી હાટડીઓમાંથી કાચનાં. પ્લાસ્ટિકનાં અને માટીનાં રમકડાં ખરીદીએ. સાથે એક ગૅસ ભરેલો ફુગ્ગો પણ અચૂક ખરીદીએ. થોડા લાંબે દોરે બાંધેલા ઉન્નતાભ્ર એ ગુલાબી ફુગ્ગાને દોરેથી ઝાલીને રસ્તાની હકડેઠઠ ભીડથી બચાવતા બચાવતા ભટ્ટખડકી પહોંચીએ. રમકડા ઘરનાં કબાટમાં મૂકીએ અને અગાસીએ જઈને પેલા ફુગ્ગાથી રમીએ. મોટાભાગે તો થોડી વારમાં જ આંગળીએ બાંધેલો ફુગ્ગો છૂટી જઈ આકાશમાં ઊડી જાય. હાથથી છૂટીને ધીમે ધીમે આકાશમાં ઉપર ચડી રહેલા એ ફુગ્ગાને તે આંખથી ઓઝલ ન થઈ જાય ત્યાં સુધી અમે એકીટશ જોતા રહીએ. એ ચોખ્ખુંચણાક આકાશ અને તેમાં ઊંચે જઈ રહેલા ગુલાબી ફુગ્ગા જ જાણે ખરાં પ્રતિબિંબ હતાં અમારા એ ઊગતા દિવસોનાં.

બપોર પછી બા-બાપુજી સાથે સગાંવહાલાંઓને ત્યાં પગે લાગવા નીકળીએ. રાંદલકૂવે આવેલા મારા ત્ર્યંબકમામાને ઘરે, ગાંધીગ્રામમાં બાપુજીના માસા પ્રોફેસર નંદલાલ દવેના ઘરે, બાપુજીના બટુકમામાને ત્યાં અને મિત્ર વિનયકાકાને ત્યાં અચૂક જવાનું હોય. દરેકને ત્યાં ચા સાથે નાસ્તો કરવાનો ફરજિયાત. પગે ચાલીને આવવાજવામાં વીતતી એ આત્મીય સાંજ અંતે કાળવા ચોકમાં ગિરધર કોલ્ડડ્રિંકના સોડાલેમનના ગ્લાસના પરપોટા થઈને વીખરાઈ જાય. તહેવારોના માણેલા આકંઠ સુખનો મીઠો મીઠો થાક લાગી રહ્યો હોય. અમે ભટ્ટખડકીએ પાછા પહોંચીએ ત્યારે દાદી લોઢી પરથી ગળ્યા પૂડલા ઉથલાવતા હોય તેનો આછો ધુમાડો રસોડા બહાર નીકળી રહ્યો હોય. દાદીએ બનાવેલા એ ગળ્યા પૂડલાની ધૂમિલ સોડમ થઈને ફેલાઈ ગઈ છે મારા શૈશવની એ અણમોલ દિવાળીઓ.

* * *

હું થાળમાંથી બીજા રંગની પ્યાલી ઉપાડું છું અને ચપટીમાં ભરું છું પીળો રંગ. એ આછો પીળો રંગ કે જે અમારા નવા ઉતારાવાળા ઘરની જાળીને અને બારી- બારણાંને લાગ્યો હતો અને એમ. જે. વૈદ્ય, વાયમેનના ક્વાર્ટરની ઓળખાણ બની ગયો હતો તે થોડો ભૂખરો પીળો રંગ!

વેરાવળના નવા ઉતારાનું અમારું ઘર જેમાં અમે અમારી પચીસેક દિવાળીઓ ઊજવી. વિલાયતી નળિયાંના છાપરે ઢાંકેલું, ખાસ્સી પગતાણવાળું પંખીના માળા જેવું હતું એ આઠ ક્વાર્ટરની હારમાં ઊભેલું અમારું છઠ્ઠું મકાન. અડોશપડોશમાં લોકો રહેવા આવે અને બદલી થતાં ચાલ્યા જાય. બદલાતા રહે. એક અલગ જીવનરીતિ પ્રવર્તતી હતી નવાઉતારામાં અને વેરાવળ શહેરમાં જેની ભાત પડતી હતી અમારા તહેવારોની ઉજવણીમાં. તહેવારો નિમિત્તે અહીંથી ક્યાંય જવાનું નહોતું કે નહોતું કોઈ આવવાનું અહીં દિવાળી કરવા. હા, તહેવારોની ઉજવણીનો અને એ ઘરને નવાં રંગ-રૂપ આપવાનો ઊજમ અમને શરદપૂનમના દિવસથી જ ચડી આવતો. શરદપૂનમ પર બાપુજી તેમને મળતો તહેવારનો એડવાન્સ ખિસ્સે ભરીને આવે. અમે ઘર આખું ગાંધીચોકની તોલારામની વિશાળ કપડાની દુકાને પહોંચીએ. સહુનાં ત્રણત્રણ ચારચાર જોડી કપડાં લેવાય. બાપુજીએ અમારા દરજી જીવણભાઈને અગાઉથી જ કપડાં સીવવા ઘરે આવવાનું

કહી રાખ્યું હોય. એક-બે દિવસ રાહ જોવડાવી એક સાંજે જીવણભાઈ તેનો સીવવાનો સંચો ઘરે મૂકવા આવે એટલે પાકું થાય કે કાલથી અમારા નવા નવા વાવા સીવવાના શરૂ થશે. હોંશે હોંશે માપ દેવાય અને કોના કયા કપડામાં કેવી ડિઝાઇન મુકાશે તે નક્કી કરાય. નાના ભાઈ શૈલેષનાં કપડાંથી શરૂઆત થાય અને બાપુજીના પૅન્ટ-બુશકોટ હારે પુર્ણાહુતિ થાય. તહેવારોના કયા દિવસે કયાં કપડાં પહેરશું એના મનસૂબા એ કપડા સિવાતાં હોય ત્યારે જ ઘડાઈ ગયા હોય. અમારાં શરીરે તો કપડાં સિવાઈ જાય ત્યારે ચડે પણ તે પહેલાં મનથી તો એ વાઘાંને અમે અનેક વાર પહેરી લીધાં હોય! પૂરા પાંચેક દિવસ જીવણભાઈ અમારાં સપનાંઓને માપસરનાં બનાવી બનાવીને સીવી આપે. છેલ્લે દિવસે બા જૂના સાંધાસૂધી કરવાનાં કપડાનો જીવણભાઈ પાસે ઢગલો કરે. પાંચેક દિવસમાં એક-બે દિવસ જીવણભાઈ રાતે મોડે સુધી કામ કરે જેનું દોઢું રોજ આપવાનું ઠેરવ્યું હોય. કપડાં સિવાતાં જાય, પહેરીને માપસરનાં થયાં છે કે નહીં તે તપાસાતું જાય પછી છેલ્લે બધાં કપડાંને ધોઈ અને રમેશ ધોબીની દુકાને ઇસ્ત્રી કરવા દેવાય. રોજબરોજનાં કપડાં માટે તો ઘરમાં ઇસ્ત્રી હતી પણ દિવાળીનાં કપડાં પર તો રમેશધોબીની જ ઇસ્ત્રી ફરે.

કપડાં સિવાવાનું આટોપાય એટલે તરત જ બા એક લાંબા વાંસડાની ટોચે સાવરણી બાંધે અને ઘરના આભ આંબતા છાપરાને પરખોડવાનું શરૂ કરે. ખાસા ત્રણેક દિવસ લાગે બધી ભીંતો અને છાપરું પરખોડતાં. પછી શરૂ થાય ઘરવખરીને ઝાટકી ઝાટકીને સાફ કરવાનો ઉપક્રમ. તાંબા-પિત્તળનાં ઠામવાસણને આંબલીથી ઊટકી ઊજળાં કરાય. પાગરણને તડકે તપાવી, લાકડીએથી પીટીને પાછાં ડામચિયે ગોઠવાય. બીજી બધી ઘરવખરીને ઝાપટીઝૂપટીને ચોખ્ખી કરાય. ઘરની ગોઠવણમાં થોડા ફેરફાર કરાય. વાડામાં ભેગી થયેલી અઘોચારને ભંગારવાળાને હવાલે કરાય. બારી-બારણાંને ડિટરજન્ટવાળું પોતું મારીને સાફ કરાય. પછી છેલ્લે આખા ઘરની છોને ધોઈધફોઈને ચકચકતી કરાય. નવાઉતારાનાં બૈરાંઓ ભેગાં મળીને સાંજે સાંજે સટ્ટાબજારના આંટાફેરા શરૂ કરે. નવા નવા ઓછાડો, તકિયા ને ગાદીના કવર, શેતરંજીઓ, પગલુછણિયાંઓ, અરે નવા ટુવાલો અને નેપ્કિનોની ખરીદી આદરે. ખરીદેલી વસ્તુઓને દિવાળીના દિવસ સુધી ખાનગી રખાય. મારા બા તો વળી ઘણી વખત બાજુમાં રહેતા અમદાવાદી સરસ્વતીમાસી પાસે અમદાવાદની રતનપોળથી નવીનવી ભાતવાળા ઓછાડ, તકિયાનાં કવર અને શેતરંજીઓ અગાઉથી જ મંગાવીને કબાટમાં મૂકી રાખતાં.

દશમ-અગ્યારસ આવતાં સટ્ટાબજારવાળો રોડ અને હવેલીગલીમાં ભીડ જામવી શરૂ થઈ જાય. લાઇબ્રેરી પાસે મોટાં બેરલ મૂકીને રસ્તાને મોટાં વાહનો માટે બંધ કરી દેવાય. લાઇબ્રેરીએ જામતી અમારી પરિષદમાં ઘણા ભેરુડાનો ઉમેરો થાય. બજારમાં ભાતીગળ તોરણોના, ફ્લાવરવાઝના, રંગોળીના તૈયાર સ્ટિકરોના, મુખવાસના, ઠાકોરજીના શણગારના અને ઘર-સુશોભનની વસ્તુઓના થડાઓ પડે. થડાઓ પર રાતે મોટી મોટી હેલોજન લાઇટો સળગે અને ગામનાં અને આજુબાજુનાં ગામડાંઓના ખરીદદારોનાં ધાડાં ઊમટે. ગામના પ્રવેશે આવેલી મોટી ફૅક્ટરી ‘ઇન્ડિયન રેયોન’ના કર્મચારીઓને

બોનસનું ચુકવણું થઈ ગયું હોય તે બધો પૈસો બજારમાં ઠલવાય. દુકાનો મોડી રાત સુધી ધમધમતી રહે. નવી ખરીદીઓ થાય અને સાથે સાથે એ કર્મચારીઓ પાછલા આખા વર્ષનો બાકી હિસાબ પણ ચૂકતે કરે. સહુએ પોતપોતાના ગજા પ્રમાણે દિવાળી મનાવવાની તૈયારી કરી રાખી હોય. ઊભી બજારે કામવાળાઓને બોણીઓ અપાય અને ઘરાકોને નવા વર્ષના ડટ્ટાવાળાં કૅલેન્ડરોની ભેટો અપાય. કાગદીઓને ત્યાં નવાં પંચાંગો આવી ગયાં હોય અને સાથે સાથે ગામના વેપારીઓએ દશેરાના દિવસે લખાવેલા નવા ચોપડાઓ બંધાઈને તૈયાર થઈ ગયા હોય.

વાઘબારસની રાતથી રંગોળીઓ આળેખવાની શરૂઆત થાય. નવાઉતારાનાં આઠેય ઘરનાં પગથિયાં પાસે સિમેન્ટની પાકી ઓટલીઓ પર ગેરુ લીંપાઈ જાય. ફળિયામાં વીજળીના ગોળા પ્રગટે. બારણે ટમટમિયાં લટકાવ્યાં હોય અને તેની વચ્ચે લટકાતો હોય મોટો, પૂંઠાંનો તારલિયો જેમાંથી નીકળતા પ્રકાશના શેરડાથી આખું ફળિયું ભાતીગળ બનતું હોય. ફળિયે ફળિયે રંગોળીનાં મીંડાં પડાય અને ચોપડીમાંથી જોઈજોઈને રંગેરંગના ચોક પુરાય. મોડી રાત સુધી ચાલતા આ કળામય ઉપક્રમ દરમ્યાન સહુ એકબીજાની રંગોળીઓને તપાસી આવે અને મનોમન પોતાની રંગોળીઓ સાથે સરખામણી પણ કરી લે. એકબીજાનાં મોંફાટ વખાણ થાય, ક્યાં કયો રંગ પૂરવો તેનાં સૂચનો થાય તો વળી એકબીજાને રંગપૂરણીમાં મદદ પણ કરાય.

નવા ઉતારા બહાર મહેશ મંડપવાળાની દુકાને મોટાં મોટાં સ્પીકરો પર ‘શોલે’ના ડાયલૉગ અને ‘હમ કિસીસે કમ નહીં’ના નવાં આવેલાં ગીતો વાગતાં હોય. ડિસ્કો સંગીતની સાથે તાલ મિલાવતી લાઇટોની રિધમિક ચાલને અમે ફાટી આંખે જોયા જ કરતા. તેમાં દિવાળીની રાતે – ‘તારોંમેં સજકે, અપને સૂરજસે, દેખો ધરતી ચલી મિલને....’ – એ ગીત અચૂક વાગે અને અમે ત્યાં દોડી જઈ ઝૂમી ઊઠીએ. અત્તરિયાની દુકાને જઈને મારા હાથ પર પાંચ-સાત જુદાંજુદાં અત્તરનાં ટપકાં કરાવીને ઘરે આવી બા અને ભંડારડાને સૂંઘાડું, પછી નક્કી કરેલાં અત્તરની બે-ત્રણ શીશીઓ ભરાવું. જૂના બૂટને લાઇબ્રેરીના ખૂણે બેસતા મોચી પાસે પાલિશ કરાવી નવાનક્કોર બનાવડાવું. બાપુજી દિવાળી માટે મોંઘામાયલો લક્સનો સાબુ લઈ આવ્યા હોય, (દિવાળીના ચાર દિવસ લાઇફબૉયને રજ્જા!) તેની સોડમથી નાહીને નવાં કપડાં ઠઠાડીએ. તેની ઇસ્ત્રીની અણી ન ભાંગે તેનું ધ્યાન રાખતાં રાખતા ગામની ઊભી બજારે નીકળીએ ત્યારે આખી દુનિયા જાણે અમને જ જોવા નીકળી હોય તેવા ઠાઠ હોય અમારા. સટ્ટાબજારમાં મુકેશ રાઠોડની કે અશોક ફ્રેમવાળાની દુકાને જઈને બેસીએ. સત્યમ પાનહાઉસ પર દોસ્તારોની મંડળી જામે. બહારગામ ભણવા ગયેલા મિત્રો આવી આવીને ભેટે. અમદાવાદ, વડોદરા અને વિદ્યાનગરની વાતો કરે. સાંજે દામાભાઈનાં ભજિયાંની મિજબાની ગોઠવાય તો વળી મોડી રાતે ચા પીવા છેક ગડુ લગીની લટારો લાગે. ઉજાળા ભવિષ્યની કલ્પનાઓ અને કંઈક કરી નાખવાના અજંપાઓ મોડી રાત સુધી અમને ઊંઘવા ના દે.

દિવાળીની રાતે રોશની જોવા આખું વેરાવળ સટ્ટાબજારમાં ઊમટે. મહાજનોની દુકાને મોટી મોટી રંગોળીઓ આળેખાય અને સેલ ભરેલાં વિદેશી રમકડાંઓના ખેલ

સહુના કૌતુકનાં કારણ બને. હવેલીગલીમાં હૈયેહૈયું દળાતું હોય. સ્પીકરોના અવાજ, પાછળથી આવતા ધક્કાઓ અને ભીડના ખેંચાણ વચ્ચે પણ લોકો એકબીજાને ભેટીભેટીને હૈયાં ઠાલવી નાંખે. આગળ વખારિયા બજારમાં પહોંચતા તો વળી શેરીઓ વધુ સાંકડી થઈ જાય. દુકાને દુકાને ગરમગરમ ઊંધિયા-પૂરીનાં પડીકાં પહોંચે અને તેની મોડી રાતે મિજબાનીઓ થાય. રાતે બારેક વાગ્યા સુધી આ ઊજમ ચાલુ રહે. બજારમાં ભીડ ઓછી થયા પછી સટ્ટાબજારમાં એક નવો ખેલ શરૂ થાય. સામસામી ગલીઓમાંથી આડાં રૉકેટો છૂટવા લાગે. ફટાફટ દુકાનોનાં બારણાં વસાઈ જાય અને રસ્તા પર ફક્ત જુવાનડાઓ વધે. ઊભા રોડને આડા અને ઊભા વીંધતા એ સણસણતા અને જોખમી ખેલના દર્શક બનવાનો ભડકીભાવ મેં ખૂબ લીધો છે. આ વરવું રૉકેટયુદ્ધ વહેલી સવાર સુધી ચાલે. કેટલાંય લોકોના કપડાં સળગે, હાથ-પગ દાઝે પણ એ જોખમી ખેલ ચાલતો રહે. છેલ્લે એક વરસે એક વીસ વરસના જુવાનજોધને એ ખેલ ભરખી ગયો ત્યાર પછી એ ગોરખધંધા બંધ થયા.

દિવાળીની આખી રાત જાગવાનો લગભગ એક અફર નિયમ મેં વરસો સુધી પાળ્યો છે. બેસતાવરસે ભટ્ટખડકીમાં રહેતો તેવો લોકોનો મોટો આવો-જાવરો તો અહીં નહોતો રહેતો પણ વહેલી સવારે ગરબીચોકાના રામમંદિરે દર્શન કરવા જવાનું અને દિ' ઊગતાં વખારિયા બજારનાં મહાલક્ષ્મી મંદિરે અને શિવમંદિરે પગે લાગવા તો અચૂક જવાનું હોય. રસ્તામાં સહુ મિત્રો, સગાંસ્નેહીઓ મળતાં જાય અને સાલમુબારક કરતા કરતા ઘરે આવવાના આગ્રહ થાય, સામાં વચનો અપાય. બોલકા લોકો એકબીજાના ઠઠારાનાં વખાણ કરે, કરાવે તો વળી કેટલાક ગરવાઈથી પોતાનો રોલો પડતાં ભારઝલ્લા ચહેરે પસાર થઈ જાય. સાંજે સહુ સોમનાથ કે બિરલામંદિરના દરિયે ફરવા જાય. સહુ પોતાની ઊજળી આવતી કાલને પિછાણતા અને પોંખતા જોવા મળે. કુમળાં જીવતરોને પાંખો ફૂટતી રહે. તેનો રોમાંચ સાંજને વધુ સિંદુરી બનાવે. થોકથોક લોક ઊભરાતા રહે, વીખરાતા રહે.

આમ જ ઊઘલતાં રહ્યાં છે જીવતરનાં સાઠ વરસો. વીતતી રહી છે અમારી દિવાળીઓ. ઠેકાણાંઓ બદલ્યાં છે, ગામ બદલ્યાં છે, મહોલ્લાઓ બદલ્યા છે. ઉંમરની સાથે સાથે ઊજમ ભલે થોડા ઓસર્યા છે. પણ દિવાળીના તહેવારોનું આકર્ષણ હજુ ઓસર્યું નથી. હજુ એ જ ઉમળકા સાથે રાહ જોઉં છું આવતી દિવાળીની અને નોરતાં બેસતાં પાંચ પાંચ જોડી નવાં કપડાં પણ સિવડાવું છું. હવે બેસતાવરસે પગે લાગવાનાં ઠેકાણાં ઘટી ગયાં છે, તો સામે પક્ષે ઘરે રોકાઈને પગે લાગવા આવનારાંઓને આવકારવામાં અને તેમને આશીર્વાદ સાથે બોણી આપવામાં, તેમની સાથે ઠાવકી છબીઓ પડાવવામાં બેસતુંવર્ષ વીતે છે.

* * *

આજે દિવાળીની સલૂણી સાંજ પડી છે અને ફળિયામાં અધૂરી મૂકેલી પેલી રંગોળીને સફેદ, ચિરોડીની રેખાઓથી બાંધવા ગામમાં સાસરે રહેતી દીકરી મૌસમી આવી છે. નીચે ફળિયામાં તેનો બોલાશ રાણીછાપ સિક્કો થઈને ખણકે છે. ઘરનાં ટોડલિયે, બાલ્કનીમાં

અને બેઠકરૂમમાં ઊતરતી સીડીનાં પગથિયે પગથિયે પત્ની ઈશિતાએ દીવડા પ્રગટાવ્યા છે. પત્નીનાં બલોયાંનો રણકાટ અને બહાર ફૂટતા ફટાકડાનો ધ્વનિ મારા લોહીના લયમાં ઓગળીને એક થઈ રહ્યા છે. રાતે અગાસીમાં તારામંડળે સજાવ્યું ભાતીગળ આકાશને જોતાં જોતાં સહુ સાથે મળીને જમીશું અને આખી રાત ઘરે અને ચોમેર ફૂટતા ફટાકડાને, આતશબાજીને નિહાળશું. ભાંગતી રાતે પત્ની બેઠકવ્યવસ્થાને નવાં કવર ચઢાવીને કલેવર બદલશે, ટિપાઈ સજાવશે, બારણે નવાં તોરણિયાં બાંધશે. કાલે જ્યારે ઝાકળભીની સવાર પડશે ત્યારે જીવનના એક નવલા વર્ષના કપોલે ચૂમી કરવા બારસાખ વચ્ચે ઊભેલાં મળીશું અમે બંને.

■

## સ્મરણોનું એવું / ધ્રુવ ભટ્ટ

સ્મરણોનું એવું
કે ક્યાંક હોય ફૂલ, ક્યાંક ધૂળ, ક્યાંક રેતી કે ધોધમાર વરસ્યો વરસાદ
પગલાંની છાપ

ક્યાંક ઓગળતી આંખ, ક્યાંક ભીંજાતી લાગણી કે દૂર દૂર રવરવતો સાદ.

ફાગણનાં ફૂલ સમું એકાદું નામ ક્યાંક વગડાની શૂળ જેમ વાગે
પાંપણથી રઢિયાળું સપનું સરે ને ક્યાંક જંગલમાં આગ આગ લાગે
સરવરમાં
સંધ્યાના ઓગળતા રંગ, ક્યાંક રાત, ક્યાંક ચાંદની કે રોમ રોમ પડતી સવાર
ક્યાંક હોય
સ્મરણોમાં ફૂલ, ક્યાંક ધૂળ, ક્યાંક રેતીનું ઝાડવું કે ધોધમાર વરસ્યો વરસાદ.

આખ્ખોયે બાગ ક્યાંક ઝાકળની જેમ સાવ ઓચિંતો આભ બની ઝૂકે.
સાતમા પતાળવાળો પરીઓનો દેશ કોઈ, મારો છે, લાવ, કરી રૂઠે,
પર્ણોની જેમ
જરા ફરફરતા હોઠ ક્યાંક ચૂપ, ક્યાંક વાણી કે રણણણણણ રણઝણતો નાદ,
રેતીનું ઝાડવું
કે ક્યાંક હોય ફૂલ, ક્યાંક ધૂળ, ક્યાંક સ્મરણોમાં ધોધમાર વરસે વરસાદ.

## નિબંધ

# ગ્રહણ

જયંત ડાંગોદરા

છેલ્લાં એકાદ-બે અઠવાડિયાંથી વર્તમાનપત્રો, સામયિકો અને ટી.વી. ચૅનલોવાળા હઠપૂર્વક આગ્રહ કરી રહ્યા હતા કે આ વખતનું ખગ્રાસ સૂર્યગ્રહણ આપણી સદીનું છેલ્લું ગ્રહણ છે ને એ જોઈ લેવામાં જ જીવનનો સમગ્ર સાર સમાયેલો છે. આ અસાર સંસારમાં જો સામે આવેલી આ તક ચૂકી ગયા તો પછી....એકસો...ને..આઠ વર્ષે છેક જોવા ભેગા થશો! ટૂંકમાં એક પ્રકારની ગર્ભિત ધમકી જ! કહેવાનો ટૂંકસાર એટલો જ કે આ તક ગઈ તો સૂર્યગ્રહણ જોવા તો મળશે પણ બીજાને, તમને નહીં! તમે તો એ વખતે ક્યાંય સ્વર્ગલોકમાં આંટાફેરા મારતા હશો!

આપણા રામ તો ગઈ સદીમાં જન્મીને એક વખત આ પ્રકારનું ગ્રહણ જોઈ ચૂકેલા એટલે તક હાથમાંથી છટકી જાય તોપણ બહુ અફસોસ જેવું ન હતું. પણ મને તો સંચારમાધ્યમોની આ ધમાચકડીમાં નાનેરાઓ સમક્ષ ફિશિયારી મારવાનો એ નિમિત્તે એક મોકો મળી ગયો. હું ઓળખીતા-પાળખીતાને હાલતાંચાલતાં હમણાંથી એક જ પ્રશ્ન પૂછતોઃ ‘તમે કદી ખગ્રાસ ગ્રહણ જોયું છે?’ અને ડોકું ધુણાવીને જેવો નકાર સાંભળું કે આપણા રામનો ટાયરનાં ચંપલ પહેરેલો રથ વેંત એક ઊંચો થઈ જતો! સામેની વ્યક્તિના ‘તમે જોયેલું?’ એવા પ્રતિપ્રશ્નની રાહ જોયા વગર જ કૉલર ટાઇટ કરીને કહી દેતો કે ‘બંદાએ તો એ નજારો સત્તર-અઢારની બાલી ઉંમરમાં જ જોઈ નાખેલો!’ પછી તો ‘હેં... તમે જોયેલું!?’ એવા પ્રશ્નાર્થ અને આશ્ચર્યનું આંજણ એ વ્યક્તિની આંખમાં જોઈ રહેવાની મને મજા પડી જતી. ગ્રહણ વિશેની મારી સામાન્ય એવી જાણકારીને હવા ભરાવા લાગતી! થોડી વારમાં તો એ વિસ્તરીને બ્રહ્માંડના વિસ્તરણ સુધી પહોંતી જતી. મારી જાણકારીનો અહમ્ જાણે મનુ મહારાજની માછલી!

આમ તો દરેક વ્યક્તિને આવા પરપોટા રમાડવા ગમતા હોય છે. કોઈના અજ્ઞાનરૂપી રમકડાં સાથે રમવાનું ગમવા લાગે ત્યારે જ્ઞ અને અજ્ઞ વચ્ચેનો ભેદ પારખવાનું મુશ્કેલ બની જતું હોય છે. સામેની વ્યક્તિ માત્ર ઉંમરના તફાવતને કારણે જ પૂર્વે બનેલી કોઈ ઘટના જોઈ શકી નથી એ જાણીએ ત્યારે ગળામાં ઘેઘૂર અવાજનાં બેસણાં થઈ જતાં હોય છે. ભીતર જાણે પીઢતા પ્રવેશી જાય છે! એ વખતે જરા ખોંખારો ખાઈને આશ્વાસન આપું છું કે ‘વાંધો નહીં, ભલે તમે ના જોયું હોય પણ આ વખતે ગ્રહણ જોવાનું ચૂકતા

જ નહીં. પછી કોને ખબર....' મને આવું કહેતાં કહેતાં આદિલસાહેબની ગઝલ યાદ આવી જાય છે.

મીડિયાના આગ્રહને મેં પણ સર પર ચડાવ્યો હતો. કેટકેટલા લોકો માત્ર ને માત્ર ગ્રહણ જોવા ખાતર જ સૂરત, વડોદરા, ઇન્દોર, વારાણસી, પટના કે દિબ્રુગઢ પહોંચી જવાની તૈયારી કરતા હોય તો આપણને તો ઘરબેઠાં બોટાદમાં જ દેખાવાનું છે! શા માટે મફતમાં આવી પડેલો લાભ ચૂકી જવો! વળી ભારતમાં સ્પષ્ટ દેખાય એવાં ઉપર નોંધેલાં સ્થળોની સાથે સાથે એવા સમાચાર પણ વહેતા થયેલા કે કેટલાક ખગોળ વૈજ્ઞાનિકો જેટ વિમાનમાં બેસીને ગ્રહણનો પીછો પણ કરવાના છે અને ખગ્રાસ ગ્રહણનો સમયગાળો એ રીતે પોતા પૂરતો લાંબો કરવાના છે! જોકે મને એ વખતે 'બહુ લાંબું ખેંચવાથી તૂટી જાય' એ કહેવત જ વધારે યાદ આવેલી! અલબત્ત આમાં તૂટવાની સંભાવના માત્ર વૈજ્ઞાનિકોના જ પક્ષે રહે, સૂર્યના પક્ષે નહીં. એટલે કહેવત પૂરેપૂરી કારગત નીવડે એવી નથી. આ વિચાર આવતા થોડો હાશકારો પણ થયો કે બિચારી પૃથ્વી નહિતર આમાં કાંઈ લેવાદેવા વગરની કુટાઈ જાત!

આખર સર્વ સંશયો ત્યાગી મેં સૂર્યગ્રહણ કઈ રીતે સ્પષ્ટપણે જોઈ શકાય એની તૈયારી તરફ મન પરોવ્યું. સૂર્યગ્રહણ જોવા તૈયાર રહેજો. એવી ટી.વી. ચૅનલોવાળાની વારંવારની અપીલને અનુલક્ષીને હું તો એક જોડી નવાં કપડાં પણ દરજી પાસે સિવડાવવા નાખી આવ્યો હતો. ગ્રહણ આવવાનું હોય અને આપણે યજમાન જ લઘરવઘર ફરતા હોઈએ તે કેમ ચાલે? ઘરના પ્રત્યેક સભ્યને પણ મેં તો તૈયાર રહેવાનું ફરમાન આપી દીધું હતું. પણ એ લોકોની તૈયારી જરા જુદા પ્રકારની હતી.

આગલા બે દિવસ પહેલાં જ મને આદેશ મળી ગયો હતો કે 'સીમમાં જઈને ડાભ લઈ આવજો. ઘરના ટોડલે ને બારણે ટીંગાડવો પડશે. અનાજનાં પીપમાં નાખવો પડશે.' શ્રીમતીજી પોતે ઘરનાં ગાય-ભેંસ ન હોઈ, અડોશપડોશમાંથી ઓળીપો કરવા માટે છાણ ભેગું કરવામાં ગૂંથાઈ ગયેલાં. ગ્રહણનાં પગલાં ઘરમાં પડે કે તરત જ ઓળીપો કરી ભૂંસી નાંખવાની સંપૂર્ણ તૈયારી એમણે કરી રાખી હતી. ગ્રહણનાં પગલાં પડે એ પછી ઘર વ્યવસ્થિત ચાલે ખરું? શ્રીમતીજીની ચિંતાનું મુખ્ય કારણ આ હતું! એમને ગ્રહણની ખગોળીય ઘટનામાં તસુભાર પણ રસ ન હતો. ઉપરથી મને સંભળાવ્યું પણ ખરું કે 'તમે તો પાપિયા છો પાપિયા. રાહુ સૂરજદાદાને ગળવાની તૈયારી કરી રહ્યો છે ત્યારે તમે આફતમાં પડેલા બિચારા દાદાને તડપતા જોવાની તૈયારી કરી રહ્યા છો! દયા જેવું કંઈ છે જ નહીં તમારામાં.' પુરાકથાનું આખેઆખું પોથું ખૂલી ગયું મારી સમક્ષ. વળી ઉમેર્યું: "એ તો સારું થયું કે દેવોએ રાક્ષસના ટુકડા કરી નાખ્યા, નહિતર આજે સૂરજદાદા હોત જ નહીં. દાદા ન હોત તો લાઇટનું બિલ કેટલું બધું આવત ખબર છે? એટલે .... હા, એટલે કહું છું કે દાદાનું દુ:ખ જોઈને રાજી ન થવાય. સમજ્યા?'

મેં જરા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ગ્રહણની ઘટના થોડી સરળ રીતે સમજાવવાની કોશિશ કરી. 'જો તું મારી આડે આવી જા તો હું પછી બીજ કોઈને દેખાઉં ખરો? ના દેખાઉં ને? તો બસ, એમ જ સૂર્યની આડે તારા જેવી ચંદ્રી આવી જવાની છે ને બિચારા

મારા જેવા અડીખમ સૂરજદાદાને આ વખતે પૂરેપૂરા ઢાંકી દેવાની છે. એનું નામ જ ગ્રહણ. એટલે કે આ વખતનું ખગ્રાસ સૂર્યગ્રહણ. સારું છે કે ચંદ્રી થોડી મિનિટો માટે જ આમ કરવાની છે, તારી જેમ જિંદગીભર નહીં હો!' પોતાની આવી પ્રશંસા સાંભળી ઘડીભર તો શ્રીમતીજી પણ સોળે કળાએ ખીલેલી ચાંદની બની ગયાં! હુંય ઘડીભર ઢંકાઈ ગયો. રૂપ તો ભલભલાને ઢાંકી દે, તો ભલા સૂર્યની શી વિસાત!

પણ મેં તો મારી રીતે તૈયારી આરંભી જ દીધી. ગ્રહણ કેવી રીતે જોવું એનાં વિધિ-નિષેધોની યાદી ધ્યાનપૂર્વક વાંચી ગયો પહેલાં તો. લો, તમારા માટે પણ મૂકું –

– નરી આંખે ગ્રહણ ન જોવું.

– ફોટોગ્રાફની વધુ પ્રમાણમાં એક્સપોઝ થયેલી ફિલ્મ વાપરી શકાય.

– વૈજ્ઞાનિક રીતે ટેસ્ટ થયેલું ફિલ્ટર વાપરવું.

– વેલ્ડિંગ કરનારનો ૧૪ નંબરનો કાળો કાચ વાપરી શકાય.

મારા માટે ઉપરોક્ત યાદી પૈકી વેલ્ડરનો કાચ ઉપલબ્ધ થાય એવી શક્યતા વધુ હતી. ગામના ચોરે ચંદુમામાની કોઢ હતી. ત્યાંથી મને થોડો સમય એ સાધન ગામમાં મારી આબરુ જોતાં ઉછીનું મળી રહેશે એવી મને ખાતરી હતી. અને માગતાંવેંત આબરૂના બદલામાં એ મળી પણ ગયું. પણ જેવું એ સાધન હાથમાં પકડીને ઘર તરફ પ્રયાણ કર્યું કે જે પ્રશ્નોની જડી વરસી... જે પ્રશ્નોની જડી વરસી છે... ન પૂછો વાત!

"કાં માસ્તર, વેલ્ડિંગ કરવું છે?"

"લે..હવે આ નવો ધંધો શરૂ કરવો છે કે શું?"

"કાં સામ્બ, ક્યાં સાંધો મારવો છે?"

ઘડીભર તો મનમાં થયું કે લાવ કાચ પાછો મૂકી આવું! પણ ત્યાં સુધીમાં તો હું અડધે પહોંચી ગયેલો એટલે એ વિચાર માંડી વાળીને મંડ્યો ધ્યેય તરફ કૂચ કરવા! ક્યરેક ઘર તરફનો મારગ ખાલીખમ જોય, થોડું દોડી પણ લીધું. હાશ, ઘરે તો પહોંચી ગયો! પણ ત્યાં તો પેલો કાચ જોય હિમાની, શ્લોકા ને શ્રીમતીએ શરૂ કર્યું.....

પણ 'ડગલું ભર્યું કે ના હઠવું' કાવ્યપંક્તિ યાદ કરી જુસ્સાભેર ઘરના સભ્યો આગળ 'સૂર્યગ્રહણ જાગૃતિ અભિયાન' અંતર્ગત એક ભાષણ જ ફટકારી દીધું. ઉપરથી તાકીદ પણ કરી કે 'આવતી કાલે સવારે વહેલા ઊઠી જજો. સૂર્યોદયની થોડીક મિનિટો પછી તરત જ ગ્રહણ શરૂ થઈ જવાનું છે. ત્રણ મિનિટ ને સત્તર સેકન્ડ માટે ફરીથી રાત પડી જવાની છે ધોળા દહાડે! સૂર્યની લાલ–કેસરી રંગની જ્વાળાઓ આ કાચમાંથી હોળીના ભડકા જેવી દેખાશે. ક્યાંક વળી ડાયમંડ રિંગનાં દર્શન થવાની પણ શક્યતા છે. વધારે તો એ જોવાની મજા પડશે કે મકાનો, ડુંગરો ને વૃક્ષો પર કાળા પટ્ટાઓ દેખાશે ને હજારો સર્પો દોડી આવતા હોય એવું ભયાનક દશ્ય પણ આંખને ધન્ય(!) કરે એવી

શક્યતા છે. માટે ગ્રહણનો ભય ત્યજીને આવતી કાલે સવારે જોવા માટે વહેલા ઊઠી તૈયાર થઈ જજો.

પ્રવચન પૂરું થયું ન થયું ત્યાં તો શ્રીએ કહ્યું કે 'આવાં ને આવાં જ ગાંડાં કાઢે છે! કાલ સૂરજ ક્યાંથી દેખાશે?'

મારો ગુસ્સો હવે કાબૂમાં ના રહ્યો. બરાડો પાડી ગુસ્સો ઠાલવ્યો કે 'કાલે શું સૂરજ મરી જવાનો છે? ટુકડે ટુકડા થઈ જવાનો છે?' કે 'સૂરજ ક્યાંથી દેખાશે? સૂરજ ક્યાંથી દેખાશે?' કરતી મંડી પડી છો સારા સવારની તે. તું તારે સૂઈ રહેજે. મગજ ન ખા.' એણે થોડો સુધારો સૂચવતાં કહ્યું કે 'અત્યારે હવે સૂવાટાણું છે, સવાર નહીં.' એ પછી હું મુખ જેટલું વક્ર કરી શકાય એટલું કરીને, ગોદડું તાણીને સૂઈ ગયો. એય...ને વહેલું થાય સવાર!

આખી રાત ગ્રહણનાં જ સપનાં આવ્યાં. અડધી અડધી કલાકે ઝબકીને જાગી જાઉં. એલાર્મ મૂકી રાખેલ પણ એના પર તો કેમ વિશ્વાસ થાય? આખી સદીનો સવાલ છે! પૂર્ણ વિશ્વાસ તો જાત પર જ રાખી શકાય એવા ખ્યાલે ઊંઘ પણ વેરણ થઈ. આખા ઘરને ઊંઘનું ગ્રહણ લાગી ગયેલું પણ મારે તો અખંડ જાગરણ! છેલ્લી એકાદ કલાક ઊંઘ આવી હશે ત્યાં તો જેના પર વિશ્વાસ ન હતો એ જ એલાર્મે મારી આંખનું બારણું ખખડાવ્યું! સફાળો જાગીને બાજુના ધાબા પર ચડી ગયો.

આજ તો સદીનું પ્રથમ અને છેલ્લું ગ્રહણ જોવાનું છે. બસ 'તું હી તું'ની જેમ એક જ રટણા ચાલતી હતી. ગ્રહણ....ગ્રહણ...ગ્રહણ. ને ધાબા પર ચડીને દસે દિશામાં જોઉં છું તો ચોતરફ ગ્રહણ જ ગ્રહણ! રડવું માંડ રોકી શક્યો. રાતભર કરેલો ઉજાગરો ફોગટ નીવડ્યો. ઘડીભર સહેજ અંધારા જેવું થયું ને પછી તો હેમનું હેમ! બધું જ રાબેતા મુજબ. અંધારામાં અંધારું ઉમેરો તો શું જવાબ આવે? આખુંય આભ શ્યામઘન વાદળોની ઘટાથી ઘેરાયેલું હતું. સૂર્યનું નામોનિશાન પણ દેખાતું ન હતું. નીચી મૂંડીએ દાદરો ઊતરી ઘરમાં પ્રવેશ કર્યો.

રસોડામાં નાહવાનું પાણી ગરમ કરતાં કરતાં શ્રીમતી ટેસથી ટી.વી. પર પૂર્ણ ખગ્રાસ સૂર્યગ્રહણનો નજારો માણી રહ્યાં હતાં. સૂરત, વારાણસી અને છેક શાંઘાઈ સુધીનાં ગ્રહણો નીરખતાં નીરખતાં મને પૂછ્યું કે "જોઈ તમે વારાણસીમાં ડાયમંડ રિંગ દેખાણી તે?' હું વકી બનેલ ચંદ્રિકાને જોઈ જ રહ્યો.

( તા. ૨૨/૦૭/૨૦૦૯, ખગ્રાસ સૂર્યગ્રહણ )

■

# 'બેફામની ગઝલસૃષ્ટિ'

દિનેશ ડોંગરે 'નાદાન'

ગુજરાતી ગઝલે લગભગ એક સદી ઉપરાંતનો સમય પૂરો કર્યો છે. પહેલો તબક્કો બાલાશંકર કંથારિયા, મણિલાલ નભુભાઈ, કલાપીનો છે, જેમાં ગુજરાતી ગઝલ પા પા પગલી કરતી હતી અને તેના ઉપર ફારસી શબ્દોનો પુષ્કળ પ્રભાવ હતો. બીજો તબક્કો ગઝલસમ્રાટ 'શયદા'થી શરૂ થાય છે, જેમણે ગઝલકારોની એક આખી ફોજ ઊભી કરી; જેમાં જમિયત પંડ્યા 'જિગર', આસીમ રાંદેરી, બદરી કાચવાલા, મરીઝ, સૈફ, શૂન્ય, ઘાયલ, ગની, બેફામ વગેરેનો ઉલ્લેખ કરી શકાય. આ શાયરોએ ગુજરાતી ગઝલને પ્રતિબદ્ધતાથી ખેડી અને ગુજરાતી બનાવી. ત્રીજો તબક્કો આદિલ મન્સૂરી, મનોજ ખંડેરિયા, ચીનુ મોદી, મનહર મોદી વગેરેનો કહી શકાય, જેમણે ગુજરાતી ગઝલને આધુનિક બનાવી નવી દિશા, નવું પરિમાણ બક્ષ્ય છે અને ડૉ. રશીદ મીર ગણાવે છે, તેમ અત્યારે ગુજરાતી ગઝલ અનુઆધુનિક ચોથા તબક્કામાં છે, જેમાં હાલમાં ઘણા પીઢ અને યુવાન ગુજરાતી ગઝલકારો ગુજરાતી ગઝલને એક અનોખા મકામ પર પહોંચાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

આટલી પૂર્વભૂમિકા બાંધવાનું કારણ મારે આજે એક એવા ગઝલકાર વિશે વાત કરવી છે, જે ત્રીજા તબક્કામાં આવ્યો અને ગુજરાતી ગઝલ પર એક અમીટ છાપ છોડી એ ગઝલકાર બીજું કોઈ નહીં, પણ આપણા લોકલાડીલા બરકત વિરાણી 'બેફામ'.

મેં ગઝલ લખવાની શરૂઆત સને ૧૯૭૮માં કરી, તે વખતે હું કૉલેજમાં હતો અને ગુજરાતી સાહિત્ય પરિષદનું વાર્ષિક અધિવેશન મ. સ. યુનિવર્સિટીના ચં. ચિ. મહેતા હૉલમાં મળેલું અને ત્યાં આ બધા શાયરોને નજીકથી સાંભળવાનો, મળવાનો મોકો મળ્યો હતો. બેફામે મારી પર એક અજબ આકર્ષણ પેદા કરેલું અને એમની સાથેની મુલાકાત પછી મનોમન એમને મારા ગુરુ તરીકે સ્વીકારેલા. કોઈ પણ જાતના ઍકેડેમિક વગર પોતાની કાવ્યશક્તિ સરળ ભાષાશૈલી અને સુમધુર કંઠના બળે એમણે એક મોટો ચાહકવર્ગ ઊભો કર્યો હતો. બેફામ આકાશવાણી મુંબઈ હોય કે મુશાયરાની મહેફિલ; ચોટદાર રજૂઆત અને સુકોમળ કંઠને લીધે સૌથી વિશેષ તાળીઓના હકદાર બની જતા.

જન્મઃ બેફામનો જન્મ ભાવનગર નજીકના સિહોર પાસેના ધાંધળી ગામે તા. ૨૫-

૧૧-૧૯૨૫ના રોજ થયેલો. તેમનું સાચું નામ બરકતઅલી ગુલામહુસેન વિરાણી હતું. અને કવિ રૂપે તેમનો જન્મ ૨૦-૯-૧૯૪૧ના દિવસે થયો હતો, એટલે કે એમણે પોતાની પહેલી કવિતા/ગઝલ ૧૬ વરસની ઉંમરે લખી હતી. મધ્યમવર્ગીય કુટુંબ ને વિષમ પરિસ્થિતિઓની વચ્ચેય બેફામે પોતાની ઉત્તમ કૃતિઓ આપી છે. બેફામ પોતે એવું માનતા કે માનવીને બે વ્યક્તિત્વ હોય છે : એક અંદરનું અને બીજું બહારનું. બહારનું એ જે જગત જુએ છે, જેના ઉપર વ્યક્તિ ઊભો છે. અને અંદરનું એ જે વ્યક્તિ પોતે જુએ છે, જાણે છે અને જેના થકી ઊંડે આંતર વિહાર કરે છે. જેનાથી એનો જીવનપ્રવાસ પ્રગતિ કરે છે. આ વાત એમણે પોતાના આત્મકથનમાં કહી છે.

દરેક સર્જકનો એક પ્રેરણાસ્રોત હોય છે. બેફામની કવિતાનો મુખ્ય પ્રેરણાસ્રોત ધ્યેય અને ધર્મ છે. તેઓ તેને પ્રાણની જેમ એકરાગ કરે છે. એ ક્યારેક માનવી પાસેથી કવિતાનું પ્રોત્સાહન મેળવે છે તો ક્યારેક કવિતા પાસેથી માનવતાનું. એક કવિની માનવી બની રહેવાની મથામણ અને તેના પરિણામસ્વરૂપ મળતી પીડાઓ, યાતનાઓ, ઉપેક્ષાઓ એને એના પરિપાક રૂપે ફૂટતાં વલયો અને તેમાંથી જન્મતી, આકાર લેતી કવિતા એટલે બેફામનું સર્જન.

તખલ્લુસઃ 'બેફામ' તખલ્લુસ (ઉપનામ)ઃ કવિએ 'બેફામ' તખલ્લુસ સ્વીકાર્યું તેનું કારણ પ્રથા નથી. હકીકતમાં કવિને પોતાની ઓળખ છુપાવવી હતી, કારણ, શાયર તરીકે જાહેર થવામાં તેઓ સંકોચ અનુભવતા હતા. બેફામના ગુરુ કિસ્મત કુરેશીએ 'બરકત' ઉપનામ સૂચવ્યું હતું પરંતુ, કવિને બરકતને છુપાવવા હતા એટલે બીજા બે તખલ્લુસ 'બેઝાર' અને 'બેફામ'માંથી કવિએ 'બેફામ' તખલ્લુસ સ્વીકાર્યું હતું. 'બેફામ' મૂળ 'બેફેહમ' (બે એટલે રહિત without) અને ફહેમ એટલે સમજ-sense) એમ થાય, એટલે બેફામનો અર્થ સમજ કે ભાન વગરનો એમ થાય છે. કવિને પાછળથી એમ પણ થયું હતું કે બેકામ કરતાં 'બરકત' રાખ્યું હોત, તો સારું અને એ લાગણીને કવિએ એક મક્તામાં આ રીતે મૂકી છે,

**વિશ્વમાં 'બેફામ' ભુલાઈ જવા તૈયાર છે;**
**એ કહે જો આટલું, કે યાદ બરકત છે મને.**

બેફામ શરૂઆતમાં છંદ વગરની રચનાઓ લખતા અને એટલો ક્ષોભ- સંકોચ અનુભવતા કે રાત્રે જાગીને લખેલી રચનાઓ સવારે નિર્દયતાપૂર્વક ફાડી નાખતા અને એ અનુભવેલા ક્ષોભ-સંકોચને કારણે છંદનું શાસ્ત્રીય જ્ઞાન મેળવી સિદ્ધહસ્ત ગઝલકારનું કાઠું કાઢી શક્યા.

બેફામ કિસ્મત કુરેશીને પોતાના ગુરુ માનતા અને ગઝલનું છંદશાસ્ત્ર એમની પાસેથી શીખ્યા, એવું એમણે જાહેરમાં સ્વીકારેલું છે. કિસ્મતભાઈને પોતાના ગઝલગુરુ જાહેરમાં સ્વીકારવામાં બેફામે સહેજ પણ ક્ષોભ-સંકોચ નથી રાખ્યો. તો સામે પક્ષે કિસ્મતભાઈએ પણ પોતાના શિષ્યને બિરદાવવામાં કોઈ કંજૂસાઈ નથી રાખી. બેફામ વિશે તેઓ લખે છે કે, 'જેનું નામ જ બરકત છે, એની સર્જનપ્રવૃત્તિ બરકતવંતી ન હોય, તો જ આશ્ચર્ય!'

બેફામે શિષ્યના ઉત્તરદાયિત્વ સાથે ગુરુભાવ પણ એટલી જ કર્તવ્યનિષ્ઠાથી બજાવ્યો છે. બેફામને ગુરુપદ કદીય સ્પર્શ્યું નથી. તેથી જ તેઓ કહે છે કે, 'મારી આવડત પ્રમાણે શીખવ્યું છે, એમની આવડત પ્રમાણે શીખ્યા છે. કેટલાક શિષ્યોએ માનમરતબો જાળવ્યો તો કેટલાકે શિષ્યત્વ પ્રચ્છન્ન રાખ્યું તો વળી, કેટલાકે ગુરુપદે સ્થાપીને ઉથાપવાનોય પ્રયત્ન કર્યો છે.

ગઝલસમ્રાટ 'શયદા' બેફામના સસરા થતા હતા, પરંતુ બેફામે ક્યારેય એમની પ્રતિષ્ઠાનો કે અંગત સંબંધનો ઉપયોગ કર્યો નથી. બેફામની સમગ્ર ગઝલયાત્રા નિષ્કલંક / નિર્વિવાદ રહી છે. ફક્ત "મને વડીલ તરીકે એમનું માર્ગદર્શન અને આશીર્વાદ માગ્યાં છે. બેફામ વિશે શયદાસાહેબ લખે છે કે, 'મને તો આપણો અંગત સંબંધ વખાણ કરતા અટકાવે છે, નહિ તો હું તો તમારી ગઝલોમાંથી ઘણા અશઆર રજૂ કરી શકું.' આમ કહી બેફામનો પ્રસિદ્ધ શેઅર ટાંક્યો છે કે જે સારસ્વત રામનારાયણ પાઠકને પણ ખૂબ ગમેલો...

**અલગ રાખી મને મુજ પર પ્રણયના સૂર ના છેડો;**
**વીણાનો તાર છૂટો હોય તો, વાગી નથી શકતો.**

બેફામે પોતાની આગળની પેઢીના ગઝલકારો સાથે સમકાલીનો અને એમનાં સર્જન પ્રત્યે પણ આદર દાખવ્યો છે. મરીઝ પ્રત્યેનો આદરભાવ પ્રગટ કરતાં બેફામ લખે છે કે, 'આયોજનનો કસબ અને અભિવ્યક્તિની કલામાં વિચારભાવને સબળ રીતે ગૂંથી લેતી – શ્રી મરીઝની માદક ગઝલોમાંથી થોડાક કાળ પૂરતું પરોક્ષ રીતે પ્રોત્સાહન મળ્યું છે. કિસ્મતભાઈની આંગળી પકડી માર્ગે પગ મૂક્યો એ પછી, ભાઈ મરીઝનાં પગલાંનાં ચારપાંચ નિશાન જોયાં છે.' તો બેફામ પ્રત્યેની લાગણી મરીઝ આ રીતે વ્યક્ત કરે છે, 'જેના કંઈ કેટલાયે શેઅર હું મારા જીવનના અનેક પ્રસંગો પર મનોમન ગણગણતો રહું છું અને એમાંથી આનંદ, આશ્વાસન અને કદીક મનગમતો આઘાત મેળવું છું. એ શાયરનું નામ છે "બેફામ". મુશાયરામાં સાંભળવો ગમે એવો કંઠ અને એકાંતમાં વાંચવું ગમે તેવું ગઝલસર્જન છે. આવા સુંદર ગઝલકાર મારા સમકાલીન છે, એનો મને ગર્વ છે, હર્ષ છે અને મીઠી ઈર્ષા પણ છે.'

બેફામ મુશાયરામાં જેટલા પ્રભાવશાળી હતા, તેટલા જ અને કદાચ તેથી પણ વધુ વાંચતી વખતેય પ્રભાવશાળી રહ્યા છે. બેફામની આ સિદ્ધિ કોઈ પણ ગુજરાતી ગઝલકારને ઈર્ષા થાય તેવી છે અને તેનો પુરાવો છે એમના સંગ્રહોની એક પછી એક પ્રિન્ટ થયેલી આવૃત્તિઓ. બેફામનો પહેલો સંગ્રહ 'માનસર' ૧૯૬૦માં પ્રગટ થયો અને પછી એની એકબે નહીં, પાંચ આવૃત્તિઓ પ્રગટ થઈ. બીજો સંગ્રહ 'ઘટા' ૧૯૭૦માં પ્રગટ થયો અને એની ત્રણ આવૃત્તિઓ પ્રગટ થઈ. તો વળી, ત્રીજો સંગ્રહ 'પ્યાસ' ૧૯૮૦માં પ્રકટ થયો એને એની પણ બે આવૃત્તિઓ પ્રગટ થઈ, એમના જીવનકાળમાં આ ત્રણ સંગ્રહો ઉપરાંત એમના મરણોપરાંત એમના ચાહકોએ એમનો ચોથો ગઝલસંગ્રહ 'પરબ' પ્રગટ કર્યો છે. એમના પ્રત્યેક સંગ્રહના પ્રાગટ્ય વચ્ચે દસ-દસ વર્ષનો સમયગાળો છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે, એમણે સંગ્રહ પ્રગટ કરવામાં સહેજ પણ ઉતાવળ નથી કરી.

બેફામ તેમના ગઝલસર્જનની જેમ સંગ્રહોનાં નામ બાબતે પણ સજાગ હતા, એવું એમના સંગ્રહોનાં નામ પરથી લાગે છે. માનવી જ્યારે જગતમાં જન્મે છે, ત્યારે પોતાના મનમાં એક રસ-સરોવર લઈને આવે છે, તે 'માનસર'. જગતના તાપ-સંતાપથી માનસરનાં જળ શોષાઈ વાદળ બને છે, તે 'ઘટા'. એ ઘટાનું જળ જગતની ઝાળથી વરાળ થઈ જતાં એને પોતાના જ રસની તરસ લાગે છે, એ છે 'પ્યાસ.' આમ, એમણે પોતે જ ત્રણેય સંગ્રહનાં નામોની અર્થસભરતા સ્પષ્ટ કરી છે અને ચોથા સંગ્રહનું નામ પણ એમણે 'વૃષ્ટિ' વિચારેલું પરંતુ ચાહકોએ 'વૃષ્ટિ'ના પર્યાય રૂપે 'પરબ' રાખ્યું છે, જે એમના ચાહકોએ ૧૯૯૪માં પ્રગટ કર્યો હતો.

બેફામની ગઝલ તેના અંતસ્તત્ત્વ (આત્મા) અને બહિરંગ (શરીર) – બંને રીતે સંપૂર્ણ સમૃદ્ધ છે. બેફામ પરંપરાના ગઝલકાર હોવા છતાંય જરૂર જણાય તો, પ્રયોગ કર્યો છે, જુઓ કેટલાંક ઉદાહરણ :

**કફન રૂપે નવો પોશાક પહેરાવ્યો છે લોકોએ,**
**મરણ પણ જિંદગીનો આખરી તહેવાર લાગે છે.** (ભાનસર પૃ. ૩૪)

**દીવાનગી છે, ભલા એને કોણ સમજાવે ?**
**જીવન એ વસ્ત્ર નથી કે તરત સિવાઈ જશે.** (ભાનસર પૃ. ૭૫)

તગઝ્ઝુલ :

ગઝલ એટલે પ્રેમાલાપ કે પ્રેમગોષ્ઠિ અને તઝ્ઝુલ એ ગઝલનો આત્મા. ગઝલમાં તઝ્ઝુલ ન હોય તો, એ લોકોને સ્પર્શી નથી શકતી, જુઓ કેટલાંક ઉદાહરણ :

**આખું વિશાળ વિશ્વ મને સાંકડું પડ્યું,**
**કોઈના દિલમાં જ્યારથી થોડી જગા માળી.** (ભાનસર પૃ. ૭૮)

**હાજર તમે છો એટલે બેસી રહ્યો છું હું,**
**ગમતી નથી નહિ તો, તમારી સભા મને.** (ઘટા પૃ. ૪૭)

**એટલે મેં કોઈની પ્રીત સ્વીકારી નહીં,**
**એમ ના લાગે કે તારી લાગણી ઓછી પડી.** (ઘટા પૃ. ૬૬)

**તારી જ ખોટ કિંતુ સતત સાલતી રહી,**
**નહીં તો જીવું છું હું તો ઘણાયે અભાવમાં.** (પ્યાસ પૃ. ૬૨)

મિજાજ :

મૂળ અરબી ભાષાનો શબ્દ, જેનો કોશગત અર્થ તબિયત, ખમીર, ગુણ અથવા ખાસિયત; એમ થાય છે. આમ, મિજાજ એટલે સર્જકનું ખમીર, ઓળખ અથવા પ્રકૃતિ; કોઈ પણ સર્જનથી જ એ કોનું સર્જન છે, ઓળખાઈ જાય, એનું નામ મિજાજ (Temperament). જુઓ કેટલાંક ઉદાહરણ;

**જગતમાં સર્વને કહેતા ફરો નહીં કે દુઆ કરજો,**
**ઘણાં એવાંય છે, જેની દુઆ સારી નથી હોતી.** (ભાનસર પૃ. ૧૮)

**આગળ વધી ન જાજે કદી મિત્ર એટલો,**
**પાછળ નજર કરે ને મને જોઈ ના શકે.** (ભાનસર પૃ. ૮૩)

**નહીંતર આવી રીતે તરે નહીં લાશ દરિયામાં,**
**મને લાગે છે કે એણે કિનારે તમને જોયા છે.** (ઘટા પૃ. ૧૭)

બેફામની ગઝલોમાં વિષયવૈવિધ્ય ઊડીને આંખે વળગે એવું છે. પ્રેમ અને પ્રકૃતિ પ્રમુખ સ્થાને છે જ, પણ જીવનના અનુભવો, જીવનદર્શન, તત્ત્વજ્ઞાન, આદર્શો અને મૃત્યુનું તત્ત્વચિંતન પણ છે. મિત્રો-સગાંઓ તરફથી મળેલી કટુતા, ઉપેક્ષા સાથે કૃતજ્ઞતાનાં પણ તેમની ગઝલોમાં દર્શન થાય છે. કેટલાક વિષયવૈવિધ્યવાળા શેઅર જોઈએ :

ખુદાપરસ્તીઃ

**આ રીતે સમતોલ તો કેવળ ખુદા રાખી શકે,**
**ભાર માથા પર મૂક્યો છે ને નમાવ્યો છે મને.** (ઘટા પૃ. ૧૦)

**કદાચ આ વાત પર શયતાનને ઝૂકી જવું પડશે,**
**કે માનવને ગુનાહોમાંય ઈશ્વર યાદ આવે છે. (ભાનસર પૃ. ૨૯)**

જીવનદર્શન :

**રોજ લંબાયા કરે ને લાજ પણ રાખ્યા કરે,**
**ભરસભામાં દ્રૌપદીના ચીર જેવું છે જીવન. (પ્યાસ પૃ. ૧૫૭)**

પ્રણયોર્મિ :

**પ્રણય માટે હતું જે કાંઈ આવશ્યક, મૂકી દીધું,**
**પ્રથમ હૈયું મૂકી દીધું, પછી મસ્તક મૂકી દીધું. (ઘટા પૃ. ૫)**

**ઓ દિલ, કસર ન કોઈ રહી જાય સરભરામાં,**
**આવે છે એમને તો ઓછું જરાજરામાં. (પ્યાસ પૃ. ૧૦૭)**

પ્રકૃતિ :

**કમળની પ્યાસ પણ મારા સમી લાગે છે, ઓ ઝાકળ,**
**સરોવરમાં રહી મુખ ઊંચું રાખે છે સરોવરથી. (ભાનસર પૃ. ૧૧)**

**વસ્યો છું કંટકોમાં એટલે ધારી શકું છું હું,**
**કે આ ઊડી જતી ખુશ્બૂ સુમનનો ભાર લાગે છે. (ઘટા પૃ. ૪૧)**

**અશ્રુ પછીના સ્મિતનું આ દશ્ય તો જુઓ,**
**વર્ષા પછીનો જાણે કે પહેલો ઉઘાડ છે. (પ્યાસ પૃ. ૭૩)**

વ્યથા માનવનું અવિભાજ્ય અંગ છે. સુખ વચ્ચે વચ્ચે આવે છે. પરંતુ દુઃખ નિરંતર

છે. પથ્થરયુગથી–અવકાશયુગ સુધી માનવીએ ગમે તેટલી પ્રગતિ કરી હોય, અબજોપતિ મુકેશ અંબાણી હોય કે રસ્તે સૂતો ભિખારી હોય, દરેકને પોતાની અંગત વ્યથા હોય છે.

**શું મળે મરતાં સુધી એ માનવીને દુઃખ વિના?**
**જન્મતા જેને જગે પહેલું રુદન કરવું પડ્યું.** (ભાનસર પૃ. ૪૬)

પ્રતીક્ષા :

પ્રેમ શાશ્વત તત્ત્વ છે અને પ્રેમ છે ત્યાં સુધી પ્રતીક્ષાય રહેવાની. પ્રેમમાં સહવાસની ઝંખના હોય, એ સ્વાભાવિક છે પણ વાસ્તવિકતા કંઈ અલગ હોય છે.

**મારા સદનમાં એની પ્રતીક્ષાની વાત ક્યાં?**
**મળતાં નથી હવે તો, એ નિજના નિવાસમાં.** (ઘટા પૃ. ૪૫)

**હવે ન જઈ શકો આગળ ન જઈ શકો પાછળ,**
**બહુ જ સ્થિર કરી દે છે ઇંતેઝારનો થાક.** (ઘટા પૃ. ૯૨)

ખુમારી :

ખુમારી માણસનું સ્વભાવગત લક્ષણ છે. ખુદ્દાર માણસ ગમે તેવી નિઃસહાય, વિપરીત પરિસ્થિતિમાંય પોતાનું સ્વમાન ટકાવી રાખે છે અને સ્વમાન ખાતર મોતનેય વહાલું કરે છે.

**મેં હાથ પણ ન લગાડ્યો એ તુચ્છ દુનિયાને,**
**સિકંદર આવ્યો હતો જેને જીતવા માટે.** (ઘટા પૃ. ૪૮)

**જગતના ઝંઝાવાતો ઓલવી શકશે નહિ એને,**
**મેં મારું લોહી બાળીને જીવનદીપક જલાવ્યો છે.** (ઘટા પૃ. ૮૦)

**મને આ કલ્પનાના ઉડ્ડયનની દાદ તો આપો,**
**કે મેં પિંજર મહીં હોવા છતાં પાંખો પસારી છે.** (ઘટા પૃ. ૧૧૮)

ઘરઃ

દુનિયાનો છેડો ઘર છે, માણસ ગમે ત્યાં જાય પણ, ઘર જેવી શાંતિ એને ક્યાંય મળતી નથી અને ઘર વિશે બેફામે જે શેઅર કહ્યા છે, એ જોઈએ :

**દુનિયા! તું ખૂબ રૂપાળી, ને પાછી વૈભવશાળી છે,**
**પણ પ્રીત મને તો થઈ ગઈ છે મારા મામૂલી ઘર સાથે.** (પ્યાસ પૃ. ૧૨ ૨)

**જે ખરું મળવાનું ઠેકાણું છે, એ તો હું જ છું,**
**બહાર નીકળી જાઉં હું તો મારા ઘરમાં કંઈ નથી.** (પ્યાસ પૃ. ૧૫૪)

સમયઃ

માણસ ગમે તે હોય, સમયની સામે લાચાર છે. સમય બળવાનને ઘૂંટણિયે લાવી દે છે અને નબળાઈને બળવાન બનાવી દે છે. સમય સતત ગતિશીલ છે અને તેથી જ

બેફામે સમયને તેમના શેઅરમાં આ રીતે આલેખ્યો છે :

**મારો સમય ફર્યો છે, મને એનો ગમ નથી,**
**ઓ દોસ્ત, દુઃખ છે એ જ કે, પૃથ્વી ફરી ગઈ.** (ભાનસર પૃ. ૯૩)

મત્લાઃ

મત્લા એ ગઝલનું પ્રવેશદ્વાર કહેવાય છે. સારો મત્લા વાચકને / શ્રોતાને ગઝલમાં પ્રવેશવાનું આકર્ષણ ઊભું કરી માર્ગ મોકળો કરી આપે છે. બેફામના આ સુંદર મત્લા એની સાક્ષી પૂરે છે :

**ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,**
**કે સારા હોય છે, એની દશા સારી નથી હોતી.** (ભાનસર પૃ. ૬૮)

**ઓ હૃદય તેં પણ ભલા કેવો ફસાવ્યો છે મને ?**
**જે નથી મારા બન્યાં. એનો બનાવ્યો છે મને !** (ઘટા પૃ. ૯)

**મેં સુરાને દિલના દર્દોની દવા ધારી હતી;**
**પણ પછી જાણ્યું કે એ પણ એક બીમારી હતી.** (ઘટા પૃ. ૯૬)

**હવે રસ્તો બદલ ઓ દિલ, કે એનું ઘર નહીં મળશે,**
**અને મળશે તો પહેલાંના સમો આદર નહીં મળશે.** (પ્યાસ પૃ. ૩૫)

**તબીબો પાસેથી હું નીકળ્યો દિલની દવા લઈને,**
**જગત સામે જ ઊભેલું હતું દર્દો નવા લઈને.** (ઘટા પૃ. ૩૫)

**બીક છે બંને તરફ, બંને તરફ નુકસાન છે,**
**દોસ્ત છે દાના બધા, દુશ્મન બધા નાદાન છે.** (ઘટા પૃ. ૧૩૩)

**જુઓ, જાહેરમાં તો ખાય છે એ સૌ દયા મારી,**
**કરી છે ખાનગીમાં જેણે જેણે દુર્દશા મારી.** (પ્યાસ પૃ. ૨૨)

**સંકુચિત માન્યો મને, એણે એ સમજાયું નહીં,**
**દિલ તને દીધા પછી દુનિયાને દેવાયું નહીં.** (ઘટા પૃ.૨૩)

મક્તા :

મક્તા પરંપરાની ગઝલનું અવિભાજ્ય અંગ છે અને તેના વિના ગઝલ અધૂરી છે. બેફામ સાહેબ તેમના મક્તાના કારણે વિશેષ પ્રસિદ્ધિ પામ્યા છે. એમની ગઝલોના મક્તામાં મૃત્યુ વિષયક ચિંતન ખૂબ જ સુંદર રીતે રજૂ થયું છે :

**જીવન કરતાં વધુ સંતોષ છે 'બેફામ' મૃત્યુમાં,**
**હતાં મોટાં મકાનો, એમની નાની મઝારો છે.** (ભાનસર પૃ. ૭)

**ખુદાના ન્યાયમાં છૂપી સજાઓ પણ હશે 'બેફામ',**
**ઘણા એવા ગુન્હા છે, જે સાબિત થઈ નથી શકતા.** (ભાનસર પૃ. ૪૨)

હોય છે કહેવા સમું જે, એ જ કહેવાતું નથી,
બહુ વિકટ 'બેફામ', જીવનની કહાણી હોય છે. (માનસર પૃ. ૫૨)

આ બધાં' બેફામ', જે આજે રડે છે મોત પર,
એ બધાંએ જિંદગી આખી રડાવ્યો છે મને. (ઘટા પૃ. ૧૦)

રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એ જ કારણથી,
હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી. (ઘટા પૃ. ૨૨)

જીવનને જીવવાની તો કદી નવરાશ પણ નહોતી,
મળ્યો કેવી રીતે બેફામ મરવાનો સમય તમને? (પ્યાસઃ પૃ. ૪૪)

બેફામ અને એમની ગઝલસૃષ્ટિને સમગ્રતયા જાણવા-માણવા માટે એમની સંપૂર્ણ ગઝલ, નઝમ અને થોડાંક મુક્તકો માણવાં ખૂબ જરૂરી છે અને તેથી જ એમની બેત્રણ ચૂંટેલી રચનાઓ સાથે આજના ઉપક્રમને વિરામ આપીએ :

ગલતફહેમી ન કરજે એશ માટે મયકશી નહોતી,
મને પણ શેખ! તારી જેમ આ દુનિયા ગમી નહોતી.

ખબર શું કે ખુદા પણ જન્મ આપી છેતરી લેશે,
જીવ્યો ત્યારે જ જાણ્યું કે એ સાચી જિંદગી નહોતી.

બહુ કપરા દિવસ વીત્યા હતા તારી જુદાઈમાં,
કે નહોતી રાત જુલ્ફોની, વદનની ચાંદની નહોતી.

મિલનની ઝંખના તો જો! કે તારી શોધ કરવામાં,
લીધી છે રાહ એવી પણ કે જે તારી ગલી નહોતી.

*

થાય સરખામણી તો ઊતરતા છીએ તે છતાં આબરૂને દીપાવી દીધી,
એમના મહેલને રોશની આપવા ઝૂંપડી પણ અમારી જલાવી દીધી.

ઘોર અંધાર છે આખી અવની ઉપર તો જરા દોષ એમાં અમારોય છે,
એક તો કંઈ સિતારા જ નહોતા ઊગ્યા, ને અમે પણ શમાઓ બુઝાવી દીધી.

કોઈ અમને નડ્યા તો ઊભા રહી ગયા પણ ઊભા રહી અમે ના કોઈને નડ્યા, ખુદ અમે
તો ન પહોંચી શક્યા મંઝિલે, વાટ કિન્તુ બીજાને બતાવી દીધી.

કોણ જાણે, હતી કેવી વર્ષો જૂની જિંદગીમાં અસર એક તન્હાઈની,
કોઈએ જ્યાં અમસ્તું પૂછ્યું, 'કેમ છો', એને આખી કહાણી સુણાવી દીધી. જીવતાં જે
ભરોસો હતો ઈશ પર, એ મર્યા બાદ 'બેફામ' સાચો પડ્યો,
જાત મારી ભલેને તરાવી નહીં, લાશ મારી પરંતુ તરાવી દીધી.

### મુક્તકો

ક્રૂર લોકોનું ક્રૂર વર્તન હવે સહેવું નથી,
થાય છે સૌ રાજી એથી દિલનું દુઃખ કહેવું નથી.

**આજના આ માનવીનો એ અનુભવ છે મને,**
**જો એ જન્નતમાં મળે, જન્નતમાં પણ રહેવું નથી.** (ભાનસર પૃ. ૧૨૦)

**હટી જાયે સહારા ત્યાંથી હદ અલ્લાહની સમજો,**
**દુ:ખોમાં પણ ઘડી આવે સુખદ અલ્લાહની સમજો.**
**જેમાં ધારી હોય, ત્યાંથી ના મળે ને એ પછી ‘બેફ઼ામ’,**
**જો અણધારી મળે, એને મદદ અલ્લાહની સમજો.** (ઘટા પૃ. ૧૮૭)

**જન્મ પર રોઈ લીધું છે, મરણને રોઈ બેઠો છું,**
**હું એકલતા જીવનની બેય રીતે જોઈ બેઠો છું;**
**કે નીકળ્યો સ્વર્ગમાંથી તો ખુદાને ખોઈ નાંખ્યો મેં,**
**ને આવ્યો આ જગતમાં તો તને પણ ખોઈ બેઠો છું.** (ઘટા પૃ. ૧૯૯)

ગુજરાતી સાહિત્ય પરિષદ, ‘અક્ષરા’ અને પ્રેમાનંદ સાહિત્યના સંયુક્ત ઉપક્રમે તા. ૧૬-૦૩-૨૦૨૪ ને શનિવારના રોજ પ્રેમાનંદ સાહિત્ય સભા, વડોદરા ખાતે યોજાયેલ ગની દહીંવાલા વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત આપેલ વક્તવ્ય.

■

## અત્તરના પડછાયા / જયેન્દ્ર શેખડીવાળા

ફૂલવછોયું વાગ્યું અમને ટાણું રે
કોઈ છાંટો અમને અત્તરના પડછાયા
નજરું નમણા ફ઼ાયાનું ફ઼ટાણું રે
કોઈ છાંટો અમને અત્તરના પડછાયા

ખીણ ઉલેચી, ઠીબ ઢાલવી પારેવાનું સમણું ભરચક વાદળનું અંધારું સૂંઘે
શેડકઢો કોઈ વટેમારગુ ગોરજના પૂમડાની વચ્ચે અચરજના અજવાળે ઊંઘે

પગલું ભીની માટીનું મૂંઝાણું રે
કોઈ છાંટો અમને અત્તરના પડછાયા

ગજરાનો ઉલ્લેખ છાટકું મહેણું મારે, સુગંધ અમારી નસ નસ છૂટે
મેલોઘેલો પવન પછી પગરવને પ્હેરી તરત તમારે દેશ વછૂટે

ચકલું ઝીણી ધીરજનું વીંધાણું રે
કોઈ છાંટો અમને અત્તરના પડછાયા

ફૂલવછોયું વાગ્યું અમને ટાણું રે
કોઈ છાંટો અમને અત્તરના પડછાયા

# ‘વહાલનાં વલખાં’ : વ્યથાસભર જીવતરનો જીવંત દસ્તાવેજ

દશરથ પરમાર

[**વહાલનાં વલખાં** : લે. જોસેફ મૅકવાન, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્ર.આ. ઑક્ટોબર 2015, પૃ. 200, મૂલ્યઃ 170 ]

જોસેફ મૅકવાન (09/10/1936 – 28/03/2010) રેખાચિત્ર કે ચરિત્રનિબંધોની સમૃદ્ધ પરંપરામાં સૌથી નોંખા તરી આવતા જીવનવાદી સર્જક છે. 1985માં પ્રથમ રેખાચિત્રસંગ્રહ “વ્યથાનાં વીતક” પ્રગટ થતાંની સાથે જ તેઓ ગુજરાતી સાહિત્યની મુખ્ય ધારાના ભાવકોના અસીમ સ્નેહ અને સન્માન્ય વિવેચકોના સમાદરના અધિકારી બની રહ્યા હતા. દીર્ઘ રેખાચિત્રોના માધ્યમથી સદીઓથી ઉવેખાયેલા અને ઉપેક્ષિત દલિતો-પીડિતોની વેદના અને વ્યથાને આલેખનાર જોસેફભાઈ ગુજરાતી સાહિત્યમાં, વિશેષતઃ રેખાચિત્રકારોમાં એક મહત્ત્વનું નામ બની રહ્યા છે. “એક યુગવીતી વેદના”, “લક્ષ્મીનો ચાંલ્લો”, “માસ્તર : મારા બાપુ”, “આયખાની આયપત”, “તો હું લાડુ જ બોટું”, “જમની મારકણી”, “ભવાન ભગત”, “ધાગો સેમાડિયો” અને “મારી ભિલ્લુ” જેવાં એકબીજાથી ચડિયાતાં રેખાચિત્રો આપનાર જોસેફભાઈએ બાર રેખાચિત્રસંગ્રહો થકી ગુજરાતી ચરિત્રસાહિત્યને રળિયાત કર્યું છે.

અહીં, જોસેફભાઈના જે રેખાચિત્રસંગ્રહ વિશે વાત કરવાની છે તે છે – “વહાલનાં વલખાં”. આ સંગ્રહમાં કુલ છ રેખાચિત્રો સમાવવામાં આવ્યાં છે. જનક – જનેતા – કાકા – કાકી – ફોઈ વગેરે સ્નેહી-સ્વજનોના સ્નેહ માટેનાં વલવલાટ અને વલખાં આ સંગ્રહનો પ્રધાન સૂર છે. એક રીતે જોઈએ તો આ સંગ્રહ “વ્યથાનાં વીતક”નો વિસ્તાર (Extension) છે. વ્યથા, વેદના, વલોપાત, વ્યર્થતા, વૈફલ્ય, વેર, વલવલાટ અને વૈરાગ્ય – લેખકને વહાલા એવા ‘વ’થી શરૂ થતા વિવિધ ભાવોનું સબળ સામંજસ્ય ધરાવતા આ સંગ્રહનાં રેખાચિત્રોમાં જોસેફભાઈએ માનવસંબંધોની અતાગ અને અપાર સંકુલતાને સ્વકીય સામર્થ્યથી આલેખી છે.

વિગતે જોઈએ તો –

સંગ્રહના પહેલા રેખાચિત્રનું શીર્ષક છે : “હતી ત્યારે મારે ત્રણ-ત્રણ મા હતી”. ત્રણેક વર્ષની ઉંમરે માતાની છાયા ગુમાવનાર લેખકની યાદદાસ્ત આશ્ચર્ય થાય એટલી

હદે અણિયાળી છે. એમના શૈશવનાં અનેક સ્મરણો સ્વરૂપે જળવાઈ રહેલી જનેતા "હીરા"ની વ્યથા-કથાની માંડણી આખાય રેખાચિત્રમાં હૃદયસ્પર્શી રીતે થઈ છે. ટી.બી.ની પેશન્ટ મા પોતાના પતિને બીજી સ્ત્રી સાથે વરોંધાયેલા જાણી જીવવામાંથી રસ ગુમાવી બેસે છે. લેખકના જીવનમાં જેની મમતા અને વાત્સલ્યનું અપાર મહત્ત્વ છે તે માનું મોત, ચારેક મહિના પછી દાદીનું મૃત્યુ, એના થોડાક જ કલાકોમાં પિતાનું નવી માને પરણવા જવું, મનુભાઈનું મોત, લાડુભાભી, કાકા અને કાકી – આ બધાંયના જીવનની વરવી વાસ્તવિકતાની વ્યથા-કથા આ રેખાચિત્રમાં સુપેરે આલેખાઈ છે. માના મોત પછી, લેખકને કાકીમાં મમતાની મૂર્તિનાં દર્શન થાય છે. પરંતુ, કાકાના અકાળ અવસાન પછી એ પણ પિયર ચાલી જાય છે. તત્પશ્ચાત્ – ઊંચા પૂરા સાગના સોટા જેવાં, નકરા બાંધાનાં, ચહેરો આંખે અડે, અંતરે વસે ને હૈયાને ભાવતો રહે એવું રૂપ ધરાવનાર લાડુભાભી માના મોતથી કાકાના મરણ સુધી દરેક પ્રસંગે લેખકને છાતીએ ચાંપતાં રહે છે. પરંતુ, એમના જીવનનો અંત પણ અત્યંત કરુણ રીતે થાય છે. લેખક અંતે કહે છે કે, "મારા જીવનમાં સર્વાધિક પ્રભાવ રહ્યો છે, મારી લાડુભાભીનો. નવી માની નિર્મમતા મારા કુમળા હૈયામાં સ્ત્રીમાત્ર પ્રત્યે જે તિરસ્કાર જન્માવત એનું વારણ કર્યું લાડુના મારા પ્રત્યેના લાડે. થયા એટલા મારા અભાવ એણે પૂર્યા. મારી સદ્‌વૃત્તિઓને સંકોરી, લાડુના અપમૃત્યુએ મને જીવનનો અર્થ સમજાવ્યો. આજે હું જે કંઈ છું તે એના પ્રતાપે, પ્રભાવે. કબીર પરમાત્માને પરહરી ગુરુને પગે લાગવા તાકતા હતા. મને એ મોકો મળે તો હું મારી જન્મદાત્રીને પરહરી, મારી મા તરીકે લાડુને જ બોટી લઉં.." આમ, "વ્યથાનાં વીતક" સાથે અનુસંધાન ધરાવતા આ રેખાચિત્રમાં ત્રણ-ત્રણ માતાઓ – સગીમા, ઓરમાન મા અને લાડુભાભી – નો સબળ; અપિતુ અધૂરો સ્નેહ-સંગાથ પામેલા લેખક અંતે તો માની મમતાથી સર્વથા વંચિત રહ્યા છે. એમની એ વ્યથા રેખાચિત્રના પ્રત્યેક શબ્દમાંથી નીતરતી જોવા મળે છે.

બીજું રેખાચિત્ર છે : "એક યુગવીતી વેદના". પ્રથમ રેખાચિત્રની જેમ જ "વ્યથાનાં વીતક" સાથે સંબંધ ધરાવતું આ રેખાચિત્ર એમના કાકા અને કાકીના જીવનનાં તમામ દુઃખ-દુવિધાઓને વ્યક્ત કરે છે. ભત્રીજા જોસેફને ભરપૂર ચાહતી નિઃસંતાન કાકી ઝવર હેતનો દરિયો છે. મરતી જેઠાણીને એ જોસેફને સાચવવાનું વચન તો આપે છે. પરંતુ, બીમાર પતિએ આપેલા સમ પાળવાનું પણ એને માટે એટલું જ અગત્યનું છે. પરિણામે, પતિના મરણ પછી બેજીવી હોવા છતાં ઘર છોડી જાય છે. અને બીજું ઘર માંડે છે. ત્યાં એના દુઃખનો પાર નથી. નવા પતિથી બીજાં સંતાનો થાય છે. ઘર-ગૃહસ્થી સારી રીતે ચલાવવા માટે મિલમાં કાળી મજૂરી કરે છે. સોળ-સોળ વર્ષનાં વહાણાં વાયા પછી પણ બાળક મટી જુવાન બનેલા જોસેફની ભીતર કાકીની મૂર્તિ અખંડિત છે. એને શોધતો એ અમદાવાદ પહોંચી જાય છે. દૂરનાં ફોઈ-ફુવાનો વાર્યો પણ એ વળતો નથી. કાકીના ઘરનું કલ્પનાથી વિપરીત દૃશ્ય જોઈ એ દ્રવી ઊઠે છે. ઊલટાનો કાકીના નવા પતિ અને એના સાથીદારોની ચુંગાલમાં ફસાઈ જાય છે. જોકે, પેલા કૂવા જ એમાંથી એને ઉગારે છે. અંતે, મિલના ઝાંપે જઈ કાકીને જુએ છે. એની અવદશા જોઈ એને મળવાની ઝંખના બળવત્તર બની રહે છે. સ્ટેશનના બાંકડે રાત પસાર કરી, સવારે વળી પાછો મિલ

આગળ પહોંચી જાય છે. થોડીક મથામણને અંતે એક ભલા લેબર ઑફિસરની સહાયથી આંબલીના છાંયે કાકી સાથે મિલનયોગ રચાય છે. પણ આ કાકી તે કઈ છે? લેખક કહે છે કે, "મારાં શિશુ લોચને ન્યાળેલું કાકીનું રૂપ કાળ ગ્રસી ગયો હતો. એક યુગથી હું જેની આરતમાં ઝૂર્યા કરતો હતો એ મારી કાકી આ નહોતી." કાકી પણ એને બરાબર ઓળખતી ન હોય એમ વર્તે છે. બીજું ઘર માંડતાં સંબંધના સઘળા બંધ કપાઈ ગયા હતા. મૂળિયાં ટૂંપાઈ જાય ત્યાં ડાળે-પાંખડે પાણી સિંચ્યાથી શો દા'ડો વળે? એમ માનતી કાકી ઝાઝો ઉત્સાહ-ઉમંગ બતાવ્યા વગર ત્યાંથી ચાલી નીકળે છે. પરંતુ, જોસેફના જીવને જંપ નથી. એ માને છે કે, કાકીનાં મમતાનાં દ્વાર આમ અમસ્તાં ના ભિડાઈ જાય. એનું કંઈક કારણ હોવું જોઈએ. પિતરાઈ ભાઈને કારણે એ જે પરેશાની વેઠી રહી છે, એમાં કદાચ એને સંડોવવા માગતી નથી, એ જ કારણ હોઈ શકે.

એ મુલાકાત પછી પણ લેખક કાકીને ભૂલી શકતા નથી. વળી પાછાં ચૌદ વર્ષનાં વહાણાં વાય છે. અને રાજકોટ મિશનના થાનકે વળી કાકી સાથે નિરાંતે મેળાપ થાય છે. છૂટાં પડતી વખતે કાકી : "ભગવાન લાવશે તો તમારા તાં આવેશ, ભઈ! આંતયડી ઠરી ગઈ તમનં જોઈનં. આ તે ઓછું ભાયગ છ?" પરંતુ એમ થતું નથી. કાકીને નાના ભાઈના લગ્નમાં પુનઃ પધારવાનું વચન આપી પરત ફરેલા અને લગ્નસરા વખતે એની કંકોતરીની આતુરતાપૂર્વક વાટ જોઈ રહેલા લેખકને એક દિવસ ખૂણે ફાટેલો પોસ્ટકાર્ડ મળે છે : "અમારા માતૃશ્રી. ઝવરબાઈનું અવસાન થયું છે તે જાણશો..." સંસારની વિવિધ વિષમતાઓ, વિપદાઓ, રૂઢિઓ, માન્યતાઓ અને બંધનો વચ્ચે પીડાના પર્યાય સમાં ઝવરકાકી જેવાં મનેખ પણ વસે છે, એ લેખકના વેદનાયુક્ત જીવતર માટે ઓછું આશ્વાસક નથી. શીર્ષકને સાર્થક ઠેરવતા આ રેખાચિત્રમાં કાકીના એક આખા યુગની વેદના કારુણ્યસભર શબ્દોમાં ઘૂંટાઈને આલેખાઈ છે.

"માસ્તર : મારા બાપુ" : સંગ્રહના આ ત્રીજા રેખાચિત્રમાં લેખકના પિતાના જીવનની એક અલગ છબી આલેખાઈ છે. "વ્યથાનાં વીતક"માં 'તો હું લાડુ જ બોટું', 'લક્ષ્મીનો ચાંલ્લો' અને 'કાકાની હૂંઢલ' જેવાં રેખાચિત્રોમાં જેમની આછી-પાતળી આકૃતિ અંકાઈ હતી તે 'ડાહ્યા હરખા માસ્તર'ના નિષ્ઠુર, નિર્દય અને નિર્લેપ લાગતા પાત્રને લેખકે અહીં નિરાંતે અને એક અલગ દૃષ્ટિકોણથી આલેખ્યું છે. કૅમેરાના બીજા ઍંગલથી લેવાયેલા શૉટમાં પેલા "વ્યથાનાં વીતક"વાળા પિતાની છબિ સાવ ભૂંસાઈ તો જતી નથી. પરંતુ, એમના પેલા નિર્મમ વ્યક્તિત્વની પછવાડે પડેલાં અન્ય પાસાંનો ઉઘાડ થતો અવશ્ય જોવા મળે છે. વિવિધ પરિસ્થિતિઓમાં સંતાનો કે પરિવારનાં અન્ય સદસ્યો સાથે જરઠ અને બેદરકાર જણાતા પિતા અહીં સંપૂર્ણ ચીવટથી જિંદગીની વરવી વાસ્તવિકતાઓ સામે બાખડતા એક ભડવીર તરીકે પ્રસ્થાપિત થયા છે. અહીં એમના પેલા ચિરપરિચિત સ્વરૂપ પાછળ રહેલા, ખેલાઈ રહેલા નિયતિના નિર્ઘૃણ ખેલનો સારી પેઠે પરિચય થાય છે. પરિણામે, આપણે એક એવા નિષ્કર્ષ પર પહોંચી શકીએ છીએ કે ડાહ્યા હરખાનાં વર્તન-વર્તણૂંક પરિસ્થિતિજન્ય હતાં. વંચિત સમાજના અન્ય પિતૃનાયકોની જેમ તેઓ પણ પરિસ્થિતિને આધારે નિર્ણયો લેતા હોઈ એમના પાત્ર પ્રત્યે સમસંવેદન જન્મે છે.

લેખક કથે છે એમ વસ્ત્રો અને ઠાઠ-ઠઠારાના એ શોખીન જીવે છ-છ વાર તો લગન કરેલાં. જીવનમાં ઘણું કમાયા છે. તો, સામે એટલું જ ગુમાવ્યું પણ છે. નિયતિની સઘળી રમતોનો મક્કમતાપૂર્વક સામનો કર્યો છે. એકાધિક પ્રસંગે એમની એ ખૂબી અને વ્યક્તિત્વનો આપણને પરિચય સાંપડતો રહે છે. ઘરની પછવાડે રહેતા બેનાળી બંદૂકવાળા મોતીમિયાં પગીના પ્રસંગમાંથી એમની ખમીરી અને ખુમારીનાં દર્શન થાય છે.

માસ્તરની નોકરી, ખેતીવાડી અને પંચાતી – કશાયમાં એ પાછા પડતા નથી. કિસ્મત સાથ આપે ત્યારે એ રાજાની જેમ રહ્યા છે. તો જ્યારે બધાં પાસાં અવળાં પડતાં લાગે ત્યારે નાસીપાસ થયા વગર મરણિયા પ્રયાસો પણ કર્યા છે. વટના માર્યા માસ્તરની નોકરી છોડી છે. ખેતીમાં પાયમાલ થઈ ગયા છે. પહેરવા સારાં કપડાં નથી. પગમાં પગરખાં નથી. પુત્રના પગારના ભરોસે છે. અવસ્થા થઈ છે. દીકરાની ફીના પૈસા નથી. બકરી વેચવી પડે છે. ઘર સાવ ઘસાઈ ગયું છે. અકાળે પત્ની, પુત્ર, મા અને ભાઈ જેવાં સ્વજનોને ગુમાવી ચૂકેલા એમણે ક્યારેય નમતું જોખ્યું નથી. જીવનના પ્રત્યેક પ્રસંગે એ સંઘર્ષરત રહ્યા છે. ગાવા-બજાવવા અને નાટકોના શોખીન ડાહ્યા માસ્તર બાઇબલના વિષયો પર આધારિત નાટકો પણ લખતા-ભજવતા હતા. એમને જીવવાનું બળ એમાંથી પ્રાપ્ત થતું રહે છે. અંતકાળે, ઍપેન્ડિક્સની અસહ્ય યાતના છે. લોહીની વૉમિટ થાય છે. શહેરના દવાખાને પહોંચાડવા ગાડું મળતું નથી. જે માણસે અનેક વાર લોકોની સહાય કરી હતી, એના અંતિમ સમયે કોઈ હાથ મૂકવા દેતું નથી. પૈસાના અભાવે જોસેફ એમને બચાવી શકતા નથી. એની લાચારી એમને સતત સતાવતી રહે છે. પરંતુ, એમને એ વાતનું આશ્વાસન છે કે, "અવસ્થા પહેલાં ઉંમરલાયક થવાની એમણે મારે માટે જે સ્થિતિ જાણ્યે કે અજાણ્યે સર્જી હતી એ માટે સ્મશાનથી પાછા વળતાં મનોમન મેં એમનો આભાર માન્યો.. અભિનય એમને વહાલો હતો. અને જિંદગીએ જ્યારે નર્યાં દુ:ખ-દુવિધાનો જ રોલ એમને આપ્યો ત્યારે એમણે પૂરી ચીવટથી એને ભજવ્યો. હારી જતો લડવૈયો છેવટ સુધી લડી લીધું – એવા સંતોષે મરે છે તેમ!"

આમ, આપણને અહીં 'ડાહ્યા માસ્તર'નું "વ્યથાનાં વીતક"થી એક જુદું જ સ્વરૂપ જોવા મળે છે. એકાવન વર્ષના એમના નાનકડા જીવનખંડ પર નજર નાખીએ તો લેખક કહે છે તેમ એમનું પાત્ર પ્રેમચંદજીના "ગોદાન"ના હોરીની યાદ અપાવે છે. ભગવતીકુમાર શર્માએ તત્સન્દર્ભે ઉચિત રીતે જ નોંધ્યું છે કે, "પોતાના પિતાના આવા સંક્ષુબ્ધ અને સંઘર્ષસભર જીવનની કથા આલેખતી વખતેય લેખક સર્વાંશે કલાકીય બિનંગતતા જાળવી શક્યા છે. એ છતાં સમગ્ર આલેખનમાં ક્યાંય ભાવશૂન્યતા વર્તાતી નથી." આમ, કલાકીય તાટસ્થ્યને લીધે જ પિતા-પુત્રના સંકુલ સંબંધનું આ રેખાચિત્ર અવિસ્મરણીય બની શક્યું છે.

હિન્દીમાં મહાદેવી વર્મા પાસેથી મળ્યાં છે તેવાં પશુ-પંખીજગતનાં રેખાચિત્રો, ગુજરાતી કથાસાહિત્યમાં પ્રમાણમાં ઘણાં ઓછાં મળ્યાં છે. એ ઓછી સંખ્યામાં "વહાલનાં વલખાં"નું એક રેખાચિત્ર "જમની મારકણી" નોંધપાત્ર ઉમેરણ બની રહે છે. અહીં, લેખકનો પોતાની ભેંસ પ્રત્યેનો અનર્ગળ પ્રેમ વ્યક્ત થયો છે. લેખકનાં દાદીએ એમના

આંગણે રહેલી છ ભેંસો પૈકીની સૌથી મોટી અને મારકણી ભેંસનું નામ “જમની” પાડ્યું છે. યથા નામ તથા ગુણ ધરાવતી એ ભેંસના પૂંછડાની ઝાપટથી દાદીની ડાબી આંખ જતી રહી છે. પરંતુ, એમને એના પ્રત્યે સહેજ પણ દુર્ભાવના પ્રગટતી નથી. માત્ર દાદી જ નહીં, ઘરનાં તમામ સભ્યોને પણ જમની પ્રત્યે અખૂટ વહાલ છે. એના પ્રત્યેની અપાર પ્રીતિને લીધે જ કાકાના મોત ટાણે લેખકનાં કાકી જમનીને વળગીને અનરાધાર રડે છે. એની માયા છૂટતી ન હોય એમ દાદી વિષ ઘોળીને મરતાં પહેલાં એને બાઝીને રડેલાં. કાકા પોતાની અંતિમ ઘડી સુધી એને મમતામાં ઝબોળતા રહેલા. નાની ફોઈ સાસરેથી પાછાં આવે ત્યારે પહેલાં જમનીની ખબર લેતાં. તો સામે પક્ષે એ અબોલ પશુ પણ પરિવાર પ્રત્યેનો ભાવ વ્યક્ત કરવામાં પાછું પડતું નથી. દાદાના અવસાન વખતે એણે ત્રણ દિવસ સુધી મોઢામાં તરણુંય ઘાલ્યું નહોતું. તો દાદીના મૃત્યુ પછીનું એનું રુદન આપણને તે સમયના વર્ણનમાંથી સ્પષ્ટ સંભળાય છે. આમ, જમની લેખકના પરિવારના સદસ્ય જેવી હતી. પરંતુ, નવી માની ચડવણી અને એક વાર તળાવેથી નાસી ગયેલી બાખડી જમની લેખકના પિતાને કશા કામની ન લાગતાં કાલુ કસાઈને વેચી દે છે. વ્યથિત લેખકના મનમાં પિતા અને કાલુ પ્રત્યે ભારોભાર ખુન્નસ છે. એ વ્યક્ત કરવા જતાં પિતાના હાથની અડબોથ ખાવી પડે છે. પણ પેલો રોષ શમતો નથી. પછીના અઠવાડિયે મહોલ્લામાં આવેલા કાલુ પર એ હુમલો કરે છે. અને કાલુના મોઢેથી નીકળી જાય છે કે, “માસ્તરે અમથી ઉતાવળ કરી; ભેંસ તીન મહિને કી ઝાંભણી થી..!”

લેખક કહે છે કે, “આ વીસમી સદીનું વિજ્ઞાન ભલે ધારે તે કહે, પણ મારકણી ગઈ ને મારા ઘરનું માતમ લેતી ગઈ. એનાં પગલાં ગયાં પછી મારા ઘરની, મારા બાપુની ધવા ના વળી તે ના જ વળી!”

પચાસેક પાનાંનું, સુદીર્ઘ રેખાચિત્ર “આયખાની આયપત” આ સંગ્રહનું નોંધપાત્ર રેખાચિત્ર છે. અહીં “વ્યથાનાં વીતક”થી માંડીને “વહાલનાં વલખાં” સુધીનાં ચરિત્રોમાં ‘નાની ફોઈ’ના હુલામણે જેમનું નામ અલપઝલપ ઉલ્લેખાયું છે, તે પરમાર્થ પ્રવૃત્તિનાં ‘હીરીફોઈ’નું રેખાચિત્ર લેખકે નિરાંતે અને મોકળા મને આલેખ્યું છે. ફોઈના જન્મથી માંડીને એમનાં લગ્ન અને પતિ સાથેનું દામ્પત્યજીવન, ગાંડી છોકરીનું લાલન-પાલન, એનાં લગ્ન, એ પ્રસંગે મામેરા માટેની એમની તાણ, વ્યવહારો નિભાવવાની એમની જિદ્દ અને તે પછીના નાના-મોટા પ્રસંગોમાં એમનાં વાણી-વર્તન સંબંધી વિવિધ પાસાંનું વિગતે આલેખન થયું છે. “કુંવાસીને મન એનું માન-માતમ જ એનું પિયોર” એવી માન્યતા ધરાવતાં ફોઈ તમામ પ્રસંગોમાં મા-બાપ વિનાના જોસેફ સાથે ખૂબ ઠાવકાઈપૂર્વક અને વડીલની જેમ વર્તે છે. સ્વભાવે પાછાં એ ભારે સ્વમાની હતાં. ભત્રીજાની એટલે કે જોસેફની સગાઈ વેળાએ ભાઈએ ધરાર અવગણના કરી હોવા છતાંય ભાઈની આર્થિક સ્થિતિ જાણતાં એ, લગ્ન માટે એમને પોતાના પતિ પાસેથી પૈસા લેવાનો માર્ગ કાઢી આપે છે. લગભગ સિત્તેર વર્ષની અસ્પૃહણીય આવરદા વિતાવી સ્વર્ગે સિધાવેલાં નિષ્કલંક ફોઈ લેખકના જીવનના તમામ સારા-નરસા પ્રસંગો અને ઘટનાઓનાં સાક્ષી રહ્યાં હતાં. તેથી જ લેખકનું મન એમના અવસાન ટાણે ભાવુક થઈ કબીરજીને સંભારી ઊઠે છે :

"કબીરજી, તમારા એકલાની નહીં, મારી ફોઈની ચાદરેય મેલી નહોતી. ત્યાં મળો તો સરખાવી જોજો..!"

કોઈને આ રેખાચિત્રની દીર્ઘતા વિશે પ્રશ્ન થાય તો નોંધવું જોઈએ કે, રેખાચિત્રોની લંબાઈ સન્દર્ભે આપણે ત્યાં ખાસ્સું વૈવિધ્ય પ્રવર્તે છે. ઉમાશંકર જોશી જેવા સમર્થ સર્જક પાસેથી બે-ત્રણ પાનાંમાં આલેખાયેલાં રેખાચિત્રો મળ્યાં છે, તો ક્યાંક દસ-પંદર પાનાંનાં. તો વળી સ્વામી આનંદ કે જોસેફભાઈ જેવા રેખાચિત્રકારો પાસેથી એંશી-એંશી પાનાંનાં દીર્ઘ રેખાચિત્રો પણ પ્રાપ્ત થયાં છે. શ્રી મણિલાલ હ. પટેલ આ સન્દર્ભે નોંધે છે કે, "રેખાચિત્રની લંબાઈ કે કદ વિશે પ્રશ્નો ન થવા જોઈએ. કેમ કે, લેખક એમાં અનિવાર્ય વિસ્તારને વળગી રહે છે. વળી એનું આલેખન સાધાર હોય છે. અને રીતિ નિબંધાત્મક... જો આટલું સચવાતું હશે તો વિખરાવ અને છિન્નતાથી બચી જવાશે."

જોસેફભાઈ આ રેખાચિત્રમાં લંબાઈને લીધે નીપજતાં ભયસ્થાનોથી બચી શક્યા છે, તે સહર્ષ નોંધવું જોઈએ.

સંગ્રહના અંતિમ રેખાચિત્ર "જિન્દગી જીવ્યાનો મને હરખ છે"માં લેખક અતીતરાગ આલાપતા જણાય છે. એક પ્રકારનું આત્મકથ્ય. એ સ્પષ્ટપણે માને છે કે, યાતના તાવે છે, દર્દ પીડે છે, કષ્ટ ઘડે છે. પણ દુઃખ માણસને માંજે છે. જીવન પ્રત્યે ભરોસો હોય તો એ અંતર ઊટકી કાઢે છે. અજવાળાયેલા અંતરના જીવનનીરખણમાંથી જ નવનીત નીતરે છે. મારા હૈયામાં આવી ગાંઠ વાળવા દુઃખે મહત્ ભાગ ભજવ્યો છે, એટલો બડભાગી. અહીં, "દુઃખ સબકો માંજતા હૈ" – કહેતા અજ્ઞેયજી તરત સાંભરી આવે. આ રેખાચિત્રના કથયિતવ્યમાં લેખકની કલમ છેક બાલ્યાવસ્થાની દુઃખદાયક વાસ્તવિકતાથી લઈને વાનપ્રસ્થાશ્રમ પ્રવેશ વેળાએ કરેલી મૃત્યુની નિર્મમ કલ્પના લગી વિહરી છે. એ લખે છે કે : "જીવવાની લાલસા છે, ઘણુંબધું લખવાનું બાકી છે એ માટે. બાકી, મોત ગમે ત્યારે આવે મને કશું બાકી રહી ગયાનો વસવસો નહીં થાય. એટલે જ એની ઝાઝી ભીતિ પણ નથી લાગતી..." "જન્મભૂમિ" વર્તમાનપત્રમાં "જીવનસંધ્યાના ધબકારા" શીર્ષક અંતર્ગત પ્રગટ થયેલ આ લેખ જોકે, રેખાચિત્રની લાક્ષણિકતાઓને પ્રમાણવામાં થોડો ઊણો ઊતરે છે, એ નોંધવું જોઈએ.

સંગ્રહનાં તમામ રેખાચિત્રોમાંથી પસાર થતાં એટલું તારવી શકાય કે, જોસેફભાઈ ગુજરાતી રેખાચિત્રસાહિત્યમાં એક નવી જ પાત્રસૃષ્ટિ લઈને પ્રગટ્યા હતા, જેનો પૂર્વે ક્યાંય ઉલ્લેખ પણ થયો નહોતો. આ રેખાચિત્રોમાં એમણે માતા-પિતા, કાકા-કાકી, ફોઈ જેવાં આત્મીય સ્વજનો સાથેના અંગત સંબંધને બિનંગત રીતે, સંપૂર્ણ કલાકીય તાટસ્થ્યથી રજૂ કર્યો છે. આ રેખાચિત્રોમાં દુન્યવી વહાલ પ્રાપ્ત થયાનો આનંદ કે ઉલ્લાસ ક્યાંય નથી. અહીં તો એ વહાલ મેળવવાનાં વલખાં, તરફડાટ અને વલવલાટ ચીતરાયાં છે. લેખકે આ બધાં પાત્રો સાથે જીવન વિતાવ્યું છે. એમનાં દુઃખ-દુવિધાઓના સાક્ષી બન્યા છે. એ અર્થમાં પણ આ રેખાચિત્રો ગુજરાતી કથાસાહિત્યમાં નોખી ભાત પાડે છે.

આ રેખાચિત્રો નોખાં અને નિરાળાં છે એમાં બે-મત ન હોય. પરંતુ ક્યારેક એકની

એક ઘટનાઓ કે સંવાદોની પુનરાવૃત્તિ ખટકે છે. જોકે, પુનરાવર્તન અને પ્રસ્તાર તો જગતના અનેક લેખકોમાં અનિવાર્યપણે ઘૂસી આવતાં તત્ત્વો છે. જોસેફભાઈમાં એ થોડાં અધિક છે, એની ના નહીં કહી શકાય. પરંતુ એના બચાવમાં જરૂર કહી શકાય કે, એમનાં રેખાચિત્રોનાં પાત્રો જુદી જમાતનાં છે. એમની વેદના અલગ પ્રકારની છે. એમની સામાજિકતા અને માનસિકતામાં ફરક છે. સ્થિતિઓ-પરિસ્થિતિઓ ભિન્ન છે. પ્રાદેશિકતા પણ એમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ને તેથી જ પ્રસ્તાર કે પુનરાવર્તનને એમનાં રેખાચિત્રોની મર્યાદા નહીં, પરંતુ એક લાક્ષણિકતા લેખે સ્વીકારીને ચાલવું પડે એમ છે.

સાહિત્યનું સ્વરૂપ કોઇ પણ હોય, લોકબોલીની અતિરેકતા ભાવકને અચૂક મૂંઝવે. જોસેફભાઈએ પણ આ રેખાચિત્રોમાં પોતે જે પ્રદેશમાં અને સમાજમાં જન્મ્યા, ઊછર્યા તે પ્રદેશ અને સમાજની લોકબોલી ભરપૂર પ્રમાણમાં પ્રયોજી છે. પરંતુ, એમના વિશિષ્ટ ભાષાકર્મ અને કથન-કૌશલની કમાલ તળે એ ગૌણ બની રહે છે. ઊલટાની સોળે કળાએ ખીલેલી બોલી જે-તે રેખાચિત્રની વિશેષતા બની રહે છે. અને એના પ્રભાવ-પ્રભુત્વને બેવડાવે છે.

અંતે, જોસેફ મૅકવાન માટે શ્રી હરીન્દ્ર દવેએ નોંધેલું કે “...આવી કઠોર વેદનાઓ ઝીલનાર અને એને હૂબહૂ છતાં કોઇ કડવાશ વિના નિરૂપનાર જોસેફ મૅકવાનમાં કેવળ દસ્તાવેજી નક્કરતા નથી, એક સર્જકની મહેક છે... એ આગને વર્ણવે છે છતાં દઝાડતા નથી, એ આગ શમાવવા પ્રેરે છે.”

આમ, “વહાલનાં વલખાં”માં લેખકના જીવનની વરવી વાસ્તવિકતાઓનું નક્કર દસ્તાવેજીકરણ થયું હોવા છતાં, એ કોરો દસ્તાવેજ ન બની રહેતાં, એક સીમાચિહ્નરૂપ રેખાચિત્રસંગ્રહ બની રહે છે.

■

## એકલતા / રઘુવીર ચૌધરી

સાગરતીરે અલસ તિમિરે વિહરે એકલતા.
મોજું આવે કો’ક રહીને અડકે ચરણ જતાં.

ઊડી ગયાં સહુ વિહંગ નભથી
નીરવતા ફરકે છે સઢથી,

દીર્ઘ થયા પડછાયા ધીરે જળમાં ઓગળતા.
સાગરતીરે અલસ તિમિરે વિહરે એકલતા.

કરે સ્પર્શ અંધાર શ્વાસને,
સ્મરું આજ જળના ઉજાસને,

કો’ક છીપમાં બેઠી બેઠી ઝૂરે સુંદરતા.
સાગરતીરે અલસ તિમિરે વિહરે એકલતા.

# અસમિયા કવિતાની અસ્મિતા

દીપક ત્રિવેદી

[**'સાંપ્રત અસમિયા કવિતા'** (૧૦૧ અસમિયા કવિતાઓનો ગુજરાતી અનુવાદ) : અનુવાદઃ કવિશ્રી યોગેશ વૈદ્ય, પ્રકાશક : પ્રવીણ પ્રકાશન, રાજકોટ, કિંમત રૂ. 250]

વ્યવસાયે સિવિલ ઇજનેર અને હ્રદયથી નખશિખ કવિ શ્રી યોગેશ વૈદ્ય અનુવાદમાં પણ સારું કામ કરી રહ્યા છે એ આનંદની વાત છે. વર્તમાનમાં તેઓ ગુજરાત હેવી કેમિકલ લિમિટેડ (GHCL) સૂત્રાપાડામાં જનરલ મૅનેજર તરીકે કાર્યરત છે. પોતાના વ્યસ્ત સમયમાં પણ સાહિત્યનું મનગમતું સર્જન કરી લે છે. વરસોથી 'નિસ્યંદન' નામનું ઈ-સામયિક પણ ચલાવે છે. આ સામયિકમાં પણ તેઓ ઉચ્ચતમ ધોરણનું જ સાહિત્ય પ્રકાશિત કરે છે. અસમિયા કવિતાનો વિશેષાંક પણ તેઓએ 'નિસ્યંદન'માં પ્રગટ કરેલો. તેઓશ્રી દ્વારા બે કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. પ્રથમ સંગ્રહ 'હું જ દરિયો હું જ ભેખડ' અને દ્વિતીય સંગ્રહ તાજેતરમાં 'ભટ્ટખડકી' પ્રસિદ્ધ થયા છે. જેમાં કવિતાનાં સર્જનની બારીકાઈ અને નિરંતર જાગૃતિ ઊડીને આંખે વળગે છે. મૂળ વતન વેરાવળ પરંતુ તેમની કવિતામાંથી પસાર થઈએ ત્યારે તેઓનું બચપણ અને યુવાની બંને ગીરના ઘેઘૂર જંગલની આસપાસ વીંટળાયેલા હોય તેવું અવશ્ય લાગે. કવિશ્રી યોગેશ વૈદ્ય દ્વારા પ્રસ્તુત પુસ્તક 'સાંપ્રત અસમિયા કવિતા' એ આસામની વિવિધ કવિતાનો અનુવાદ છે. આસામની ફૂલગુલાબી કવિતાનો ગુલદસ્તો એટલે આ ભાવવાહી અનુવાદ.

કવિ શ્રી યોગેશ વૈદ્ય પોતાના સંદર્ભોને આધારે આ વાત નોંધે છે : 'ઈ.સ. ૧૨૦૦ થી ૧૪૪૯ સુધીના સાહિત્યને આરંભિક કાળનું સાહિત્ય કહેવાયું છે. ઈ.સ. ૧૪૫૦ થી ૧૬૫૦ સુધી વૈષ્ણવકાળનું સાહિત્ય કહેવાયું. ઈ.સ. ૧૬૫૧ થી ૧૯૨૫ નું સાહિત્ય બુરંજીકાળનું સાહિત્ય કહેવાયું. ઈ.સ. ૧૯૨૫ પછી શરૂ થાય છે અસમિયા સાહિત્યનો આધુનિક કાળ, જે ઈ.સ. ૧૯૪૭ સુધી લંબાય છે તે પછીનું સાહિત્ય તે સ્વાતંત્ર્યોત્તર કાળનું સાહિત્ય ગણાય છે.'

તેઓએ એ પણ નોંધ્યું છે કે આ પુસ્તકમાં કવિશ્રી નવકાંત બરુઆ અને ત્યાર પછીના કવિઓનો સમાવેશ કરાયો છે. આ સંગ્રહમાં તેઓએ ૮૧ કવિઓની કુલ ૧૦૮ રચનાઓનો (બન્નેમાં અંક સરવાળો ૯ છે ) સમાવેશ કર્યો છે. જેમાં તેઓએ પ્રમાણભૂત

અંગ્રેજી અનુવાદો અને હિન્દી અનુવાદોનો ઉપયોગ કર્યો છે..

આપણે આપણા લેખમાં સ્થાનમર્યાદાને સ્વીકારીને થોડી પ્રમુખ રચનાઓ અને તેનો ભાવવાહી રણકો કેવો છે એની ચર્ચા કરીશું.

નવકાંત બરુઆ, ભાવવાહી કવિતાના સર્જક, જેમણે 1968માં અસમ સાહિત્ય સભાના પ્રમુખ તરીકે સેવા આપી હતી અને 1990માં અસમ સાહિત્ય સભાના સંમેલનની અધ્યક્ષતા સંભાળી હતી. ૧૯૭૫ માં તેઓ તેમની નવલકથા 'કોકા દૌતાર હર' માટે કેન્દ્રીય સાહિત્ય અકાદમીનું સન્માન મેળવે છે. ૧૯૭૬ માં 'પદ્મભૂષણ'નું સન્માન પણ મેળવે છે.

શરૂઆતમાં જ કવિશ્રી નવકાંત બરુઆ પોતાની વ્યથા રજૂ કરે છે અને સમાજનો વિચિત્ર ચિતાર રજૂ કરે છે. કવિતાનું શીર્ષક છે 'માપ.'

***માપ***

**તો ચાલો દરજીને ત્યાં જઈને માપ લેવડાવીએ**
**માપ લેવડાવીએ ગળાનાં, છાતીનાં હાથ અને બાવડાનાં**
**માપ હથેળીનાં અને હૈયાનાં**

**માપ આપીશું આપને આંતરડાનાં, મૂત્રાશયનાં અને પિત્તાશયનાં...**
**ફક્ત માપ જ આપીએ**

**કપડાં સિવડાવવાનું તો આપણે પછીથી વિચારશું.**
**તે પણ કેવળ વિચારશું જ.**
**આપણા પછી કોઈનાં નવાં માપ આવશે**
**ફક્ત માપ જ લેશે.**

અહીં બાહ્ય સ્થિતિનો ભયાવહ ચિતાર અને આંતરિક દુઃખની લાચારી કવિ પોતાના શબ્દમાં વર્ણવે છે. કોઈ માણસો આવશે અને સ્વાર્થને પોષાય તેવાં ટેકારૂપ વાક્યો આપશે અને ફરી એ જ દશા. સમય વ્યતીત થાય અને માણસો ટપોટપ મરી જાય અને નવો સમાજ આવે. ફરી એ જ નાટકનું પુનરાવર્તન થાય. માત્ર માપ લેવાય પણ વસ્ત્રો કદી પણ મળશે નહીં એ નક્કી છે. આ જીવનનો ચિતાર છે. ગરીબીનો ઉપહાસ છે.

૨૦૨૦ના વર્ષનો જ્ઞાનપીઠ ઍવૉર્ડ મેળવનાર આસામના કવિ શ્રી નીલમણિ ફુકન એક તેજસ્વી અને પ્રાણવાન કવિ છે. યોગેશભાઈએ કવિની પાંચ કવિતાનો અનુવાદ કર્યો છે એમાંથી એક કવિતાનો અંશ લઈએ.

કવિતા છે :

***બે-એક દિવસમાં જ***

**બે-એક દિવસમાં જ ધુમ્મસ ઘેરી લેશે**

**આખાય શહેરને**
**સોય જેટલીય જગ્યા નહીં બચે**

**નદી અને પર્વતોની જેમ લોકોના ઉચ્છ્વાસમાંય ધુમ્મસ નીકળશે**
**લોકોને ખબરેય નહીં પડે**

*****

**મુનિયાના એક પછી એક ઝુંડ ઊડી જશે શાશ્વતીમાં**
**ચુપચાપ વિહરશે નભમાં**

**એક વધુ પીળો સમય પસાર થઈ જશે**
**છતાંય લોકોને એની ખબર સુધ્ધાં નહીં પડે**
**અને પછી તેઓ એક એક કરી ફેરવાઈ જશે**
**શિયાળાના નિસ્તેજ આકારમાં.**

'જેરાઈ' (૧૯૬૩) અને 'બ્રહ્મપુત્ર' (૧૯૮૯) નામના બળવત્તર સંગ્રહો આપનાર અને 'બ્રહ્મપુત્ર' સંગ્રહ બદલ સાહિત્ય અકાદમી પારિતોષિક પ્રાપ્ત કરનાર કવિશ્રી અજિત બરુઆની એક કવિતા 'જંગરાઈ ૧૯૬૩'નું સુંદર ભાષાંતર કર્યું છે યોગેશભાઈએ. જંગરાઈ અને સુબંસીરી નદીઓ છે જે પછીના માર્ગે બ્રહ્મપુત્રામાં ભળી જાય છે.

*જંગરાઈ ૧૯૬૩*

**અંધારું થવાને થોડી વાર હતી**
**અમે સુબંસીરીમાં નાવ ઉતારી**
**અમે લોટો એક પાણી સુબંસીરીનું લઈને**
**નાવના સુકાનને પખાળ્યું**

**અમે અમારી નાવ લાંગરી**
**ઉપર તારાજડિત આકાશ**

**બ્રહ્માંડનું સંગીત રણકે અમારી ભેંસોની ઘંટડીઓમાં**
**અને આ શું? શું આ ભય છે?**
**પેલા વાઘની ગંધથી ભડકીને ભાગેલી ભેંસોની ઘંટડીઓનો?**

**વાઘની ત્રાડ, ભેંસની ઘંટડીઓ, મત્સ્યકન્યાનું ગાયન**
**આ બધા સાથે મળીને વગાડે એક સરગમ વિસંવાદી...**
**જાણે યમરાજના દ્વારપાલ મારા અંતસમયના**
**તે ભડાકા જ મારી ચિત્તને દેન દેશે...**
**"જો તું વિચારે ને લીલીમાઈ, આ જીવનમાં કશું જ નથી"**

કવિએ સુબંસીરી(નદી)માં નાવ ઉતારી અને નાવમાંથી જે અનુભવ્યું, તે જીવન-મૃત્યુનું આબેહૂબ ચિત્ર અહીં વર્ણવ્યું છે. જીવન ધસમસતા ખાલીપા તરફ ગતિ કરી.રહ્યું છે અને

લાગણી તેમાં નાવની માફક સરકી રહી હોય તે અનુભવ લખ્યો છે. બ્રહ્માંડનું સંગીત ભેંસોની ઘંટડીઓમાં રણકે છે. અચાનક એક વાઘની ત્રાડ અને ઘંટડીઓ ધ્રૂજી ગઈ! સંવાદમય સંગીત વિસંવાદમાં પલટાઈ ગયું. યમરાજનું દર્શન, અગ્નિના ભડાકા અને આસપાસનું જીવન ખલાસ! બસ આટલું જ છે જીવન? અંતે કહે છે... “જો તું વિચારે ને લીલીમાઈ, આ જીવનમાં કશું જ નથી.”

નલિનીધર ભટ્ટાચાર્ય આસામના કવિ અને સાહિત્યિક વિવેચક હતા. આસામી સાહિત્યના જ્યૂબિલી યુગના શ્રેષ્ઠ કવિઓમાં તેમની ગણના થાય છે. તેમને તેમના વિવેચનાત્મક ગ્રંથ ‘મહત ઐતિહ્ય’ બદલ 2002ના વર્ષનો કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર આપવામાં આવ્યો છે.એમની એક કવિતા જુઓ :

***ખિજાયેલો છોકરો જંગલમાં***

**કળણમાં ફસાયેલાં હરણાં જેવો**
**ભૂખ અને તરસથી ગ્રસ્ત**
**તે છોકરો હવે ગુસ્સે ભરાયો છે**
**વસંત ફાટી નીકળે તેની રાહ જુએ છે તે**
**જંગલનું એકેએક ઝાડવું હવે ગાય**
**વાંસળીના સૂરમાં લય મેળવીને.**

અહીં પ્રકૃતિના ખીલવાની, વસંતના બેસવાની રાહ જુએ છે આ છોકરો. પ્રિયતમા સમયસર ન આવતી હોય અને પ્રિયતમ ખિજાઈ જાય તેમ છોકરો વસંત ઉપર ખિજાઈ ગયો છે. હજુ તું કેમ નથી આવી તેવો મનોમન પ્રશ્ન કરે છે અને કહે છે કે મારે તારા ગીત સાથે મારી વાંસળીનો લય એકરૂપ કરવો છે. કેવું સુન્દર કલ્પન! બિરેન્દ્ર કુમાર ભટ્ટાચાર્ય આસામી સાહિત્યના પ્રણેતાઓમાંના એક, જ્ઞાનપીઠ પુરસ્કાર મેળવનાર તેઓ પ્રથમ આસામી લેખક હતા. જેઓને નવલકથા ‘મૃત્યુંજય’ (અમર) માટે વર્ષ 1979માં જ્ઞાનપીઠ ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ભટ્ટાચાર્ય દ્વારા લખવામાં આવેલી બીજી પ્રસિદ્ધ નવલકથા ‘આઈ’ (માતા) છે. તેમની એક કવિતાનો સરસ અનુવાદ થયો છે :

***એક મુઠ્ઠી ચોખા***

**એક મુઠ્ઠી ચોખા માટે તલસે છે મન**
**ગાંડીતુ નદીના બંને કાંઠે**
**ખરે છે આંસુ અસહાય**

**ચંદ્ર સોદાગર નાવમાં લઈ જાય છે ડાંગર છાનીમાની**
**ન લૂંટીએ ગોદામ તો જીવીએ કેમ કરીને?**
**ભૂખે મારે બિચારી ગાય**

**.......**
**હજુ કેટલી યાતનાઓ છે બાકી માણસના ભાગ્યમાં?**

**ખોવાઈ ગઈ છે સોનેરી કવિતા**
**એક મુઠ્ઠી ચોખા માટે હાય રે! ભૂખ્યું રહી ગયું મન...**

ભૂખ્યાની ભૂતાવળ કવિએ આ રચનામાં ખોબે ખોબે ઠાલવી દીધી છે. ભૂખ્યો માણસ ચોરી, લૂંટફાટ, ખૂના-મરકી પર ઊતરી આવે. પશુઓ ટપોટપ મરવા માંડે. વૃક્ષો મૂંગાં મૂંગાં રુદન કરે. કવિને મન આ અસહાય સ્થિતિ છે. એક મુઠ્ઠી ચોખા માટે (પોતાના ખોરાક માટે ) આખો સમાજ, પશુ, પંખી, વૃક્ષ તલસે છે ત્યારે કોરે મૂકી દેવાય છે સોનેરી કવિતાઓ. કવિએ અહીં ભૂખનું સાચું સ્વરૂપ અને ઊંડું મહત્ત્વ સમજાવ્યું છે. સંસ્કૃતિ ત્યારે જ ટકે જ્યારે પેટ ભરેલું હોય.

હિરેન ભટ્ટાચાર્ય મુખ્યત્વે આસામી કવિતાના ક્ષેત્રમાં કામ કરતા કરનાર સક્ષમ કવિ છે. તેઓ અનેક આસામી સામયિકો અને અખબારોના સંપાદક હતા. તેમણે જે અખબારો પર કામ કર્યું તેમાંના કેટલાક છે ચિત્રબોન, મોનોન અને એન્ટોરિક. તેઓ ત્રણ દાયકાથી વધુ સમય સુધી આસામી સામયિક ‘પ્રાંતિક’ના કવિતા-સંપાદક હતા. ૧૯૯૨માં તેઓને સાહિત્ય અકાદમી (દિલ્હી) તરફથી તેમના કવિતાસંગ્રહ ‘શઘર પથાર માનુ’ માટે પારિતોષિક એનાયત થયું. તેમની એક કવિતા જોઈએ.

***તળપદા અવાજોનું વહેણ***
**શબ્દો આપણી બોલીમાં ખીલે છે ફરી ફરીને**
**અને કરમાઈ જાય છે ગ્લાનિના માર્યા જ્યારે ઉપેક્ષા થાય છે.**

**......**
**આજે મારી ‘મા’ના ચહેરાને ઘણા લાંબા સમય સુધી જોતો રહ્યો તળપદા શબ્દોનું**
**એક વહેણ**
**મારી માના હસમુખા ચહેરા પરથી નીકળી**
**વળી રહ્યું હતું દૂરના રસ્તે.**

‘મા’ના ચહેરાની ભાષાને ઓળખતી આ કવિતાનો નાદ અલગ જ જણાય છે. ‘મા’ના ચહેરા પરનું હાસ્ય બૃહદ કવિતા અને ચહેરા પર રહેલી પીડા પ્રબંધ કવિતા જણાતી હોય છે. અહીં એ જ ભાવ રજૂ થયો છે નિઃશબ્દપણે. ચહેરા પર અંકન થતાં લાગણીનાં વહેણો શિષ્ટ સાહિત્યમાં ગ્રંથસ્થ નથી પણ તેનું તળપદું વહેણ ખેંચી જાય કોઈ અગમ્ય ખૂણે.

બિરેશ્વર બરુઆ આધુનિક આસામી કવિ છે અને કવિતાઓ, નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ, સાહિત્યિક વિવેચન, સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસ, આત્મકથા અને અનુવાદોનાં ત્રીસથી વધુ પુસ્તકોના લેખક છે. બરુઆને 2003માં તેમના પુસ્તક ‘અનેક મનુહ આનેક થાઈ અરુ નિર્જનતા’ (ઘણા લોકો, ઘણાં સ્થળો અને એકાંત) માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. તેમની એક કવિતા લઈએ.

***લીલીનો રોંઢો (Lily’s Afternoon )***
**મારી આંગળીના વેઢા પર ગણાવી શકું**
**ક્ષણિક અનુભૂતિના એ લેખાજોખા..**

*

**કોણ અંતે ટાંકી શકે સપનાં**
**એ પાંદડાંઓને અને ડાળીઓને**
**જ્યાં ખિસકોલીની પૂંછડીની તોફાની દોડાદોડ થાય છે..**

*

**તેઓ બનાવે છે તરકટી રોંઢાને**
**તમારા યૌવનની સમાધિ પરનો ચંદરવો**

૧૯૯૭ માં, નાગેન શાઈકીયા, જેઓને પોતાની ટૂંકી વાર્તાના સંગ્રહ 'આંધારત નિજરમુખ' બદલ સાહિત્ય અકાદમી (દિલ્હી)નું પારિતોષિક મળ્યું છે. તેમની એક સરસ કવિતા છે :

***આ ફૂલ બીજી વખત નહીં ખીલે***

**આ જ એક ફૂલ બીજી વખત નહીં ખીલે**
**નહીં આવે કદી તેનાં રૂપ-રસ-રંગ-ગંધ લઈને ફરીથી**
**તે જ્યારે જશે, સદાકાળ માટે અનંતમાં સમાઈ જશે**

**એક વૃક્ષની જેમ મેં પણ મારી લીલપ ખોઈ નાખી છે અને**
**પીળો પાડવા લાગ્યો છું**
**રાખું, ક્યાં રાખું, મારા આ ફૂલને ?**

જીવનને પણ કાળનો પાશ લાગે છે. પ્રકૃતિ(માં ખીલેલી વસંત) પણ લાંબા સમયે કાળગ્રસ્ત થાય છે. લીલુંછમ્મ પાન ધીરે ધીરે પીળું થાય છે અને અંતે ડાળી પરથી જાણે મોહ છોડી દીધો હોય તેમ ખરી જાય છે. એ જ રીતે જીવન પણ મૃત્યુની સમીપ જતાં પોતાનો રંગ અને રાગ બદલી નાખે છે. હવે હું પણ મારી આ લીલીછમ્મ યુવાની ક્યાં સાચવું? કવિશ્રી રમેશ પારેખ કહે છે કે પગલાં તો કાળ જ સાચવી શકે છે...

**પાંચીકાના હોય, હોય નહીં કદી સંતના ઢગલા**
**સંત સહુને મુક્તિ વહેંચે, નહીં વાઘાં, નહીં ડગલાં**
**પડે ન સ્હેજે ખુદનો ડાઘો એમ જગતને અડે**
**દુર્લભ એ દરવેશ કે જેનાં કાળ સાચવે પગલાં.**

નિર્મલ પ્રભા બોરદોલોઈ (20 જૂન 1933 – 1 જૂન 2004) આસામી સાહિત્ય સાથે સંકળાયેલાં ભારતીય કવિ, ગીતકાર અને લોકસાહિત્યકાર હતાં. તેણીને 1983 માં સાહિત્ય અકાદમી પુરસ્કાર તેમના કાવ્યપુસ્તક 'સુદીર્ઘ દિન અરુ ઋતુ' માટે, 1957માં બાળસાહિત્ય માટે રાષ્ટ્રપતિ પુરસ્કાર અને 1977 અને 1989માં બે વાર તેમના બિન-સાહિત્ય પુસ્તક 'દિનાર પિસાત દિન' 'ડેબી'ને, 1987માં 'સારસ્વત સન્માન' અને આસામ સાહિત્ય સભા પુરસ્કાર સહિત અનેક પુરસ્કારો મળ્યા હતા.

તેમનાં ઋતુકાવ્યોમાંથી એક ખૂબ સુંદર કાવ્ય આ રહ્યું..

*વસંત*

**આખુંય ગામ ઝૂલી રહ્યું છે નવઅંકુરિત થઈને**
**કેતકીની સુગંધમાં,**
**કૂણો સુરજ બોધિવૃક્ષ વચ્ચે ઊગ્યો છે**
**શરીરના જંગલમાં,**
**કોયલનો ટહુકો ઝરણું થઇ ખળખળ વહે.**

અહીં પ્રકૃતિની નજાકત સાથે, બોધિવૃક્ષ, કેતકીની સુગંધ, કોયલનો ટહુકો, ઝરણું અને શરીર જાણે એકરૂપ થઈને સાથે વહી રહ્યાં છે. કવિની બારીક અભિવ્યક્તિ એવી છે કે વસંત ખીલતાંની સાથે જ પ્રકૃતિ પોતાની વિશાળતાનો પાલવ ધરી બધાને સમાવી લે છે. અદ્‌ભુત સમન્વય!

રાજીવ બરુઆ સમકાલીન આસામી કવિતામાં એક વિશિષ્ટ અવાજ છે. કવિતા માટે પ્રતિષ્ઠિત 'મુનીન બરકાતકી પુરસ્કાર' પ્રાપ્ત કરનાર, બરુઆ પાસે સાત કાવ્યસંગ્રહો છે, જેમ કે, અઘરી દિનાર ડાયરી (1985), ગોસે પોહર દિયા દિન (1993), પનીર ઘર (1997), તુમી કી કવી, નિઝર એતા પુખુરી નાઈ (2001), ખલી બોટોલર માલિતા (2006), કિસુમન બોધર બરન (2012) અને હોયતો મુદ્રાદોષ (2016). તેમના તાજેતરના કાવ્યસંગ્રહોને પ્રચંડ પ્રતિસાદ પ્રાપ્ત થયો છે અને તેના કારણે વ્યાપક વખાણ થયા છે. તેમની કવિતા સામ્પ્રતને સાથે લઈને ચાલે છે.

*તું અને હું*

**ઑફિસનો સમય પૂરો થઈ ગયા પછી**
**ક્યારેક સાવ એકલો પડું છું**
**ખાલી થઈ ગયેલા ઓરડામાં, ખાલી ખુરશીઓ વચ્ચે આંટા મારું છું**
**એકાદ ખુરશી પર બેસું છું...**

*

**જ્યારે ઉદાસ સાંજ અંધારું લઈને મારા ઓરડામાં પ્રવેશે છે**
**વિષાદની છાંટવાળો એક ગોળમટોળ ચહેરો**
**સ્પષ્ટપણે ઊભરી આવે છે મારી સામે**
**કોનો છે આ ચહેરો?**
**મારો છે?**
**કે કોઈ એક જણનો છે, જે આવ્યો છે મને મળવા?**

રાજીવ બરુઆ આત્મસંવાદી કવિ છે. આ કાવ્યમાં પણ તેઓ આત્મસંવાદ કરે છે. પોતાની ટેવ અને દોષોને શૂન્યમનસ્ક થઈ જોઈ રહ્યા છે ત્યારે સત્યનો અહેસાસ થાય છે. ઘણાબધા ચહેરા મળે છે પરંતુ એક ચહેરો તો એકાંતમાં મળે છે અને તે છે સત્યનો નિરાકાર

ચહેરો જે તમારાં કર્મોની પીડા આપતો ખરો ચહેરો છે, એ વાત અહીં પ્રતીત થાય છે.

કવિશ્રી સનંત તંતી, જેમની આસામી સાહિત્યના ક્ષેત્રે પ્રસિદ્ધિ અને સિદ્ધિ અપાર છે. અસંખ્ય પુરસ્કારો અને વિશિષ્ટતાઓ પ્રાપ્ત કરનાર કવિ શ્રી સનંત તંતીને, તેમની કવિતાઓના સંગ્રહ "કૈલોઇર દિનતો અમર હોબો" (આવતીકાલ આપણી હશે) માટે 2018નો સાહિત્ય અકાદેમી પુરસ્કાર મળ્યો. જમીનના માણસ, કવિ શ્રી સનંત તંતીએ પોતાની જાતને જમીન અને તેના લોકોની વાર્તાઓમાં અને કવિતાઓમાં ડુબાડી દીધી.

તેમની એક કવિતા જોઈએ.

*તેઓ આવશે*

**તેઓ રાતે અહીં આવશે વાતો કરશે**
**સલાહ-સૂચન કરીને ચાલ્યા જશે પાછા ત્યારે તમે હશો**
**ગાઢ નીંદરમાં અથવા સપનાં જોતા હશો.**

*

**રાતે તેઓ અહીં આવશે, મારી સાથે રડશે**
**મારા શ્વાસોમાંથી સમેટીને લઈ જશે મારી આકૃતિ.**

**રાતે તેઓ લઈ આવશે મારા માટે વાયુવેગી એક ઘોડો**
**જેની પર સવાર થઈને હું આગળ વધી જઈશ**

અહીં કવિએ વાસ્તવિકતા અને સપનાં ભેળવી 'ફેન્ટસી' ઊભી કરી છે. જ્યારે તેઓ આવશે (વાસ્તવિક કે કાલ્પનિક પાત્ર) ત્યારે તમારી સાથે વાતો કરશે, રડશે, સ્વભાવ મુજબ સૂચન કરશે પણ રોકાશે નહીં (કારણ છે સપનું!). એક દિવસ તેઓ આવીને મને તેના પવનવેગી ઘોડા લઈ જશે તેમની દુનિયામાં! કવિએ અહીં હર્ષ, શોક, આંસુ, હાસ્ય બધું સામાન્ય શબ્દોમાં રજૂ કરી પોતાની આદર્શ દુનિયાનું આલેખન કર્યું છે.

ભાબેન બરુઆ આસામી કવિ છે કે જેઓને, આસામ પબ્લિકેશન બોર્ડ લિટરરી ઍવૉર્ડ, 1978માં "સોનાલી જહાજ" કવિતાના પુસ્તક માટે મળેલ છે. આ જ પુસ્તક માટે કેન્દ્રીય સાહિત્ય અકાદેમી પુરસ્કાર (1979માં) પણ મળેલ છે.

*અંધકારના હાથ*

**તારા હાથનો સ્પર્શ**
**જાણે ડામરિયા રસ્તા પર**
**રાતે ઠંડીનું લખલખું થઈને આવે**
**ગીતના ખોડંગાતા લયમાં**

*

**તારા હાથમાં કાંપતાં પીળાં પાંદડાં**
**હવાથી તૂટી જતા કાચનો આવાજ તારા હાથમાં**

*

**તારા હાથમાં ઊગે**
**અમર ઊંઘનાં કમળ,**
**ચાંદની ઝળકે**
**વાડના કાંટાળા તાર પર!**

કવિએ અહીં અંધકારને વિવિધ રૂપે રજૂ કરી શાશ્વત બનાવ્યો છે. અંધકારે અહીં પીડાજનક પાથરણું, ઓઢણું અને પોંખણું કર્યું છે. દીર્ઘતમા નામે એક ઋષિ થયા છે. તેઓના મંત્રો ઋગ્વેદના પ્રથમ મંડળમાં જ છે. તેઓ માનતા હતા કે આખા બ્રહ્માંડમાં અંધકાર શાશ્વત છે. પ્રકાશ તો નજીકનાં તારાઓએ આપેલ ઉછીનો અજવાસ છે. જ્યાં તારાઓ દૂર છે ત્યાં બ્રહ્માંડમાં સર્વત્ર અંધકાર છે. અહીં અંધકારનો આવો મહિમા કરવામાં આવ્યો છે. અંધકારમાંથી પીડાનો જન્મ, ગીતોનો ખોડંગાતો લય, હાથમાં કાંપતા પીળાં પર્ણો, નિર્જનાતા અને ચાંદી જેવી ચમકતી કાંટાળી વાડ (અજ્ઞાનતા) – બધું જ અંધકારની દેન છે. સરસ અભિવ્યક્તિ!!

1937માં ઉપલા આસામના જોરહાટ જિલ્લાના ટિટાબોરમાં જન્મેલા હિરેન્દ્રનાથ દત્તાએ ઘણા કાવ્યસંગ્રહો પ્રકાશિત કર્યા છે. જેમાં મુખ્યત્વે ‘સોમધિર સોરોની અરુ અનન્યો કોવિતા’, ‘મનુહ અનુકુલે’, ‘પોલ અનુપોલર આંચ’નો સમાવેશ થાય છે. તેમના સંગ્રહ ‘મનુહ અનુકુલે’ને 2004માં કેન્દ્રીય સાહિત્ય અકાદેમી પુરસ્કાર તથા આસામ સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

તેમની એક કવિતા :

***માછીમારનું ગીત***

**અમને લઈ જા**

**નદી પર આથમતા પેલા કિરમજી ગોળા સુધી**
**લઈ જા અમને**
**સાંજના આછા અંધારાથી ઘેરાયેલા**
**એક પરિચિત ગામના કોઈ શાંત ઊંઘરેટા નદીકિનારે...**

*****

**અમારી છેલ્લી ઇચ્છા પૂરી કરીશ?**
**એક યાત્રા કરાવીશ ખુલ્લી સવારમાં જળપંખીઓના ચહકાટની વચ્ચે?**
*****

**અમને અમળાતા જળ-તરંગો પર**
**તરતી નાવનું વહેવું આપ,**
**અમે ખૂંપી ગયા છીએ**
**નિષ્ઠુર ઇચ્છાઓના કળણમાં.**

માછીમારની નિજી જિંદગી પર પ્રકાશ પાડતી આ રચના માત્ર માછીમારની જ

હોય તેવું નથી. આ પ્રતીતિ સામાન્ય માણસની પણ છે. માછીમાર રાત-દિવસ દરિયા સાથે રહે છે તેથી તેનું સ્વપ્ન દરિયા સાથે જ રહેવાનું અને વહેવાનું છે. અંતિમ ઇચ્છા છે દરિયાની છાતી પર નાવ લઈને વહી જવાની. આ સંસાર પણ આવો જ છે અને માણસ ઇચ્છે છે તેના સહારે જીવન પસાર કરવા.

હોમેન બોર્ગોહેન એક આસામી લેખક અને પત્રકાર હતા. આસામી ભાષામાં નવલકથા 'પિતા-પુત્ર' માટે 1978નો કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર તેઓશ્રીને એનાયત કરવામાં આવ્યો હતો. તેઓ 2001થી 2002 સુધી આસામ સાહિત્ય સભાના પ્રમુખ પણ હતા. તેઓ વિવિધ પ્રકાશનોના સંપાદક બન્યા. તેમણે ઘણી નવલકથાઓ, ટૂંકી વાર્તાઓ અને કવિતાઓ પણ લખી. આવો તેમની એક કવિતા માણીએ :

*વિકલ્પ*

**આ ધૂળિયો મારગ**
**આશાનો, પ્રેમનો અને અસંખ્ય સૂક્ષ્મ મૃત્યુનો.**
**આ સ્વપ્નિલ નગર સાંજનું**
**અને સૂર્યાસ્તના સોનેરી શરાબનાં વિશાદ છાંટણાં**
**મને ખૂબ વહાલાં છે તારા ચહેરાની જેમ;**
**સ્ત્રીના દેહની ઉષ્મા**
**ફૂલો, તારાઓ, રાતનું આકાશ અને**
**તારો દીધેલો અમૂલ્ય વહાલો દેહ**
**જીવવા માટે ખૂબ જરૂરી**
**બધું આપ્યું છે વળતર રૂપે**
**જે નુકસાન પહોંચ્યું છે આપણા ઈશ્વર સાથેના વિચ્છેદનથી.**

કવિ અહીં પ્રકૃતિએ કરેલ ખેલને શબ્દમાં વ્યક્ત કરે છે. આજનો વર્તમાન સોનેરી સાંજના શરાબનાં વિશાદમય છાંટણાં જેવો અનુભવે છે. દીવા બળતાં દરેક ઘરમાં ફેલાઈ જતું અજગરી અંધારું, અપેક્ષા, પ્રેમ અને દુઃખનું અંધારું. અંતે તો ઈશ્વર સાથે અનુસંધાન તૂટતાં આ બન્યું છે તે કવિ સ્વીકારે છે અને કહે છે જે નુકસાન પહોંચ્યું છે આપણા ઈશ્વર સાથેના વિચ્છેદનથી.

કવિશ્રી કબિન ફુકન(૧૯૪૬ થી ૨૦૧૦)ની કવિતાઓમાં ઋતુપ્રેમ અને ઋજુપ્રેમ બંને જોવા મળે છે. ૨૦૧૧માં આ કવિને તેમના કાવ્યસંગ્રહ 'એ અનુરાગી એ ઉદાસી' માટે આસામ સાહિત્ય અકાદમી તરફથી મરણોત્તર સન્માન મળે છે.

*તારો ઊતરતો શિયાળો*

**તારો ઊતરતો શિયાળો સૌમ્ય, સુગંધી**
**હૂંફાળા શ્વાસ અને ઉત્તેજના**
**આંગળાં અને હોઠની સીમા**
**ભીનું શરીર**

**અને તેનીય પેલે પાર વિખેરી રહ્યાં છે**
**મનનાં ધુમ્મસને અને શરીરની ટાઢણે દૂર દૂર સુધી** *

**તારો ઊતરતો શિયાળો**
**જરા વધુ નજીક લાવે છે મારી વસંતને!**

અહીં કવિની રમણવૃત્તિ અને પ્રકૃતિનું કામણ એક તાદાત્મ્ય સાધે છે અને કવિના પ્રેમાંકુરને ગાઢ બનાવે છે. પાત્ર સાથેની નિકટતા પ્રકૃતિ સાથે તાલ મિલાવી કામાતુર બનાવે છે. કવિએ ઊતરતા શિયાળા અને પાંગરતી વસંત વચ્ચે પોતાના પ્રેમપાત્રને ભીંસીને મૂક્યું છે.

એકંદર કવિએ શાંતિ, જિંદગી, મૃત્યુ, ઋતુઓની કવિતાઓ પસંદ કરી કવિતા તેમ જ પ્રકૃતિ અને કવિતા વચ્ચેનું ઐક્ય સાધ્યું છે. ખરો આનંદ મેળવવા તો આ પુસ્તક વાંચવું રહ્યું.

■

## ઇચ્છાકુંવરીનું વિસર્જન / સરૂપ ધ્રુવ

**રસ્તા પર છુટ્ટી જો મૂકી દૌં જાતને તો ખોટ ના રહે કશી વાતની,**
**મોટર નૈં, સ્કૂટર નૈં, બે પગની જાતરા; ને મનની સવારી ઘોડા સાતની!**

**મૂડ ને મિજાજ નથી મળતાં બજારે**
**એ તો કૂવાહવાડાની વાયકા,**
**શબ્દો થૈં અવતરતી લાગણીના સંમ**
**અમે લોહીભીના જીવ્યા કૈં દાયકા;**

**ઘટના, દુર્ઘટના ને હોનારત, આયખું કે આલબેલ આગામી ઘાતની!**

**આજુબાજુમાં રોજ રજવાડી તાયફા**
**ને અલગારી ભેખ અમે લીધો,**
**પગલે પગલે પછી તો પારખાં છે પંડના;**
**કે અક્ષરનો મારગ નહીં સીધો!**

**ઝબ્બક અણસાર કાંઈ પામ્યા પછીથી અમે પડતી મેલી છ્ વાત જાતની!**

**અરગટ પરગટ નવા અરથોની આશકા**
**ને માટી ભરભર ભુક્કો ભાળું,**
**લગભગ કડડભુસ્સ હચમચ આ માંચડો,**
**ને મૂરતને તૂટતી નહિ ખાળું;**

**માનવ મહેરામણમાં મૂકી દઉં તરતી પછી જય બોલો ઇચ્છા તે માતની!**

# સાંપ્રત શિક્ષણની સમસ્યા અને સમાધાનની કથા

ભારતી વાઘેલા

[**'વાયા વેકેશન'** : લેખક : રાઘવજી માધડ, પ્રકાશક : રન્નાદે પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ ૨૦૨૩, કિંમત રૂ. ૫૦૦]

સાંપ્રત ગુજરાતી સાહિત્યમાં નવલકથા અને શિક્ષણવિષયક કથાઓ બહુ ઓછા પ્રમાણમાં સર્જાઈ છે. પણ જાણીતા કથા-સર્જક અને શિક્ષણવિદ રાઘવજી માધડ, તેઓના અનુભવના નિચોડ રૂપે, સાંપ્રત શિક્ષણની સમસ્યા અને સમાધાનની 'વાયા વેકેશન' નામે નવલકથા લઈ આવ્યા છે.

શિક્ષણ અને સાહિત્યનો સંબંધ શાળાકીય રહ્યો છે. શાળામાં વિદ્યાર્થીઓને કાવ્યો, નવલિકાઓ, નિબંધો, એકાંકીઓ વગેરે સાહિત્યપ્રકારોનું શિક્ષણ અપાય છે, પરંતુ તે સાહિત્યિક નહીં પણ શિક્ષણ સંદર્ભે આપવામાં આવે છે. પરિણામે સાહિત્યલેખન ઓછું રહ્યું છે. પરંતુ અહીં સાહિત્ય અને શિક્ષણના સમન્વય થકી એક સંતર્પક નવલકથા નિપજાવવાનો પ્રયાસ નોંધનીય છે.

આ કથામાં નાયક રામદાસ એક કર્મનિષ્ઠ, શિક્ષણ ને વિદ્યાર્થીપ્રેમી શિક્ષક-અધ્યાપક છે. પણ સ્વનિર્ભર પી.ટી.સી. કૉલેજોનો રાફડો ફાટ્યો ત્યારે લાયકાતવાળા પ્રાધ્યાપકોના અભાવે જે લાયકાતવાળા હોય તેમને સંચાલકો મોંમાંગ્યો પગાર આપી નોકરીએ રાખતા. રામદાસે કાયમી નોકરી છોડી ખાનગી પી.ટી.સી.માં નોકરી સ્વીકારી. ઉત્તમ શિક્ષણકાર્ય અને યોગ્ય નિરીક્ષણ–પરીક્ષણકાર્યના સંદર્ભે તેઓ સૌના ચહિતા થયા. પરંતુ વિદ્યાર્થીઓને વધારે ગુણભાર ન આપવાનો ભોગ બની, ગુરુ-શિષ્યાના પવિત્ર સંબંધોમાં શંકાનો ભોગ બની દુષ્કર્મના કેસમાં ફસાવીને જેલની સજા થઈ. જેથી તેઓએ નોકરી, પરિવાર, આબરૂ.... સઘળું ગુમાવ્યું છે. પણ પોતાનું વિત્ત ગુમાવ્યું નથી. કશુંક કરી છૂટવાની ભાવના જીવંત રહી છે.

સાંપ્રત શિક્ષણની સમસ્યા અને ઉકેલની આ કથામાં રામદાસને સમાજે ત્યજી દીધેલ છે. તેઓ નિરાધાર સ્થિતિમાં ગામની એક અવાવરું પણ મહત્ત્વની જગ્યામાં રહેવા આવ્યા છે. ત્યાં ગામના નકામા માણસો રામદાસને આ જગ્યા ખાલી કરવા ધમકાવે

છે. રામદાસ અડગ રહે છે. પ્રકરણના અંતમાં રામદાસ ટહેલતા ટહેલતા શિક્ષણ વિશે ગંભીર વિચારણા સુધી જાય છે. અહીં શિક્ષક, શિક્ષણ અને તેના પ્રશ્નોને લગતી વાત સાહિત્યના ઢાંચામાં ઢાળી કલા-કરતબ સાથે શિક્ષણનાં બી રોપ્યાં અને જે અંત સુધી ફૂટ્યાં અને સ્ફૂર્યાં છે.

સાહિત્યની સરવાણી પેઠે કથારસને જાળવી રાખવા સર્જકે ઠીકઠીક પ્રપંચ રચ્યો છે. જેમાં રામદાસને કૉલેજકાળમાં સહપાઠી નયના સાથે પ્રેમ થયેલો. તેમાં ઘર-સમાજની ઉપરવટ જઈ અન્ય જ્ઞાતિની નયના સાથે લગ્ન કરેલાં. બંને વચ્ચેના પ્રેમની ગાડી ઘરસંસારના ચક્રમાં ફસાઈ ગઈ. ઘરસંસારમાં અપડાઉન, નયનાનો અન્ય પુરુષ સાથેનો સંબંધ અને રામદાસ પર થયેલા દુષ્કર્મના કેસે આગ ચાંપી અને લગ્નસંસારનું રગશિયું ગાડું આડા પાટે ચડીને છેવટે તૂટી પડ્યું. તેમાં રામદાસે નયનાને સઘળું આપી દઈ છૂટાછેડા લીધેલા. પણ અન્ય એક સ્ત્રી ચંદ્રા છૂપી રીતે રામદાસના પ્રેમમાં હતી. ત્યારે રામદાસે નયના સાથે લગ્ન કરી લીધાં. છતાં બીજા કોઈ પુરુષ સાથે લગ્ન ન કરવાનો નિર્ણય ચંદ્રાએ લીધેલો અને છેવટ લગી પાળેલો.

જેલમાંથી છૂટ્યા બાદ રામદાસ મુંબઈ રહેતા એક શેઠની કૃપાથી અવાવરું વિશાળ જગ્યાની ઓરડીમાં રહેતા હતા. ત્યાં તેમને જગ્યા ખાલી કરવાની ધમકી આપનાર, જીવન જીવવા અને જીવનની જરૂરિયાતો પૂરી પાડવા માટે, હૃદયના મૃદુ છતાં અંધારામાં કાળા કામ કરનાર ઝીણાભાઈ, કૉલેજના વિદ્યાર્થી રમેશ અને તેની પત્ની નીલા, જયરામ, પ્રિ. પટેલ અને બીજા વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનો સમયાનુસાર સહયોગ સાંપડે છે. રમેશ-નીલાના ગાઢ સંપર્ક-સંબંધથી નીલા રામદાસને નયના સાથે પુનઃ જીવન જોડવા પ્રયાસ કરે છે. નયના પણ જેની સાથે તેણે સંબંધ કેળવેલો તે પુરુષ અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખતો થયો હતો. તેથી નિરાશ હતી અને તે પણ રામદાસ સાથે પુનઃ જોડાવા ઇચ્છતી હતી. સાથે ચંદ્રા પણ પોતાનો પ્રેમ વ્યક્ત કરતી રહી રામદાસ સાથે જીવન જોડવા ઇચ્છે છે. પણ રામદાસ નરસિંહ મહેતાની જેમ ‘ભલું થયું ને ભાંગી જંજાળ....’ને અનુસરી બંનેમાંથી કોઈની સાથે જોડાવા ઇચ્છતા નથી. ઘણાં ચિંતન-મનનસહ કાર્યો કરતાં કરતાં ઓપન સ્કૂલ શરૂ કરતા બે શિક્ષકો તેમાં જોડાવા આવે છે. પણ તેમને રામદાસે જે ઓળખ આપેલી તેનાથી તેમના મનના થયું અને થતું રહ્યું કે, પોતાની આ દુષ્કર્મવાળી ઓળખ કાર્યમાં વિઘ્નરૂપ બનશે! આ ભીતિ રામદાસને સતત રંજાડ્યા કરે છે અને કામમાંથી નાસીપાસ પણ કરે છે. અહીં મહાત્મા મૂળદાસનું ભજન સતત સ્મરણમાં રહે છેઃ “મનવો જાણે અમે સારાં કામ કરીશું ને ઉલટાનો પડ્યો સંતાપ...”

જીવનમાંથી નોકરી, પરિવાર, આબરૂ... સઘળું ગુમાવનાર રામદાસ જેલમાંથી છૂટ્યા બાદ શું કરવું, શું ન કરવું, કાંઈ કરવું તોપણ શું કરવા કરવું? વગેરે અંગે ચિંતા-ચિંતન કરતા રહેતા. પણ મૂળે શિક્ષકનો જીવ એટલે શિક્ષણ અંગે કંઈક કરવાના વિચારોમાં સ્થાનિક ઝીણાભાઈ, નરેશકુમાર, રમેશ અને લીલા, જયરામ, બીજા વિદ્યાર્થીઓ અને શિક્ષકો, હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પટેલ, વસાહતના લોકો, માર્ગદર્શન માટે આવતી વ્યક્તિઓ, ખાનગી શાળાના સંચાલકો, માર્ગદર્શનકાર્ય કરતો વખત... વગેરે સહશિક્ષણના

પ્રશ્નો – ઉકેલના સંદર્ભે કથા વહેતી રહી છે.

શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ તો એક ઉત્તમ માણસ નિર્માણ કરવાનું છે. દેશ માટેનો સારો નાગરિક ઘડવાનું કામ શિક્ષણનું છે. પણ એવું થઈ રહ્યું નથી. કલા અને કૌશલના વિકાસના બદલે સમગ્ર શિક્ષણ માત્ર ને માત્ર પરીક્ષાલક્ષી બની ગયું છે. વિદ્યાર્થીઓમાં પરીક્ષાના ભારણના લીધે આપઘાતનું પ્રમાણ વધ્યું છે. જીવન જીવવા માટે શિક્ષણ હોય એના બદલે મૃત્યુનું કારણ શિક્ષણ બને... તે બાબતને કેન્દ્રમાં રાખી સર્જકે પોતાના અનુભવને કામે લગાડી શિક્ષણના સારા-નરસા પાસાને ઉજાગર કરવાનો પ્રયાસ કર્યો છે. તેમાં સાંપ્રત પ્રશ્નો અને તેના ઉકેલ....અને સમાધાન જે બુનિયાદી કેળવણીમાં સમાયેલા છે. ઓપન સ્કૂલની સંકલ્પના દ્વારા જીવનલક્ષી શિક્ષણ પ્રાપ્ત થઈ શકે એવું અહીં અભિપ્રેત છે. આજના ટેક્નૉલોજીના યુગમાં બુનિયાદી કેળવણી કેટલી પ્રસ્તુત છે... એ પણ એક સવાલ છે. વળી વાલીઓને આ શિક્ષણ અભિપ્રેત છે ખરું? તેનો કથામાં ક્યાંય ઉલ્લેખ નથી.

નવલકથાકારે શિક્ષણની અનેક સમસ્યાઓનો ઉલ્લેખ કર્યો છે. શિક્ષણમાં પ્રશ્નો, શિક્ષકોને સોંપવામાં આવતી ઓછામાં ઓછી પચાસ કરતાં વધારે શિક્ષણ બહારની કામગીરી, ભારેખમ અભ્યાસક્રમ, સ્થાનિક રહેવાના બદલે અપડાઉન, મહામારી સમયમાં શિક્ષકોએ કરવી પડતી કામગીરી, ભાષા અને સ્થાનિક બોલી...વચ્ચે સંવાદના પ્રશ્નો... આ બધા મુદ્દાની રામદાસ શિક્ષકો સાથે, ઑનલાઇન ચર્ચા કરે છે અને સાથે શિક્ષકોની મદદથી, જે પ્રશ્નો તંત્રની અડચણ વગર ઉકેલ–સમાધાન પામી શકે તે વિગતથી સૂચવે છે. શિક્ષકો સામે કહે છે : અમને અમારી રીતે કામ કરવા દે તો પણ ઘણું છે!

દેશનાં અન્ય રાજ્યો જેમ ગુજરાતમાં વિચરતી અને વિમુક્ત જાતિઓનું પ્રમાણ ઠીક ઠીક છે. રામદાસ જ્યાં રહે છે તેની સામે આવી વસ્તીની વસાહત છે. આ વંચિતો, પીડિતો, શોષિતોનાં બાળકોને ભણવું હોય છે પણ તેમને સ્થળાંતર વગેરે પ્રશ્નો નડે છે. આ બાળકોને શિક્ષણ આપવા અર્થે સ્કૂલમાં દાખલ કરવાનો પ્રયાસ રામદાસ કરે છે. ઓવરપોસ્ટિંગ – વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાથી, બાળકોની સંખ્યા ઘટે તો શિક્ષક વધમાં પડે અને ગમે તે સ્થળે – શાળામાં બદલી થાય એટલે જવું પડે. જેથી આ બાળકોને સ્કૂલમાં દાખલ કરવા શિક્ષકો સંમત થાય છે. કારણ કે વિદ્યાર્થીઓની ઘટના લીધે બદલી થતાં દૂરના સ્થળે જવાનું થાય ત્યારે કૌટુંબિક સમસ્યા સર્જાતી હોય છે. વળી બાળકો નિયમિત શાળાએ ન આવે એટલે તેમને ઘેરઘેર જઈને વાલીઓને સમજાવવાં જવું પડે છે. જેથી શાળામાં આવેલ બાળકોને ભણાવી શકાતાં નથી. વાલીઓના અયોગ્ય વ્યવહારો પણ સહન કરવા પડે છે. આ બાબતો સાથે એક નવી અને હાલની પરિસ્થિતિ પ્રમાણેની બાબત એ છે કે, સ્વનિર્ભર શાળાઓ શરૂ થતાં તેઓની જાહેરાતો અને બાહ્ય દેખાવને કારણે સરકારી શાળાઓમાં સંખ્યા ઘટે છે. જો સરકારી શાળામાં વ્યવસ્થિત – સારી રીતે ભણાવવામાં આવે તો બાળકોની સંખ્યાની ઘટનો પ્રશ્ન ન રહે તેવું રામદાસ સૂચવે છે. ઝીણાભાઈની દીકરી શાળાએ નિયમિત જતી નથી તે ઘટના દર્શાવે છે કે સમાજમાં વાલીઓ – માબાપ, દીકરીને ભણાવવા ઇચ્છતાં નથી કારણ કે દીકરીને

ભણાવે તો ભણેલા મુરિતયા મળતા નથી. આ બાબત એવું સમજાવે છે કે દીકરીઓ ભણે છે પણ દીકરા ભણતા નથી. આ સંદર્ભે રામદાસ દીકરીઓની ભણાવી પગભર કરવાનું કહે છે. જો જ્ઞાતિમાં ભણેલો-યોગ્ય મુરતિયો ન મળે તો અન્ય જ્ઞાતિમાં લગ્ન કરવા જોઈએ. સ્ત્રીની સમસ્યાઓના ઉલ્લેખમાં શિક્ષક-શિક્ષિકાઓ ગામડાંમાં નોકરી મળે ત્યારે ગામડાંમાં રહેવાની જરૂરી સુવિધાઓ મળે નહીં તેથી અપડાઉન કરવાનું થાય છે. શારીરિક-માનસિક થાક લાગે, સારા-નરસા અનુભવો થાય છતાં અપડાઉન કરવું પડતું હોય છે. જે શિક્ષણ-કાર્ય પર અસરકરતા બને છે. આ બધું સાહિત્યની શરતે કથામાં આવ્યું છે.

આજે વિજ્ઞાન અને ટેક્નૉલોજીના યુગમાં અંતે તો માણસ જ સર્વોપરી છે, નહીં કે યંત્ર! માણસનું સ્થાન ક્યારેય યંત્ર લઇ શકે નહીં. આંસુ અને સંવેદના માત્ર માણસના ભાગ્યમાં જ સર્જાયેલી છે.... આવા વિચારોને મૂર્તિમંત કરવાનો સર્જકનો આયાસ ને પ્રયાસ નોંધનીય છે. પણ કશું કહી દેવાના બદલે કરી બતાવવું એ અગત્યનું હોય છે. કથાનાયક રામદાસ દ્વારા આ બધું સાર્થક કરવાના ઉદ્યમ અલેખે લાગે એવું નથી.

નવલકથામાં રામદાસ મુખ્ય પાત્ર છે. તેમની સાથે ચાલનારાં પાત્રોમાં ઝીણાભાઈ, રમેશ ને નીલા, જયરામ; જ્યારે ગૌણ પાત્રોમાં ગુરુમાતા નયનાદેવી, વસ્તીનાં બાળકો, અન્ય શિક્ષકો, દરજી, શેઠ, ઝીણાભાઈ ની દીકરી અને પત્ની, માનવેતર પાત્ર તરીકે કૂતરો વગેરે છે.

સર્જકની ભાષાકલા કથામાં બરાબર નીખરી છે. સંવાદનાં થોડાં ઉદાહરણ લઈએ તો : ‘એક બહેન સાવ ધીમા અવાજે બોલી ગયાં: અમારે તો ભણાવવાં છે, પણ ઉપરવાળા સાહેબો ભણાવવા દે તોને?’ પછી આગળ કહે છે : ઓછામાં ઓછી પચાસ કરતાં વધારે શિક્ષણ બહારની કામગીરી આપી છે અમને!’ શરૂઆતમાં જગ્યા ખાલી કરાવવા ઝીણાભાઈની સાથે આવેલા માણસોના સંવાદ પૂર્વે વર્ણનકલા પણ જોઈએ – (પાન નં. ૨): બે-ત્રણ માણસો જેમાં એક પાસે લાકડી હતી. આવવાનું કારણ એ હતું કે, આ જગ્યા છોડીને રામદાસ જાય તેના માટે ધમકી આપવા આવ્યા હતા. પણ રામદાસે સ્વસ્થ રહ્યા સિવાય છૂટકો નથી. ‘ભાઈ, હું આપની નજરે શેતાન હોઈશ પણ સાધુ-સંત નથી.’ રામદાસે ચોખવટ કરતાં કહ્યું: ‘આ સફેદ ઝભ્ભો-લેંઘો તો અનુકૂળતા ખાતર પહેર્યાં છે. આ પહેરવેશનો એવો કોઈ ઉદ્દેશ નથી.’ શેતાન જ છો, જેલમાંથી સજા કાપ્યા પછી કોઈએ સંઘર્યો નહીં તે આંયાં આવ્યો છો!’ આવી પરિસ્થિતિમાં પણ રામદાસ તેમને પૂછે છે કે, ‘પણ હું અહીં રહું તેમાં આપને શું વાંધો છે.... ભલા થઈને એ કહેશો!’

– અહીં એક શિક્ષકને શોભે એવી ભાષા-બોલીનું બાહુલ્ય કથાને સાહિત્યપણામાં ઝબોળે છે.

કોરોનાની મહામારી અને લોકડાઉન અંગેની ચર્ચામાં રમેશ અને નીલાના સંવાદ શિક્ષણ અને બાળકોને લગતા જોઈ શકાય છે. રમેશ : ‘આ લોકડાઉન લાંબું ચાલશે તો શિક્ષણ પર ભારે માઠી અસર થાશે.’(૧૫૦). નીલા: અમુક બાળકોને મહામુસીબતે

સ્કૂલમાં આવતાં કર્યાં છે...! (૧૫૦). ભાષાની ચમત્કૃતિ માટે કહેવતો, તળપદા શબ્દો જોઈ શકીએ છીએ. સમાજમાં ઘણી અને ગણી ગણાય નહીં એવી જાણી-અજાણી, સારી-નરસી અનેક પ્રકારની આડઅસરો ઊભી થઈ રહી હતી.(૧૦). અહીં આપણે ઘણી-ગણી શબ્દની ચમક જોઈ શકીએ છીએ. કહેવત પણ ઘણું કહે છે. 'કૂતરાનું દુઃખ જ આ... ખીજે તો કરડે ને રીઝે તો મોં ચાટે!'(૧૬); છીંડે ચડ્યો તે ચોર' (૭૫); 'વાસીદામાં સાંબેલું વયું જાત અને નાહકની પછી માથાકૂટ કરવાની થાત!'(૮૧); 'કાગનો વાઘ બનીને ઊભો રહે.' (૧૧૩); 'ગરીબની વહુને ગામ આખું ભાભી કહે' (૧૧૪); 'વાસીંદું તો વહુ માથે જ રહ્યું' (૧૧૪); 'પાડો જન્મે ત્યાંથી અને મરે ત્યાં સુધી પાડાનો પાડો જ રહે!' (૧૨૪); 'લોઢે લીટો થયો સમજો!' (૨૨૮); 'કૂવામાં હોય તો હવાડામાં આવે ને!' (૨૩૧) 'ગધેડાને તાવ આવે એવી વાત' (૨૪૧); ભાષા-બોલી શબ્દોઃ આંયાં અને બીજા શબ્દો 'પારોઠ' (૨૨); 'વેંઢારવું' (૨૫); 'મોબાઇલ' માટે 'સેલફોન' શબ્દ, 'ઝઝકી' (૪૮); 'હરેરી' (૯૩) વગેરે. ટૂંકમાં ભાષાને રળિયાત કરે એવું ભાષાકર્મ કર્યું છે. અને ખાસ તો પાત્રના મોંએથી પ્રગટતા સંવાદમાં સંવાદકલાની પ્રતીતિ થયા વગર રહેતી નથી.

સમગ્ર કથામાં સર્જકે લોકડાઉનના કાળને ખપમાં લીધો છે. પણ કાળ કાયમી નથી. તેથી કથામાં અમુક મર્યાદાઓ ઊભી થવા કે રહેવા પામી છે. ક્યાંક પ્રશ્નોનું પુનરાવર્તન પણ થયું છે. જે ગાળી અને ટાળી શકાય એવું હતું.

રામદાસ શિક્ષકોની મદદથી વીડિયો કૉન્ફરન્સ યોજે છે. સાથે સાથે યુ-ટ્યૂબ ચૅનલ, અને ઑનલાઇન શિક્ષણ માટે 'દાસવાણી' નામે ચૅનલ શરૂ કરે છે જેમાં શિક્ષકોના પ્રશ્નો, સારી કામગીરી, નવાચાર વગેરેની વિગતે ચર્ચા કરે છે. શિક્ષણની કોઈ વાત, વિચારને સમગ્ર શિક્ષકજગતમાં વહેતો મૂકવો હોય તો કેવી રીતે મૂકવો...પણ અનુભવી લેખકે ટેક્નૉલોજી માધ્યમની આ ટેકનીકને બખૂબી ખપમાં લીધી તે ધ્યાનપાત્ર છે.

અને અંત વેધક અને ચોટદાર રહ્યો છે. તેમાં એક નિવૃત્ત શિક્ષકને કહે છે : 'આપે જે મને ટકોર કરી કહ્યું છે તે મારા ધ્યાનમાં છે. આપનું કહેવું વાજબી છે. હું તેનો અમલ કરવા જઈ રહ્યો છું. સાથોસાથ સૌને વ્યક્તિગતપણે આ કાર્યમાં સહયોગ આપવાની વિનંતી કરી..' ને છૂટા પડે છે. પછી રમેશ-નીલાને ત્યાં જમવા ગયા. રમેશ મૂકવા આવે છે ત્યારે રામદાસ તેને કહે છે : 'રમેશભાઈ, બધું સંભાળી લેશો...' ચંદ્રાને પણ ફોન કરી જણાવ્યું : 'હું..હું...ક્યાં હોઈશ એની મને ખુદને જ ખબર નહીં હોય' – એમ કરી ફોન કટ કરી દે છે. પછી વહેલી સવારે ઊઠીને પ્રાતઃક્રિયાઓ આટોપી ખાલી હાથે અને પહેર્યાં લૂગડે ઘર બહાર નીકળી ગયા. અને અજાણી, અગોચર દિશા ભણી ચાલ્યા ગયા..

જે ક્ષણ, સ્થિતિથી કથાની શરૂ કરી છે... ને છેલ્લે એ વિષાદયુક્ત સ્થિતિમાં નાયક નીકળી જાય છે... તેમાં કથા-લેખકની કલાસૂઝ દેખાઈ આવે છે.

અને સાથે હતો તે કૂતરો તેની સીમા, હદ આવી ત્યાંથી પાછો વળી ગયો...લાગે કે કથા અધૂરી રહી છે. પણ કેટલુંક ભાવક પર છોડી અધ્યાહાર રાખે તેમાં પણ લેખકની

ખૂબી જણાય છે.

આ નવલકથામાં સાંપ્રત શિક્ષણની ગતિવિધિને સર્જકે સુપેરે પ્રસ્તુત કરી છે. ક્લાસરૂમથી લઈ શૈક્ષણિક સંસ્થાઓ અને છેક વહીવટીતંત્ર સુધીની સાર-નરસી બાબતોને ઝીણવટથી આવરી લીધી છે. ક્યાંક કૃત્રિમ કે આયાસપૂર્ણ ઉપજાવ્યાનો અહેસાસ થતો નથી. પણ તંતોતંત અનુભવાયાનો અણસાર આપી જાય છે.વાસ્તવના ખરલમાં કલ્પન ઘૂંટી કલાકૃતિ નિપજાવવી શક્ય અને કસાયેલી કલમ માટે સરળ છે. પરંતુ કોઈ નર્યા વાસ્તવને જ્યારે કથાના સ્વરૂપમાં નિરૂપિત કરવું તે પડકારજન્ય સર્જન છે. અહીં સર્જકને સફળતા મળી છે એવું કહેવામાં હરકત સુધ્ધાં નથી. શિક્ષણના પ્રશ્નોનું નિવારણ, સમાધાન અને ઉત્તમ તેમજ સાર્થક શિક્ષણકાર્ય કેવી રીતે થઈ શકે... એવી બાબતોથી જ્ઞાત, અવગત એવા આ મૂળ શિક્ષક, સર્જક પાસેથી પ્રાપ્ત આ શિક્ષણવિષયક કથાનું સાહિત્યજગતમાં સ્વાગત છે.

■

## ‘આપણું’ ગીત / માધવ રામાનુજ

**આપણે તો ભૈ રમતારામ!**
**વાયરો આવે-જાય એણે ક્યાંય બાંધ્યાં ના હોય ગામ.**

**ઓઢવાને હોય આભ, ઉશીકાં હોય શેઢાનાં, પાથરેલી હોય રાત;**
**સમણાંના શણગાર સજીને ઊંઘ આવે**
**ને પાંખડીઓ-શા પોપચે આવે મલકાતું પરભાત,**
**ઝાકળમાં ખંખોળિયું ખૈને હાલતા થાઈં, પૂછતા નવાં નામ...**
**આપણે તો ભૈ રમતા રામ!**

**વાદળ કેવું વરહે, કેવું ભીંજવે! એવું ઊગતા દી’નું વ્હાલ!**
**આછેરો આવકાર મળે, બે નેણ ઢળે –**
**બસ, એટલામાં તો છલકી થાઈં ન્યાલ!**
**મારગે મળ્યું જણ ઘડીભર અટકે, ચલમ પાય**
**ને પૂછે – કઈ પા રૂ્હેવાં રામ?**
**વાયરો આવે–જાય, એણે ક્યાંય બાંધ્યાં ના હોય ગામ!**

# સ્વાધ્યાય-જ્યોતિ

સુલભા દેવપુરકર

[**‘સ્વાધ્યાય-જ્યોતિ’** : લે. પ્રા. જ્યોતિ મુકુંદરાય પારાશર્ય, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, ૨૦૨૨, પૃ. સં. ૮ + 140, કિં. રૂ. ૨૬૦]

પ્રાધ્યાપકો પોતાના જીવન દરમિયાન જ્ઞાનસંચય કરે છે અને વિદ્યાર્થીઓને પીરસે છે, પણ લખવાનું બધાને બનતું નથી. જ્યોતિબહેનનું પુસ્તક ‘સ્વાધ્યાય-જ્યોતિ’ આમ જ એક અધ્યાપકના કાર્યને નમ્રતાથી રજૂ કરાયેલા અઢાર (૧૮) લેખોનો એક સંગ્રહ છે. અઢારનો આંકડો પણ મજાનો છે.

શરૂઆત મહાભારતના ‘સભાપર્વ’થી થાય છે. સભાપર્વ કેમ મહત્ત્વનું છે, તેમાં આવતા પ્રસંગો, તેનું બંધારણ, તેમાં જુદી જુદી રસનિષ્પત્તિ કઈ રીતે થઈ છે તે સંક્ષિપ્તમાં કહેવાયું છે. સ્વ. જ્યોતિબહેન પાસે ભણવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું છે એટલે પ્રસંગોની ચિત્રાત્મકતા હું હજી અનુભવી શકું છું. પાંચમું પ્રકરણ સંસ્કૃત લેખિકા ક્ષમાદેવી રાવ વિશે છે અને તે હિન્દીમાં છે. સાતમું પ્રકરણ આખું સંસ્કૃત ભાષામાં લખાયેલું છે. એ સિવાય ગુજરાતી ભાષામાં લેખો છે પણ સંસ્કૃત સાહિત્ય જે જ્યોતિબહેનનો મૂળ વિષય હતો તે પર આધારિત છે.

જ્યોતિબહેને પોતાના પિતા મુકુન્દરાય પારાશર્યનું ઘણું અપ્રકાશિત રહેલું સાહિત્ય પ્રકાશમાં લાવવાનું કામ કર્યું હતું. આ પુસ્તકમાં પણ ‘મુકુન્દરાય પારાશર્ય કૃત કૃષ્ણજન્મ’ અને હસ્તલિખિત સામયિક વિશે વિગતો મળે છે.

એક સમયે ‘સમર્પણ’માં પ્રકાશિત ‘ચિરંજીવ શરદબાબુ’ પણ લેખક પરના નિબંધનો સરસ નમૂનો છે. ‘અમૃતઘટઃ આયુર્વેદ’ એક અભ્યાસપૂર્ણ લેખ છે. પંડિતા ક્ષમાદેવીકૃત ‘સત્યાગ્રહ ગીતા’ પર સ્વતંત્ર લેખ પણ છે. એમ ક્ષમા રાવ પર કુલ ત્રણ લેખો થાય છે.

લાઘવ, સૂક્ષ્મ દર્શન અને ગહનતા જ્યોતિબહેનના લેખનને દીપાવે છે. અભ્યાસલેખો સંયમપૂર્વક જે-તે લેખકોના સર્જનતેજને વાચકો સમક્ષ લાવે છે. અભ્યાસલેખો અને વિવેચન વાચકોની વાચનભૂખ જાગ્રત કરે તેવા હોવા જોઈએ તે અહીં ફલિત થાય છે.

■

# પરિષદની આંખે આકાશવાણીની પાંખે...

મૌલિન મુન્શી

(સમીર ભટ્ટ સાથે મૌલિન મુનશીની મુલાકાત)

આકાશવાણીનું આ અમદાવાદ-વડોદરા કેન્દ્ર છે. સાંપ્રત વાર્તાલાપમાં આપ સાંભળશો ગુજરાતી સાહિત્ય પરિષદની વિવિધ પ્રવૃત્તિઓ વિશે ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીર ભટ્ટની મૌલિન મુન્શીએ લીધેલ મુલાકાત.

સાંપ્રત વાર્તાલાપનો કાર્યક્રમ સાંભળતા સૌ શ્રોતામિત્રોને મૌલિન મુન્શીના નમસ્કાર. મિત્રો, આપણા શહેરમાં એવી સંસ્થાઓ છે જેના વિશે આપણને ગૌરવ થાય. શહેર જેનાથી ઓળખાય એવી જ એક સંસ્થા છે ગુજરાતી સાહિત્ય પરિષદ.

ખૂબ મોટું નામ છે અને ખૂબ મહાન સાહિત્યકારો એના પ્રમુખ રહી ચૂક્યા છે. એટલે એના વિશેની ઓળખ વિશે તો સવાલ જ નથી. ભાગ્યે જ એવું કોઈ હોય જેણે ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાત ન લીધી હોય. મિત્રો, આજે મારી સાથે આકાશવાણી સ્ટુડિયોમાં ગુજરાતી સાહિત્ય પરિષદના મહામંત્રી સમીરભાઈ ભટ્ટ ઉપસ્થિત છે. આપણે આજે એમની પાસેથી ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રવૃત્તિઓ, કાર્યક્રમો, એનાં જે વિવિધ સત્રો થાય છે તેના વિશે સંવાદ કરીશું.

મૌ.મુ. – સમીરભાઈ, આકાશવાણી સ્ટુડિયોમાં ખૂબ ખૂબ દિલથી સ્વાગત છે.

સ. – આભાર.

મૌ.મુ. – પહેલાં તો સમીરભાઈ, અમારા શ્રોતામિત્રો છે... ખાસ કરીને અત્યારે જે નવજુવાન પેઢી છે તેમને આ ગુજરાતી સાહિત્ય પરિષદનો થોડો પરિચય આપશો?

સ. – ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના 1905માં થઈ.

રણજિતરામ વાવાભાઈ મહેતાએ તેની સ્થાપના કરી. ભારતની શ્રેષ્ઠ નવલકથા 'સરસ્વતીચંદ્ર'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી પ્રથમ પ્રમુખ બન્યા. ત્યારથી શરૂ કરીને આજ સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખોની પરંપરાનાં થોડાંક નામ જોઈએ તો મહાત્મા ગાંધી, કનૈયાલાલ મુનશી, ઉમાશંકર જોશી, નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ,

રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત ટોપીવાળા, સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રકાશ ન. શાહ અને હાલ 51મા પ્રમુખ તરીકે હર્ષદ ત્રિવેદી પ્રમુખપદ સંભાળી રહ્યા છે. આવી એક ઉજ્જ્વળ પરંપરા ધરાવતી, ગુજરાતમાં રહેલી અગ્રગણ્ય ભારતીય સાહિત્યસંસ્થા એટલે ગુજરાતી સાહિત્ય પરિષદ..

મૌ.મુ. – સમીરભાઈ, આજે ગુજરાતી સાહિત્ય પરિષદ મુખ્યત્વે કેવાં કાર્યો કરે છે તેની આપ વાત કરશો?

સ. – ગુજરાતી સાહિત્ય પરિષદ બે પ્રકારનાં કાર્યો કરે છે. એક તરફથી વ્યાપક અને બીજી તરફથી ઊંડાણ ધરાવતા કાર્યક્રમો. આગામી બે મિનિટમાં તેની વાત કરું તો પહેલા તો આપણા પરિષદમાં જ્ઞાનસત્ર અને અધિવેશન યોજાય છે. એક વર્ષે અધિવેશન યોજાય અને એક વર્ષે જ્ઞાનસત્ર યોજાય. અધિવેશન મોટાં શહેરોમાં યોજાય. એ ગુજરાતમાં કે પછી ગુજરાત બહાર ભારતમાં યોજાય. કોલકાતાથી લઈને સિકંદરાબાદ, મુંબઈ, અરે આઝાદી પહેલાં કરાંચીમાં પણ અધિવેશન યોજાયું હતું. ગયા વર્ષે અમે ભોપાલમાં અધિવેશન યોજ્યું હતું. આમ મોટાં શહેરોમાં અધિવેશન યોજાય અને જ્ઞાનસત્ર – ગુજરાતનાં નાનાંનાનાં સેન્ટરોમાં, તાલુકા કક્ષાએ કે પછી ગામડામાં કામ કરતી કોઈ સમૃદ્ધ સંસ્થા હોય ત્યાં જઈને પરિષદ પોતાનું જ્ઞાનસત્ર યોજે છે.

અધિવેશન અને જ્ઞાનસત્રમાં કોઈ ચોક્કસ વિષય પર ચર્ચા થાય, સમકાલીન સાહિત્ય, પહેલાં રચાઈ ગયેલાં સાહિત્ય વિશે, સાહિત્યકારો વિશે વ્યાખ્યાનો થાય, યજમાન સંસ્થા પણ પોતાની પ્રસ્તુતિ કરે, ચર્ચાઓ થાય. 3 દિવસ આ સાહિત્ય પર્વ ચાલે જેમાં આશરે 600થી 700 જેટલા સાહિત્યરસિકો ભાગ લે છે. અત્યાર સુધીમાં 51 અધિવેશન અને 33 જ્ઞાનસત્ર થયાં છે. અને હા, જે તે વિસ્તારની પણ એક બેઠક રાખીએ. દા. ત. સાયલામાં જ્ઞાનસત્ર યોજેલું ત્યાં ઝાલાવાડના સાહિત્યકારો વિશે એક બેઠક યોજી હતી. કવિ સંમેલન હોય, પારિતોષિકો આપીએ અને વ્યાપકપણે સાહિત્યની ચર્ચા થાય. ગુજરાતભરના ભાવકો આવે.

મૌ.મુ. – ગુજરાતી સાહિત્ય પરિષદ અધિવેશન અને જ્ઞાનસત્ર ઉપરાંત જુદા-જુદા વર્કશોપ પણ રાખતી હોય છે.

સ. – પરિષદની કાર્યશાળા નિયમિતપણે યોજાય છે. આ વર્ષની જ વાત કરું તો આપણા વૈશ્વિક ચિત્રકાર અમિત અંબાલાલ તરફથી આ બાબતે મોટું દાન મળ્યું છે. એ દાનમાંથી અમે આ વર્ષે ગુજરાત અને ગુજરાતની બહાર સાહિત્ય વિશે 25 શિબિર યોજવાના છીએ. એક ચિત્રકાર પરિષદને દાન આપે, એક કળા બીજી કળાને કેવી રીતે સંભાળી શકે, માન આપી શકે તેનું આ ઉદાહરણ છે. આ બાબત પરિષદમાં જ સંભવ છે. આટલો મોટો ચિત્રકાર આપણને દાન આપીને કહે છે કે સાહિત્યની પ્રવૃત્તિ કરો. એક શિબિર ગઈ કાલે જ પૂરી થઈ જેમાં 145 જેટલા ગુજરાતના નવોદિત સર્જકો આવ્યા અને આખો દિવસ સર્જકતાનાં જુદાં જુદાં પરિમાણો કવિતા, વાર્તા, નવલકથા વિશે તજ્જ્ઞો દ્વારા માર્ગદર્શન અપાયું. આવી 25 શિબિર થશે.

આ ઉપરાંત આપણી પાસે વ્યાખ્યાનમાળા છે. કુલ 26 વ્યાખ્યાનમાળા છે. આ વ્યાખ્યાનમાળા અંતર્ગત આખું વરસ ગુજરાતની સારી સારી સંસ્થાઓમાં વ્યાખ્યાન યોજાય છે. કવિતાનો એક વિશિષ્ટ કાર્યક્રમ "આપણો કવિતાવારસો" પરિષદ યોજે છે. જેમાં ગુજરાતી ભાષાનો એક કવિ કાવ્યપાઠ કરે છે, પોતાની કેફિયત આપે છે, તેની કવિતા વિશે એક વિદ્વાન વ્યાખ્યાન આપે છે. જ્યાં આ કાર્યક્રમ થાય એ વિસ્તારના કવિઓ ભેગા થઈને તેની સાથે સંવાદ કરે છે. એટલે તે વિસ્તારની સોડમ પણ એ કાર્યક્રમમાં ઉમેરાય છે. ગયા વરસથી જુલાઈ મહિનાને પરિષદ ઉમાશંકર જોશી મહિનો તરીકે ઊજવે છે કેમ કે 21 જુલાઈ આપણા મૂર્ધન્ય સર્જક ઉમાશંકર જોશીનો જન્મદિવસ છે. આ આખા મહિના દરમિયાન એટલે કે મહિનાના 30 દિવસ પરિષદ વતી ગુજરાતમાં કોઈ એક જગ્યાએ એક કવિ કાવ્યપાઠ કરે છે. ગયા વર્ષે અમે આમ કર્યું. આ વર્ષે પણ અમારું આ રીતનું આયોજન છે. 'આપણો ગદ્યવારસો' કાર્યક્રમ પણ અમે યોજવાના છીએ.

મૌ.મુ. – સાચી વાત છે. આ ઉપરાંત સમીરભાઈ, માતૃભાષાના સંવર્ધન માટે પણ ગુ.સા.પ. ઘણાં કાર્યો કરે છે ને?

સ. – આપણે ત્યાં માતૃભાષા સંવર્ધન કેન્દ્ર છે જે નિયમિતપણે ગુજરાતી લેખનસજ્જતા ગુજરાતી ભાવક કેળવી શકે એની કાર્યશાળા કરે છે. ઉપરાંત આ વખતે 21 ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસે પરિષદે 176 સંસ્થા સાથે સંકલન સાધી સવારે 10થી 11 ઑનલાઇન / ઑફલાઇન કાર્યક્રમો કર્યા.. આપણે આજના જમાનાને અનુરૂપ ટેક્નૉલોજીનો ફાયદો પણ ઉઠાવીએ છીએ. આવી રીતે ગુજરાતી ભાષાનું સંવર્ધન થાય. ગયા વર્ષે આપણા ખૂબ મોટા હાસ્યકાર અને પદ્મશ્રી જગદીશ ત્રિવેદીએ આ માટે દાન આપેલું. તેમના નાનાની સ્મૃતિમાં ગુજરાતી ભાષાનાં 104 વ્યાખ્યાનો આપણે યોજ્યાં જેમાં મુંબઈથી લઈને વેરાવળ સુધીનો આખો પટ આવરી લીધેલો.

મૌ.મુ. – વાહ! એટલે આપણી માતૃભાષા નવી પેઢી શીખે એ પણ જરૂરી છે. ભાષાનું સંવર્ધન થાય અને નવા નવા લેખકોને પરિષદ તાલીમ આપે અને ગુજરાતને નવા સાહિત્યકારો મળે તે બહુ મોટી વાત છે... સમીરભાઈ.

સ. – એક બીજ વાવીએ અને આખું ખેતર લહેરાય તેમ સાચો શબ્દ ઊગી નીકળે અને સર્જકતાથી ભાષાનું ખેતર લહેરાય એમાં જ પરિષદની સાર્થકતા છે.

મૌ.મુ. – નાનાં બાળકો માટે પરિષદ કંઈ કરે છે?

સ. – ગયા મહિને જ પરિષદે માત્ર પાંચ દિવસના ટૂંકાગાળામાં આપણા બાળસાહિત્યકાર નટવર પટેલના સંયોજનમાં ત્રણ દિવસની તાલીમ શિબિર કરી.. બાળકોની સર્જકતા ખીલે એ માટેની શિબિરમાં અમદાવાદ શહેરનાં બાળકોએ એમાં ભાગ લીધો.

ત્રીજે દિવસ એ બાળકોએ અભિવ્યક્તિ પણ કરી અને તે બાળકોનાં માતા-પિતાને અમે વિનંતી કરી કે દર મહિને એક રવિવારે બાળકો અહીં આવે અને બાળસભા

યોજાય. આ આયોજન પણ નટવરભાઈ કરશે.

મૌ.મુ. – ગુજરાતી સાહિત્ય પરિષદ બાળકોને લઈને યુવાનો સુધીનો પોતાનો સાહિત્યવારસો સચવાઈ રહે એ માટે શું કરે છે?

સ. – હવે આ વારસાની વાત. પરિષદમાં પાંચ સ્વાધ્યાયપીઠ છેઃ હેમચંદ્રાચાર્ય, ભોગીલાલ સાંડેસરા, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી સ્વાધ્યાયપીઠ. આમાં વરિષ્ઠ સંશોધકો સંશોધન કરે તેવી સવલત છે. આમ એક તરફથી વ્યાપક અને બીજી તરફથી ઊંડાણ ધરાવતા કાર્યક્રમો – આ બંનેનું સંતુલન પરિષદ સાધે છે.

મૌ.મુ. – સમીરભાઈ, ગુજરાતી સા. પ. વ્યાપકપણે મોટા સ્તરે અનેક આયોજન કરે છે. હવે ભવિષ્યમાં આપનું શું આયોજન છે.

સ. – ભવિષ્યમાં એકથી વધુ દિશાઓમાં અમારું આયોજન છે?

પહેલું તો આપે કહ્યું તેમ માતૃભાષાના સંવર્ધન માટે એવું કશું નક્કર કરવું જોઈએ. એ માટે ગુજરાતના દરેક જિલ્લામાં પરિષદ દ્વારા માતૃભાષા શિક્ષણ કેન્દ્ર શરૂ કરી અમારી જે આ પ્રવૃત્તિઓ છે તેમાં બને એટલું વિસ્તરણ કરવું છે. પરિષદ એટલે કેવળ અમદાવાદ નથી, પરિષદ એટલે ગુજરાત. ગુજરાતનાં અનેક કેન્દ્રોમાં પરિષદ કઈ રીતે જઈ શકે તેનું વ્યાપક આયોજન અમારા પ્રમુખ હર્ષદ ત્રિવેદી અને અમે સૌ સાથે મળી કરી રહ્યા છીએ.

મૌ.મુ. – આજકાલના યુવાનોમાં સાહિત્યરુચિ અથવા વાચન ઘટ્યું હોય એવું લાગે છે?

સ. – વાચન ઘટ્યું એમ કહેવાને બદલે વાચનની દિશા બદલાઈ છે.

હવે પુસ્તક હાથમાં લઈ વાંચતો યુવાન એ આપણા માટે અજાયબીનો વિષય બની જશે એવી સંભાવના વ્યક્ત થઈ રહી છે

જોકે એ સાવ ખોટી નથી. કેમ કે હવે એ જુદાં જુદાં કેન્દ્રો તરફ વળ્યો છે. હવે આપણી પાસે ઘણાં બધાં ઉપકરણો છે અને પુસ્તકો પણ છે. પુસ્તકો પ્રત્યેનો આપણો પ્રેમ એવો જ રહે એ માટેના પ્રયાસો પરિષદે કરવા જોઈએ અને આ જે નવાં ઉપકરણો છે એ તરફ પણ પરિષદે જવું જોઈશે. અમે આર્કાઇવ્ઝ તૈયાર કરી રહ્યા છીએ. અમે અમારી વેબસાઇટ સરસ રીતે અપડેટ કરી રહ્યા છીએ. અને સાથે સાથે પ્રકાશન પણ કરી રહ્યા છીએ.

મૌ.મુ. – સાચી વાત છે. અને કોઈ પણ વ્યક્તિ ગુજરાતી સાહિત્ય પરિષદમાં આવીને બેસીને પુસ્તક વાંચી શકે છે?

સ. – બિલકુલ. પરિષદના ચી. મ. ગ્રંથાલયમાં 70 હજાર પુસ્તકો છે. ક. લા. સ્વાધ્યાયમંદિરમાં 18 હજાર પુસ્તકો છે. તે રાહ જુએ છે આપ સૌ વિદ્યાર્થીઓની, યુવાનોની અને સાહિત્યરસિકોની. વેલકમ.

તમે આવો અમે તમને આવકારીશું. પરિષદનું મુખપત્ર ‘પરબ’ પણ સર્જાતા સાહિત્યનો – વિવેચનનો આયનો છે.

મૌ.મુ. – તો સમીરભાઈ, આજે આપનો સમય કાઢીને આકાશવાણી સ્ટુડિયોમાં આપ આવ્યા અને અમારા શ્રોતામિત્રો સાથે ગુજરાતી સા. પ.ની વિવિધ પ્રવૃત્તિઓ, કાર્યક્રમો અને ભવિષ્યની રસપ્રદ વાતો કરી તે માટે આપનો ખૂબ ખૂબ આભાર

સ. – આપનો પણ ખૂબ ખૂબ આભાર....

(સૌજન્ય : આકાશવાણી, અમદાવાદ)

■

## આપણા દુઃખનું કેટલું જોર ? / રાજેન્દ્ર શાહ

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?
નાની એવી જાતક વાતનો મચાવીએ નહિ શોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?

ભારનું વાહન કોણ બની રહે નહિ અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન,
સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?

જલભરી દગ સાગર પેખે, હસતી કમળ ફૂલ,
કોકડું છે પણ રેશમનું એનું ઝીણું વણાય દુકૂલઃ
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર.

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?

આપણે ના કંઈ રંક ભર્યોભર્યો માંહ્યલો કોશ અપાર,
આવવા દો જેને આવવું, આપણ મૂલવશું નિરધારઃ
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર.
ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર ?

# ઠરાવ, ઠરાવ પતરાળાં પર જા...

ભરત મહેતા

ચૂંટણીનો માહોલ છે. હવામાં દેશને વેચવા નહીં દઈએ એવા હાકલા-પડકારા કરાય છે પણ પાછલે દરવાજે નહીં. છડેચોક રાષ્ટ્રીય સંસાધનોનું પાણીના મૂલે લિલામ કરાય છે. કરણી અને કથનીમાં ભેદ પડી જાય છે. ગુજરાતી સાહિત્ય પરિષદે ચૂંટણી વખતે જ છેલ્લી બે ચૂંટણીથી 'વખતોવખત લીધેલા નિર્ણયો ચૂંટાયેલ પ્રતિનિધિને બંધનકર્તા રહેશે' એવું ટાંકીને મતપત્રક તૈયાર કરાવેલા હતા. છતાં સતત નારાયણભાઈ દેસાઈનો ઠરાવ કોઈક ને કોઈક સભ્યો દ્વારા ઠેબે ચઢતો જ ગયો. ચંદ્રકાન્ત ટોપીવાળા, ધીરુભાઈ પરીખ, સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રકાશ ન. શાહના ગાળામાં ઠરાવપાલન માટે આગ્રહ રખાયો અને તેમ ન થાય તો પગલાં પણ લેવાયાં. આ એક એવો ઠરાવ છે કે જેના માટે થઈને કવિશ્રી નિરંજન ભગત શહીદ થયા. ઠરાવની કહો કે સ્વાયત્તતાની જિકર એ એમની આગવી અને ઉગ્ર શૈલીએ સમજાવતા હતા ને પ્રાણવંતા પૂર્વજનું પ્રાણપંખેરું ઊડી ગયું. હવે એ ઠરાવની આમન્યા જાળવવી આપણી નૈતિક ફરજ હતી. નિરંજન ભગતે નર્મદને અંજલિ આપતાં લખેલું –

**'ક્યાં તુ જ જોસ્સો કેફ, ક્યાં આ જંતુ માણહા**
**માથા પરની રેફ, નર્મદ સ્હેજ ફરી ગઈ !'**

મારા આશ્ચર્ય વચ્ચે પ્રત્યેક ચૂંટણી પછી શું નિરંજન ભગત કે શું નારાયણ દેસાઈ, 'હું તો અકાદમીમાં જવાનો જ'નું અધૂરું ગાણું ચાલુ થઈ જાય છે. હે શબ્દના સેવીઓ એક સંકલ્પ તો બરાબર સેવો. જે સંસ્થા આપણી ભગિની સંસ્થા હતી, જેનું ચીરહરણ થયું છે, જેનું નિતાંત સરકારીકરણ થઈ ચૂક્યું છે ત્યાં તમને શું મળશે ? મોટો પુરસ્કાર? 'યે દુનિયા અગર મિલ ભી જાય તો ક્યા હૈ ?' આ ગીત મને તો યાદ આવે છે. વળી પાછા એ જ મિત્રો એમ તો કહે છે કે 'ના, ના સ્વાયત્તતામાં તો હું માનું જ છું. અકાદમી તો સ્વાયત્ત જ હોવી જોઈએ.' આવું સાંભળું ત્યારે પેલી બાધા યાદ આવે છે કે જે લાડુથી ફરતી ફરતી પતરાળાં લગી ગઈ !

મારા પ્રિય સર્જક શ્રી રઘુવીર ચૌધરી. એમણે પરિષદના પાયામાં પરસેવો નહીં પણ લોહી સીંચ્યું છે. અમે ભણતા ત્યારે સાંભળેલું કે એ ગૂજરાત વિદ્યાપીઠમાં નોકરી કરતા ત્યારે સંસ્થાના સૂત્રધારોએ 'અમૃતા' નવલકથાનાં કેટલાંક દશ્યો સંદર્ભે વાંધો

ઉઠાવ્યો. રઘુવીરભાઈને એ દૂર કરવાનું કહેવાયું. એમણે એમ ન કર્યું પરંતુ ગૂજરાત વિદ્યાપીઠ છોડી. ગાંધીમૂલ્યો પર અપાર શ્રદ્ધા ધરાવનાર સર્જક માટે આ કેટલું અઘરું હશે! સ્વાયત્તતાનો એમનો આ આગ્રહ હતો.

સ્વ. નારાયણ દેસાઈ રઘુવીરભાઈને ખૂબ જ પ્રિય. એ જ્યારે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા ત્યારે સામાન્ય સભામાં સર્વાનુમતે અકાદમી સ્વાયત્ત ન થાય ત્યાં લગી એનો બહિષ્કાર કરવો એવો ઠરાવ પસાર કરાયો. ગુજરાતી સાહિત્ય પરિષદના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માટે આ ઠરાવ બંધનકર્તા રહેશે એ પુનઃ નક્કી થયું. આજે જ્યારે નારાયણ દેસાઈની શતાબ્દી છે તો શ્રદ્ધાંજલિમાં આપણે શું આપીશું ? આજેય પરિષદના ચૂંટાયેલા સભ્યો પરિષદ અને અકાદમી બેઉનો મંચ શોભાવતા રહે છે!

આવા સંજોગોમાં મારા માટે આઘાતજનક ઘટના એ ઘટી કે ગુજરાતી સાહિત્ય પરિષદના ટ્રસ્ટીશ્રી રઘુવીર ચૌધરીએ હાલમાં જ 'પદ્મશ્રી' સંદર્ભે ગુજરાત સાહિત્ય અકાદમીનું સન્માન સ્વીકાર્યું, જેમાં મુરારિબાપુ નિમિત્ત હતા. રઘુવીરભાઈને સર્જક પુરુષાર્થના બળે શું નથી મળ્યું ? સેંકડો લોકોનો અનહદ પ્રેમ, આદર, ભારતીય સાહિત્ય અકાદમીનું ઇનામ, ફેલોશિપ, જ્ઞાનપીઠ, પદ્મશ્રી વગેરે.. વગેરે.. સૌથી મોટી વાત મુરારિબાપુના અઢળક આશીર્વાદ પણ એમને પ્રાપ્ત થયા છે. ગુજરાત સાહિત્ય અકાદમીની છત્રછાયા હેઠળ તમે આ સન્માન ન સ્વીકાર્યું હોત તો શું ગુમાવત? હા, સ્વીકારીને મારા જેવા આપના અનન્ય ચાહકોને ઠેસ પહોંચાડી છે. આજે પરિષદપ્રમુખ ગુજરાત સાહિત્ય અકાદમીના ભૂતપૂર્વ મહામાત્રશ્રી છે, કાર્યવાહકમાં શ્રી કિરીટ દૂધાત છે તેઓ પણ મહામાત્રશ્રી હતા. નવા જે સભ્યો ચૂંટાયા છે જેમાં શ્રી રમેશ દવે, બિંદુ ભટ્ટ છે. સહુ સ્વાયત્તતાના ચુસ્ત આગ્રહી છે. જય સ્વાયત્તતા.

■

## વિચારવિમર્શ

ભોપાલ, ૨૪-૦૫-૨૪

પ્રમુખશ્રી તથા 'પરબ' તંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ.

આ પત્ર આપને 'પરબ'ના મે ૨૪, ના અંકમાં છપાયેલા ભાઈ ડંકેશ ઓઝાના અકાદમીની સ્વાયત્તતા સંદર્ભે લખાયેલા પત્રના અનુસંધાનમાં લખું છું. એમનો પત્ર અકાદમીની સ્વાયત્તતા અંગે ચાલતા આંદોલન વિશે ગેરસમજ અને ભ્રમણા ફેલાવે એવો છે. તેઓ પરિષદ દ્વારા કરવામાં આવેલ અસહકાર આંદોલન વિશે ખોટી માહિતી રજૂ કરે છે. આ અસહકાર કેવળ ચૂંટાયેલા સભ્યો, હોદ્દેદાર અને ટ્રસ્ટી પૂરતો સીમિત છે. પરિષદનો સામાન્ય સભ્ય અકાદમીમાં જવા, એની સહાય, પુરસ્કાર આદિ લેવા સ્વતંત્ર છે. એમના ઉપર કોઈ પાબંદી નથી. મોટા ભાગના ચૂંટાયેલા સભ્યો અને હોદ્દેદારો પણ સ્વવિવેકથી અસહકારના ઠરાવ પર અણનમ જ રહ્યા છે. આ સીમિત અસહકાર સામે વાંધો કેવળ પાંચ-પચીસ સાહિત્યકારોને જ છે, અને આ એ લોકો છે જેમને બંને જગ્યાએ પાટલો માંડી લાભ લેવા છે. આ અસહકારથી સામાન્ય સભ્ય કે સાહિત્યકારને કોઈ નુકસાન નથી, બલ્કે આ પ્રતીકાત્મક અસહકાર અકાદમીની સ્વાયત્તતાની માંગને જીવંત રાખે છે. છેલ્લા ચાર ચૂંટાયેલા પ્રમુખ – ધીરુ પરીખ, ટોપીવાળા, સિતાંશુ અને પ્રકાશભાઈએ પરિષદને પ્રજાકીય સંસ્થા તરીકે સતત જાગ્રત રાખી છે અને સ્વાયત્તતાના મૂલ્યને પણ પોષ્યું છે. વર્તમાન પ્રમુખ પણ અકાદમીની સ્વાયત્તતાના નિર્ધાર સાથે ચૂંટાઈને આવ્યા છે. એટલે તેઓ પણ આ વ્યાપક મૂલ્ય માટે કામ કરશે એવી સહુને આશા છે.

ડંકેશ ઓઝાએ પત્રના આરંભે પરિષદે કરેલા અકાદમીની સ્વાયત્તતાના ઠરાવને નોંધી અકાદમી સાથે સહકાર કરનાર સત્તર સભ્યો સામે તત્કાલીન પરિષદપ્રમુખે બંધારણીય રીતે લીધેલા પગલાને વધુ પડતું ગણાવ્યું છે, અને પોતાની આ દલીલના ટેકામાં પરિષદના ટ્રસ્ટી રઘુવીર ચૌધરીએ આ પગલા સામે ભોપાલમાં કરેલ અસંમતિભર્યું વિધાન પણ મૂક્યું છે. આ સંદર્ભે તથ્ય એ છે કે જે સત્તર સભ્યો સામે કાર્યવાહી કરાઈ તે પરિષદે કરેલ ઠરાવ વિરુદ્ધ વર્તવા બદલ અને પરિષદમાં અકાદમી તરફી વાતાવરણ ઊભું કરવા બદલ છેવટના પગલા તરીકે કરાઈ છે. પરિષદના ચૂંટાયેલા સભ્ય તરીકે ઠરાવ સાથે રહેવું તે એમની નૈતિક ફરજ હતી, આ બાબતે એમને વારંવાર સમજાવવામાં આવ્યા હતા. સદ્‌ગત નિરંજનભાઈ સતત એમ કહેતા પણ રહ્યા કે તમે સ્વૈચ્છિક રીતે પરિષદના ચૂંટાયેલા સભ્યો બન્યા છો; તો પરિષદનાં ઠરાવ અને બંધારણ સાથે તમારે વફાદાર રહેવું જોઈએ, નહીં કે અકાદમી સાથે. પણ એ તમામ સભ્યો છ વર્ષ સુધી

પરિષદની દરેક મિટિંગમાં સ્વાયત્તતા અંગેના ઠરાવને રદ કરવા કાગારોળ કરતા હતા. ૨૦૧૮ની આવી જ એક મિટિંગમાં એમને સમજાવતા સમજાવતા ભગતસાહેબને બ્રેઇન સ્ટ્રોક આવ્યો અને તેઓ શહીદ થયા. પૂર્વ પ્રમુખ સિતાંશુ, પ્રકાશભાઈ, ટ્રસ્ટી રઘુવીર અને બીજા આના સાક્ષી છે. આવી અશિસ્ત કરનાર અને સંસ્થા વિરોધી પ્રવૃત્તિ કરનાર સત્તર સભ્યો  સામે અંતે શિક્ષાત્મક પગલાં ભરાય તો એમાં ખોટું શું છે? કે ભાઈ ડંકેશ ઓઝાએ આવો પત્ર લખી પરિષદ આ ઠરાવ રદ કરે તે માટે ઊહાપોહ કરવો પડે? કે "સ્વાયત્તતાના લડવૈયાઓને સીધી સાદી વાત સમજાતી નથી" એવું કહેવું પડે? આ મુદ્દે તેઓ ટેકા સ્વરૂપે ટ્રસ્ટી રઘુવીરનું વિધાન મૂકે છે તે પણ એટલે અનુચિત છે કેમ કે; ૨૦૨૦માં કોરોના પહેલાં પરિષદે પ્રમુખ સિતાંશુના વડપણ હેઠળ સ્વાયત્તતા અંગે એક જાહેર સભા કરેલી. એમાં ટ્રસ્ટી રઘુવીર ચૌધરીએ મંચ પરથી એવું આહ્વાન કરેલું,

"પ્રકાશ, આપણે આ ૨૧ જુલાઈ, ઉમાશંકરનો જન્મદિવસ, સ્વાયત્તતા દિવસ તરીકે ઊજવીશું, કોઈ આવે કે ન આવે આપણે બે ઉપવાસ પર બેસીશું." ભોપાલમાં ટ્રસ્ટી રઘુવીર દ્વારા સ્વાયત્તતા આંદોલન વિશે પ્રમુખની કરાયેલી ટીકા દુખદ છે, એ સાંભળીને મને તત્ક્ષણ એવી લાગણી થયેલી કે હું એમને એ યાદ કરાવું કે તેઓ ટ્રસ્ટી તરીકે પ્રમુખ અંગે આવું વિધાન કરે તે અનુચિત છે, પણ ત્યાં મારી ભૂમિકા યજમાનની હતી અને આમ કરવાથી સંસ્થાનું ભૂંડું દેખાય એટલે  હું ચૂપ રહ્યો. ડંકેશભાઈએ આ સમજવું રહ્યું કે ટ્રસ્ટી રઘુવીર પરિષદના મંચ પરથી આ બંને વિરોધાભાસી વાતો કરતા રહ્યા છે. વળી અકાદમીના કાર્યક્રમમાં જઈ શાલ પણ ઓઢી રહ્યા છે. એવી દલીલ સાથે કે ટ્રસ્ટીને અસહકારનો ઠરાવ લાગુ નથી પડતો! ડંકેશભાઈને આ મુદ્દે પણ પ્રશ્ન કરવાનો થાય છે કે તમે મૂલ્યનિષ્ઠ છો કે વ્યક્તિનિષ્ઠ? પરિષદ, એનું બંધારણ, એના ચૂંટાયેલા પ્રમુખ, સામાન્ય સભાના ઠરાવો, સાહિત્યની ગરિમા, સ્વાયત્તતા આ બધું મહત્ત્વનું છે કે ટ્રસ્ટીનો અભિપ્રાય? અને એ પણ વારંવાર બદલાતો અભિપ્રાય.

આગળ તેઓ ફરમાવે છે, "સંઘર્ષ કે અસહકાર ગુજરાત સરકાર સાથે કરવાનો છે.." મારા ભાઈ, અકાદમી ઉમાશંકરે સ્વાયત્ત કરાવી હતી, અકાદમી સરકારની છે એટલે તો એનો વિરોધ છે. જોકે અકાદમીના ભૂતપૂર્વ મહામાત્ર રહેલા ડંકેશ ઓઝા કે બીજા મિત્રો સ્વાયત્તતા આંદોલન અંગેની કોઈ સભામાં  આવતા નહોતા એટલે એમને આ લડત અંગે ખ્યાલ ન હોય તે સમજી શકાય એવું છે. .

અંતે, ઠરાવ પ્રમાણે ધીરુ પરીખ, ટોપીવાળા, સિતાંશુ, પ્રકાશભાઈ, આ ચારે પ્રમુખોના કાર્યકાળ દરમ્યાન એવી સમજ કેળવાઈ છે કે અસહકાર માત્ર ચૂંટાયેલા સભ્યો, અને હોદ્દેદારોએ જ કરવાનો છે. અને તેઓ ઉમેદવારી વખતે આવી બાંહેધરી આપીને જ ચૂંટણી લડતા હતા, અલબત્ત પછીથી તેઓ પેટમાં પેસીને પગ પહોળા કરવાની રાજનીતિ કરી પરિષદને કમજોર અને અકાદમીને સક્ષમ બનાવતા હતા, એટલે અંતે પ્રમુખ પ્રકાશભાઈએ એમને રુખસત આપી. અકાદમીની સ્વાયત્તતા માટેનું આંદોલન આરંભાયું ત્યારથી મારા જેવા ગુજરાતભરના અનેક સામાન્ય લેખકો એમાં નિસબતપૂર્વક જોડાયા છે. અકાદમીના સરકારનીમ્યા પ્રમુખે પોતાની સરકારની ભાષામાં જ્યારે નિરંજન ભગતને

તાલિબાન કહ્યા ત્યારે  ભરત મહેતા જેવા નિસબત ધરાવતા સાહિત્યકારોએ મળેલા પુરસ્કારો પણ પાછા આપ્યા છે. તમે કોની સાથે છો ભાઈ? આ મૂલ્ય માટેની લડત છે. ડંકેશ ઓઝા, હાલના પ્રમુખ હર્ષદ ત્રિવેદી અને સહુ કોઈને સાહિત્યના આજીવન સેવક તરીકે, અકાદમીની સ્વાયત્તતા આંદોલનના એક અદના કાર્યકર તરીકે મારી આ નમ્ર વિનંતી છે : ટૂંકા સ્વાર્થ માટે મૂલ્ય માટેની આ લડતને ગળે ટૂંપો ન દેવાય.

**પ્રવીણ પંડ્યા**

■

## સખીરી / સંજુ વાળા

સખીરી કેમ ઉકેલું લિપિ જળની
તરંગ લિસોટે પડી છાપ તો
ઘટના પળ બે પળની
સખીરી, કેમ ઉકેલું લિપિ જળની

પરપોટાનું પોત : પવનમાં પગલાં
તરતાં નર્યાં સપાટી ઉપર જી… રે

સ્પર્શે ઊગે – સ્પર્શે ડૂબે
નહીં રે તળને લેણદેણ કે જાણ લગીરે
પરગટ પારાવાર – ’ને નીંભર
ટેવ પડી ટળવળની
સખીરી, કેમ ઉકેલું લિપિ જળની

સુસવાટાનો નાદ સાંભળી, ખળભળતું
એકાન્ત ટકોરા મારે લીલા
જળરાશિનું નામ હવેથી પ્રગટ રહીને
કહેવાશે અટકળિયા ચીલા
ભાગવત આ અક્ષરિયત – ’ને
છળમય ભાયા તળની
સખીરી, કેમ ઉકેલું લિપિ જળની

# પરિષદવૃત્ત

સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ

## પાક્ષિકી

તા. 11-5-2024ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં 5-00 વાગ્યે ‘પાક્ષિકી’ અંતર્ગત વાર્તાકાર સ્વાતિ રાજીવ શાહે એમની વાર્તા ‘સીતા’નું પઠન કર્યું હતું.

તા. 25-5-2024ને શનિવારના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં 5-00 વાગ્યે ‘પાક્ષિકી’ અંતર્ગત વાર્તાકાર ધર્મેશ ગાંધીએ એમની વાર્તા ‘હાથ કરતી સ્ત્રી’નું પઠન કર્યું હતું.

## પ્રદર્શન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ચીમનલાલ મંગળદાસ ગ્રંથાલયમાં ગ્રંથાલયના સ્થાપનાદિન નિમિત્તે દર મહિને થતા પુસ્તક-પ્રદર્શન અન્વયે મે મહિનામાં આ વખતે ગુજરાતી કવિતાનાં પસંદગીનાં પુસ્તકોનું પ્રદર્શન 18-5-2024 થી 27-5-2024સુધી 11થી 6 દરમ્યાન રાખવામાં આવ્યું હતું. પ્રદર્શન દરમ્યાન પરિષદપ્રમુખ શ્રી હર્ષદભાઈ ત્રિવેદી, પરિષદના મહામંત્રી શ્રી સમીર ભટ્ટ, પરિષદમંત્રી (ગ્રંથાલય) પરીક્ષિત જોશી, નટવર પટેલ, રમેશભાઈ મહેરિયા અને અન્ય પુસ્તકપ્રેમીઓએ આ પુસ્તક–પ્રદર્શનની મુલાકાત લીધી હતી. રોજિંદા વાચકો, વિદ્યાર્થીઓ અને સાહિત્યરસિકોએ પણ સહકાર આપી પુસ્તક-પ્રદર્શનને આવકાર્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાંદીપનિ સાહિત્ય પર્વ લેખન શિબિર

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાંદીપનિ સાહિત્ય પર્વના સયુક્ત ઉપક્રમે તા. 12-5-2024ના રોજ 10-30 થી 4-00 વાગ્યા દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદમાં એક-દિવસીય લેખન શિબર યોજાઈ હતી. ’ગઝલલેખનની રીત’ વિશે ડૉ. કેશુભાઈ દેસાઈએ વક્તવ્ય આપ્યું હતું. ‘અછાંદસ કવિતાલેખન’ વિશે શ્રી સમીર ભટ્ટે વકતવ્ય આપ્યું હતું. ‘સ્ક્રિપ્ટ લેખન’ વિશે સુ. શ્રી શીતલ માલાણીએ વક્તવ્ય આપ્યું હતું. ‘ગીત, ગઝલ, છંદ લય’ વિશે શ્રી જયંત ડાંગોદરાએ વક્તવ્ય આપ્યું હતું. ‘નવલિકાલેખન’ વિશે શ્રી રાઘવજી માધડે વકતવ્ય આપ્યું હતું. આ લેખન શિબિરમાં 160 શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરાર્થીઓ પૈકીના 40 સભ્યોની અલગ અલગ ટીમ બનાવીને પરિષદભવનના રા. વિ. પાઠક સભાગૃહ, ગોવર્ધન સ્મૃતિમંદિર, સેમિનાર ખંડ, પરિસંવાદ ખંડ (બીજો માળ)માં વ્યાખ્યાનો યોજાયાં હતાં. લેખન કરવાની સઘન તાલીમ આપવામાં આવી હતી. દરેક શિબિરાર્થીઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યાં હતાં.

## ગઝલસર્જન તાલીમ શિબિર

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ અને શિશુવિહાર, બુધસભા, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે તા. 25, 26-5-2024 બે દિવસ દરમ્યાન શ્રી અંબાલાલ હિંમતલાલ ચેરિટેબલ ટ્રસ્ટ પ્રેરિત 'ગઝલસર્જન તાલીમ શિબિર' શિશુવિહાર ભાવનગરમાં યોજાઈ.

ઉદ્‌ઘાટન-બેઠક સવારે 9-30 કલાકે શરૂ થઈ હતી. પ્રારંભે પ્રાર્થના કરવામાં આવી. સ્થાનિક સંસ્થાના પ્રમુખે સૌનું સ્વાગત કર્યુ હતું. પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. પરિષદપ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ વક્તવ્ય આપ્યું હતું. પ્રથમ બેઠક 10-30 કલાકે શરૂ થઈ હતી જેમાં 'ઉર્દૂ ગઝલપરંપરા' વિશે ડૉ. સુલતાન અહમદે અને 'ગુજરાતી ગઝલ: સ્વરૂપ અને વિકાસ' વિશે રવીન્દ્ર પારેખે વક્તવ્યો આપ્યાં હતાં. બીજી બેઠક 1-30 કલાકે શરૂ થઈ હતી જેમાં 'ગઝલમાં છંદો' વિશે ડૉ. શકીલ કાદરીએ વ્યાખ્યાન આપ્યું હતું. ત્રીજી બેઠક 2-30 વાગ્યે શરૂ થઈ હતી જેમાં શિબિરાર્થી મિત્રોને ત્રણ વર્ગમાં વહેંચીને તજ્જ્ઞનું માર્ગદર્શક વ્યાખ્યાન અને શિબિરાર્થી મિત્રોને ગઝલ-લેખનની તાલીમ આપવામાં આવી હતી. સાંજે 6-30 કલાકે કવિ-સંમેલન યોજાયું હતું. જેમાં સ્થાનિક અને શિબિરમાં ઉપસ્થિત કવિઓએ ભાગ લીધો હતો. બીજા દિવસે સવારે 9-30 કલાકેની બેઠકમાં પણ શિબિરાર્થી મિત્રોને ત્રણ વર્ગમાં વહેંચીને તજ્જ્ઞનું માર્ગદર્શક વ્યાખ્યાન અને શિબિરાર્થી મિત્રોને ગઝલલેખનની તાલીમ આપી હતી.

## બુધસભા

ગુજરાતી સાહિત્ય પરિષદમાં પ્રત્યેક બુધવારે સાંજે 7-00 થી 9-00 દરમ્યાન બુધસભાનું આયોજન થાય છે અને પરંપરા મુજબ ઉપસ્થિત કવિઓની રચનાઓનું પઠન અને ચર્ચાઓ થાય છે.

## પરિષદની મુલાકાતે

ભારતીય શિક્ષણ સમુદાય સંઘ અને વિશ્વભારતી સંસ્થાન બંન્ને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ 'સાહિત્યસર્જન અને પહેલ: કવિતા'ના 35 શિબિરાર્થી શિક્ષકો તા. 30-5-2024ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાતે આવ્યા હતા. જેમાં ઇતુભાઈ કુરકુટીઆએ સૌને આવકાર્યા હતા. ગોપાલી બુચે સંચાલન કર્યું હતું. મંદાબહેને શિબિરાર્થી અને સંસ્થાનો પરિચય આપ્યો હતો. પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીએ કવિતાસર્જનની વિગતે ચર્ચા કરી હતી. ઉપપ્રમુખ શ્રી યોગેશ જોષીએ સાહિત્યસર્જન કઈ રીતે થાય છે તેની ચર્ચા કરી હતી.

## શ્રદ્ધાંજલિ

જાણીતા કવિ, નાટ્યકાર શ્રી ભૂપતરાય મો. ઠાકર, (તા. 24-5-2024) નવલકથાકાર, ઇતિહાસવીદ્ શ્રી દોલત ભટ્ટ (26-5-2024) તથા દલિતચેતનાના સાહિત્યકાર શ્રી સ્વપ્નિલ મહેતા (28-05-2024)નાં અવસાન થયાં છે. ગુજરાતી સાહિત્ય પરિષદ આ સહુ સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ પાઠવે છે.

■

## સાહિત્યવૃત્ત

સંકલન : ઇતુભાઈ કુરકુટીઆ

### સેવા અને સાહિત્યનું સન્માનઃ 'દર્શક' ઍવૉર્ડ 2023

સાહિત્ય શિક્ષણ, અને ગ્રામ-પુનરુત્થાનના ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કારવાના હેતુથી રચાયેલ શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશનનો વર્ષ 2023નો ગ્રામ પુનર્રચના/સેવા ઍવૉર્ડ સાત દાયકાથી નારી-ઉત્થાન અને બાલકલ્યાણની ઉત્તમ કામગીરી કરનાર સંસ્થા કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગરને અને સાહિત્યિક ઍવૉર્ડ સાહિત્યકાર શ્રી નરોત્તમ પલાણને એનાયત થયો. વર્ષ 2023નો 'દર્શક' ઍવૉર્ડ અર્પણ કાર્યક્રમ તા. 4-4-2024ના રોજ ગુરુવારે બપોરે 2-30 વાગ્યે જામનગરમાં કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ સંસ્થામાં યોજાયો હતો.

### 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર

તા,3-5-2024ના રોજ સાંજે 5-30 કલાકે ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિર અમદાવાદમાં ઓમ કોમ્યુનિકેશન દ્વારા નવલકથાકાર કેશુભાઈ દેસાઈના 76મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ 'શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમમાં ડૉ. કેશુભાઈ દેસાઈએ પોતાનાં જીવન-કવન વિશે વકતવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું.

### આદિલ મન્સુરીના જન્મદિને કવિસંમેલન યોજાયું.

તા. 18-5-2024ના રોજ સાંજે 5-30 કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદના રા. વિ. પાઠક સભાગૃહમાં ઓમ કોમ્યુનિકેશન દ્વારા કવિ, નાટ્યકાર ફરીદ મોહમ્મદ ગુલામનબી મન્સૂરી 'આદિલ'ના 89મા જન્મદિન પ્રસંગે 'મળે ના મળે' શીર્ષક હેઠળ કવિસંમેલન યોજાયું. જેમાં સર્વશ્રી રાજેન્દ્ર શુક્લ, માધવ રામાનુજ, દલપત પઢિયાર, હર્ષ બ્રહ્મભટ્ટ, રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને કૃષ્ણ દવેએ 'આદિલ' મન્સુરી સાથેનાં સંસ્મરણો અને સ્વરચિત કવિતાનો પાઠ કર્યો. કવિ મનીષ પાઠક 'શ્વેત'એ પ્રાસંગિક ભૂમિકા રજૂ કરી આભારવિધિ કરી.

### પુસ્તક પરિચય

તા.19-5-2024ના રોજ સાંજે 5-30 કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિર અમદાવાદમાં ઓમ કોમ્યુનિકેશન દ્વારા 'પુસ્તક પરિચય' કાર્યક્રમમાં શામળ

ભટ્ટનું પુસ્તક 'નંદ બત્રીસી' વિશે કીર્તિદા શાહે અને કનૈયાલાલ મુનશીનું પુસ્તક 'પૃથિવી વલ્લભ' વિશે કિરીટ દૂધાતે વક્તવ્યો આપ્યાં હતાં.

## હાસ્યલેખક વિનોદ ભટ્ટની પુણ્યતિથિએ 'સુમધુર સ્મરણયાત્રા' યોજાઈ

તા. 23-5-2024ના રોજ ગુરુવારે સાંજે 5-30 કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહ અમદાવાદમાં ઓમ કોમ્યુનિકેશન દ્વારા હાસ્યલેખક વિનોદ ભટ્ટની 6ઠ્ઠી પુણ્યતિથિએ 'સુમધુર સ્મરણયાત્રા' શીર્ષક હેઠળ સાહિત્યિક કાર્યક્રમમાં 'વિનોદ ભટ્ટની શિક્ષણયાત્રા' વિશે રતિલાલ બોરીસાગરે, 'વિનોદ ભટ્ટના હાસ્યનિબંધ' મારી શોકસભા' વિશે ભાગ્યેશ જહાએ, 'વિનોદ ભટ્ટ સાથેનાં સુમધુર સંસ્મરણો' વિશે માધવ રામાનુજે અને વિનોદ ભટ્ટનાં વ્યક્તિચિત્રો અને વિનોદ ભટ્ટની નજરે વિશે ઉર્વીશ કોઠારીએ વક્તવ્ય આપ્યાં. પ્રાસંગિક વક્તવ્ય વિનોદ ભટ્ટના પુત્ર સ્નેહલ ભટ્ટે આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું.

## અમદાવાદ વાર્તાવર્તુળની 17મી વાર્તાશિબિર

તા. 4-5-2024ને શનિવારના રોજ અમદાવાદ વાર્તાવર્તુળની 17મી વાર્તાશિબિર શ્રી નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ હૉલ, આશિમા ભવન.આશ્રમ રોડ, અમદાવાદમાં યોજાઈ હતી. તેમાં નયના મહેતા, દીના પંડ્યા, રેના સુથાર, સુનીલ અમીન, હસમુખ રાવલ, આરતી શેઠ, ઉર્વશી શાહ, ગિરિમા ઘારેખાન, એકતા દોશી, સંયોજક મનહર ઓઝા, હિમાલી મજમુદાર અને પરામર્શક દીવાન ઠાકોરે પોતાની અપ્રગટ અને મૌલિક વાર્તાનું પઠન કર્યું હતું.

## ડૉ. હેમરાજ શાહ પ્રેરિત વીર નર્મદ સાહિત્ય ગૌરવ પુરસ્કાર 'વર્ષાબહેન અડાલજા'ને એનાયત થશે

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી વીર નર્મદના જન્મદિને ડો. હેમરાજ શાહ પ્રેરિત વીર નર્મદ સાહિત્ય ગૌરવ પુરસ્કાર દર વર્ષે એનાયત કરવામાં આવે છે. આ વર્ષે વર્ષાબહેન અડાલજાને આગામી 24મી ઑગસ્ટે વિશ્વકોશ ભવનમાં વીર નર્મદ સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત કરવાનો વિશ્વકોશ ટ્રસ્ટની પસંદગી સમિતિએ નિર્ણય લીધેલ છે. વર્ષાબેન અડાલજાને અભિનંદન.

## કુમારપાળ દેસાઈ વિશેના 'શબ્દ અને શ્રુત' ગ્રંથનો વિમોચન સમારોહ

ગૂર્જર પ્રકાશન દ્વારા અમદાવાદના જે. બી. ઑડિટોરિયમમાં ડૉ. કુમારપાળ દેસાઈનાં જીવન અને કાર્યનાં વિવિધ પાસાંઓ વર્ણવતા 'શબ્દ અને શ્રુત' ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું.

## યુગપ્રભાવક જૈન આચાર્યો વિશે યોજાયેલું રાષ્ટ્રીય જ્ઞાનસત્ર

ગુજરાત વિશ્વકોશ ભવનમાં કુમાર જયકીર્તિની સ્મૃતિમાં 'કેટલાક યુગપ્રભાવક જૈન આચાર્યો' એ વિષય પર કુમારપાળ દેસાઈની અધ્યક્ષતામાં યોજાયેલા જ્ઞાનસત્રમાં

જુદા જુદા વિદ્વાનોએ મહાન આચાર્યોએ કરેલા પરિવર્તનની વાત કરી હતી. જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન શ્રી પ્રવીણભાઈ શાહે કર્યું હતું. અતિથિવિશેષ તરીકે શ્રીયકભાઈ શેઠ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી ગૌરવભાઈ શેઠે કુમાર જયકીર્તિનાં સ્મરણોની વાત કરી હતી. દેવીબહેને આનંદ પ્રગટ કર્યો હતો. પ્રીતિબહેન શાહે આવકાર-પ્રવચન કર્યું હતું. જ્ઞાનસત્રના આયોજક શ્રી ગુણવંત બરવાળિયાએ 'યુગપ્રભાવક જૈન આચાર્યો' વિશે લખેલા પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.

## ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનને આંગણે 'સ્મૃતિસંપદા' પુસ્તકનું લોકાર્પણ

ગુજરાતી સાહિત્ય સરિતા હ્યુસ્ટન તરફથી, તા.27-4-2024ના રોજ શારદા-અંબા મંદિરના ઑડિટોરિયમમાં, તાજેતરમાં પ્રકાશિત થયેલા 'સ્મૃતિસંપદા' પુસ્તકનું કવયિત્રી શ્રીમતી પન્ના નાયકના હાથે લોકાર્પણ કરવામાં આવ્યું.

## ભુજ કવિ કલાવૃંદ સંસ્થાના ઉપક્રમે જયંતીપર્વની ઉજવણી

ભુજ કવિ કલાવૃંદ સંસ્થાના ઉપક્રમે રમેશ પારેખ, શેખાદમ આબુવાલા, આદિલ મન્સુરી વગેરેની જયંતીપર્વ ઉજવણી દિલીપ આચાર્યના અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. જેમાં તેમનાં સાહિત્ય-સંસ્મરણોને યાદ કરીને તેમને બિરદાવવામાં આવ્યા હતા.

■

# ગુજરાતી સાહિત્ય પરિષદનું અંદાજપત્ર (વર્ષ 2024-'25)

ગુજરાતી સાહિત્ય પરિષદ, ક. લા. સ્વાધ્યાય મંદિર અને ચી. મં. ગ્રંથાલયનું વર્ષ 2024-'25 માટેનું અંદાજપત્ર કોષાધ્યક્ષે તૈયાર કર્યું હતું. જેને ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિએ થોડાક સુધારા-વધારા સાથે મંજૂર કરેલ છે. ગુજરાતી સાહિત્ય પરિષદના આ અંદાજપત્રની વિગતવાર માહિતી અત્રે પ્રસ્તુત છે.

**સંજય ચૌધરી**
કોષાધ્યક્ષ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

## ગુજરાતી સાહિત્ય પરિષદ અને તેનાં ઘટકોનાં અંદાજપત્રોનું સમગ્ર ચિત્ર

| ક્રમ | સંસ્થાનું નામ | અંદાજિત ખર્ચ | વાસ્તવિક ખર્ચ | તફાવત | ખર્ચનો અંદાજ | આવક | આવક સંદર્ભ |
|---|---|---|---|---|---|---|---|
| | | (૨૦૨૩-૨૪) | (૨૦૨૩-૨૪) | (૨૦૨૩-૨૪) | (૨૦૨૪-૨૫) | (૨૦૨૪-૨૫) | ઘટ (-)/પુરાંત(+) |
| ૧ | ગુજરાતી સાહિત્ય પરિષદ | ૫૦૧૭૫૦૦ | ૮૬૨૨૩૩૩ | ૩૬૦૪૮૩૩ | ૯૦૮૪૫૦૦ | ૭૬૮૦૨૪૬ | -૧૪૦૪૨૫૪ |
| ૨ | ક.લા. સ્વાધ્યાયમંદિર | ૨૩૫૧૨૪૬ | ૨૪૧૪૧૮૨ | ૬૨૯૩૬ | ૨૬૫૨૭૪૬ | ૨૫૦૧૬૦૦ | -૧૫૧૧૪૬ |
| ૩ | ચી. મં. ગ્રંથાલય | ૮૬૯૨૦૦ | ૮૧૪૭૬૪ | -૫૪૪૩૬ | ૮૬૭૨૦૦ | ૭૫૬૦૦૦ | -૧૧૧૨૦૦ |
| | **કુલ રકમ.....** | **૮૨૩૭૯૪૬** | **૧૧૮૫૧૨૭૯** | **૩૬૧૩૩૩૩** | **૧૨૬૦૪૪૪૬** | **૧૦૯૩૭૮૪૬** | **-૧૬૬૬૬૦૦** |
| | | | | | | | |

નોંધ :- * ગ્રાન્ટ પાત્ર રકમ

# ગુજરાતી સાહિત્ય પરિષદ - બજેટ (૨૦૨૪-૨૦૨૫)

| ક્રમ | ખર્ચની વિગત | અંદાજ ખર્ચ | વાસ્તવિક ખર્ચ | અંદાજ કરતાં | | અંદાજ |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૩-૨૦૨૪ | ૨૦૨૩-૨૦૨૪ | વધારો | ઘટાડો | ૨૦૨૪-૨૦૨૫ |
| ૧ | મ્યુનિસિપલ ટૅક્સ | ૨૧૦૦૦૦ | ૨૦૫૬૩૮ | | ૪૩૬૨ | ૨૧૦૦૦૦ |
| ૨ | વીમા ખર્ચ | ૬૫૦૦ | ૬૩૭૨ | ૩૭૨ | | ૬૫૦૦ |
| ૩ | ઑડિટ ફી અને પ્રોફેશનલ-કન્સલ્ટન્ટન્સી ચાર્જીસ | ૭૫૦૦૦ | ૭૨૬૨૯ | | ૨૩૭૧ | ૭૫૦૦૦ |
| ૪ | બૅંક કમિશન તથા ચેક બુક ચાર્જીસ | ૧૦૦૦ | ૪૦૭ | | ૫૯૩ | ૧૦૦૦ |
| ૫ | પગારખર્ચ | ૧૧૫૦૦૦૦ | ૧૨૪૭૦૦૦ | ૯૭૦૦૦ | | ૧૩૦૦૦૦૦ |
| ૬ | ટેલિફોન ખર્ચ | ૧૧૦૦૦ | ૧૦૩૧૭ | ૦ | ૬૮૩ | ૧૧૦૦૦ |
| ૭ | પારિતોષિક, વ્યાખ્યાનપુરસ્કાર, નિર્ણાયક પુરસ્કાર, પ્રવાસખર્ચ (જ્ઞાનસત્ર/અધિવેશન) | ૨૦૦૦૦૦ | ૨૬૦૧૩૬ | ૬૦૧૩૬ | | ૨૫૦૦૦૦ |
| ૮ | મકાન રિપેરિંગ તથા અન્ય ખર્ચ (આગરિપાછળ પથ્થર તેમજ બે ડકમાં પ્લમ્બિંગકામ કરાવ્યું, નવી પાઈપ નાંખી | ૨૫૦૦૦૦ | ૧૯૦૮૬૩૭ | ૧૬૫૮૬૩૭ | | ૨૦૦૦૦૦૦ |
| ૯ | પરબ-પ્રકાશન,પોસ્ટેજ રવાનગી, લેખક પુરસ્કાર તથા અન્ય | ૧૨૦૦૦૦૦ | ૧૪૧૮૫૦૦ | ૨૧૮૫૦૦ | | ૧૬૦૦૦૦૦ |
| ૧૦ | ૬ (છ) સ્વાધ્યાયપીઠ અંગેનો ખર્ચ | ૧૦૦૦૦૦ | ૩૮૦૦૦ | ૦ | ૬૨૦૦૦ | ૧૦૦૦૦૦ |
| ૧૧ | ડેડસ્ટોક ઘસારા ખર્ચ | ૧૮૦૦૦ | ૧૮૦૦૦ | ૦ | | ૧૬૦૦૦ |
| ૧૨ | અન્ય ખર્ચાઓ :-<br>પોસ્ટેજ, પ્રવાસ, ઈલેક્ટ્રિક બર્નિંગ,<br>ફર્નિચર રિપેરિંગ ખર્ચ,<br>ઓવરટાઈમ, કોમ્પ્યૂટર રિપેરિંગ ખર્ચ, અન્ય. | ૯૦૦૦૦૦ | ૯૬૨૦૫૦ | ૬૨૦૫૦ | | ૧૦૦૦૦૦૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | પરિસંવાદ કાર્યશાળા, શિબિર કાવ્યપઠન,<br>વ્યાખ્યાનમાળા,<br>મુદ્રણ, નિમંત્રણકાર્ડ, અન્ય પ્રવૃત્તિઓ | ૧૦૦૦૦૦ | ૦ | ૦ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ |
| ૧૪ | પુસ્તકપ્રકાશન (વિવિધ પ્રકાશનશ્રેણી) | ૧૫૦૦૦૦ | ૨૮૬૪૪૪ | ૧૩૬૪૪૪ | | ૩૫૦૦૦૦ |
| ૧૫ | એચ.એમ.પટેલ અનુવાદ કેન્દ્ર | ૫૦૦૦૦ | ૦ | ૦ | ૫૦૦૦૦ | ૫૦૦૦૦ |
| ૧૬ | માતૃભાષા સંવર્ધન કેન્દ્ર | ૫૦૦૦૦ | ૦ | ૦ | ૫૦૦૦૦ | ૫૦૦૦૦ |
| ૧૭ | મેઇન્ટેનસ વાર્ષિક ખર્ચ (રા.વિ.પાઠક) | ૨૦૦૦૦૦ | ૩૭૪૩૦૦ | ૧૭૪૩૦૦ | | ૪૦૦૦૦૦ |
| ૧૮ | રવિશંકર રાવળ વ્યાખ્યાનમાળા | ૨૫૦૦૦ | ૦ | | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ |
| ૧૯ | ચૂંટણી ખર્ચ(૨૦૨૪-૨૭) | ૩૦૦૦૦૦ | ૩૧૩૯૦૩ | ૧૩૯૦૩ | | ૦ |
| ૨૦ | માતૃભાષા દિન ખર્ચ | ૨૧૦૦૦ | | | | ૪૦૦૦૦ |
| ૨૧ | સોલાર પ્લાન્ટ | ૦ | ૧૫૦૦૦૦૦ | | | ૧૫૦૦૦૦૦ |
| | **કુલ............** | **૫૦૧૭૫૦૦** | **૮૬૨૨૩૩૩** | **૨૪૨૧૩૪૨** | **૨૯૫૦૦૯** | **૯૦૮૪૫૦૦** |

## મળેલ આવકો (૨૦૨૩-૨૦૨૪)

| ક્રમ | વિગત | આવક |
|---|---|---|
| ૧ | પરબ લવાજમ | ૪૬૭૨૫ |
| ૨ | સામાન્ય સભ્યફી | ૫૬૦૦ |
| ૩ | સંસ્થા સભ્યફી | ૬૦૦ |
| ૪ | આજીવન સભ્યફી | ૧૩૪૦૦૦ |
| ૫ | (A) મકાન વપરાશ ફાળો (ગોવર્ધનસ્મૃતિમંદિર) | ૧૯૬૫૯૦૦ |
| | (B) મકાન વપરાશ ફાળો (રા.વિ.પાઠક સભાગૃહ) | |
| ૬ | પરચૂરણ આવક | ૫૦૩૩ |
| ૭ | પુસ્તક વેચાણ | ૩૦૬૨૮૪ |
| ૮ | પરબ જાહેરખબર આવક | ૯૮૦૦૦ |
| ૯ | ફિક્સ્ડ ડિપોઝિટ વ્યાજ આવક | ૬૧૫૯૨૦ |
| ૧૦ | મકાન વપરાશ ફાળો (ક.લા. સ્વા. મંદિર) | ૧૯૭૪૬ |
| ૧૧ | વ્યાખ્યાનમાળા આવક (ચિત્રકૂટધામ ટ્રસ્ટ, મહુવા) | ૫૦૦૦૦ |
| ૧૨ | દાન આવક | ૩૨૭૩૫૫૦ |
| ૧૩ | મકાન વપરાશ ફાળો (મેઘાણી પ્રાંગણ) | ૨૫૮૩૭૫ |
| ૧૪ | સંસ્થા આજીવન સભ્યફી | ૧૦૦૦૦ |
| | **કુલ.....** | **૬૭૮૯૭૩૩** |

## મળવાપાત્ર આવકનો અંદાજ (૨૦૨૪-૨૫)

| ક્રમ | વિગત | આવક |
|---|---|---|
| ૧ | પરબ લવાજમ | ૭૫૦૦૦ |
| ૨ | સામાન્ય સભ્યફી | ૬૦૦૦ |
| ૩ | સંસ્થા સભ્યફી | ૪૫૦૦ |
| ૪ | આજીવન સભ્યફી | ૨૦૦૦૦૦ |
| ૫ | (A) મકાન વપરાશ ફાળો (ગોવર્ધનસ્મૃતિમંદિર) | ૨૦૦૦૦૦૦ |
| | (B) મકાન વપરાશ ફાળો (રા.વિ.પાઠક સભાગૃહ) | |
| ૬ | પરચૂરણ આવક | ૧૫૦૦૦ |
| ૭ | પુસ્તક વેચાણ | ૫૦૦૦૦૦ |
| ૮ | પરબ જાહેરખબર આવક | ૧૦૦૦૦૦ |
| ૯ | સંસ્થા આજીવન | ૧૦૦૦૦ |
| ૧૦ | ફિક્સ્ડ ડિપોઝિટ વ્યાજ આવક | ૮૦૦૦૦૦ |
| ૧૧ | ડેલિગેટ ફી | ૧૦૦૦૦૦ |
| ૧૨ | મકાન વપરાશ ફાળો (ક.લા. સ્વા. મંદિર) | ૧૯૭૪૬ |
| ૧૩ | વ્યાખ્યાનમાળા આવક (ચિત્રકૂટધામ ટ્રસ્ટ, મહુવા) | ૫૦૦૦૦ |
| ૧૪ | મકાન વપરાશ ફાળો (મેઘાણી પ્રાંગણ) | ૩૦૦૦૦૦ |
| ૧૫ | દાન આવક | ૩૫૦૦૦૦૦ |
| | | |
| | **કુલ.....** | **૭૬૮૦૨૪૬** |

# શ્રી કસ્તુરભાઈ લાલભાઈ સ્વાધ્યાયમંદિર : અંદાજપત્ર (૨૦૨૪-૨૫)

| ક્રમ | ખર્ચની વિગત | અંદાજ ખર્ચ | વાસ્તવિક ખર્ચ | અંદાજ | | અંદાજ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૩-૨૦૨૪ | ૨૦૨૩-૨૦૨૪ | વધારો | ઘટાડો | ૨૦૨૪-૨૦૨૫ |
| ૧ | પગાર | ૨૨૦૦૦૦૦* | ૨૨૯૭૪૧૨ | ૯૭૪૧૨ | | ૨૫૦૦૦૦૦* |
| ૨ | અન્ય ખર્ચાઓ : સ્ટેશનરી, ટેલિફોન, | ૪૫૦૦૦ | ૪૩૬૯૦ | | ૧૩૧૦ | ૪૬૦૦૦ |
| | વીજળી, પોસ્ટેજ, પ્રવાસ, પરચુરણ, | | | | | |
| | કમ્પ્યૂટર ચાર્જ, સર્વિસચાર્જ, | | | | | |
| | બૅંક કમિશન, પટાવાળા યુનિફૉર્મ ખર્ચ, | | | | | |
| | મિટિંગ ખર્ચ તથા અન્ય ખર્ચાઓ. | | | | | |
| ૪ | ગ્રંથાલય-પુસ્તક ખરીદી | ૨૫,૦૦૦* | ૨૫૦૦૦ | | - | ૨૫,૦૦૦* |
| ૫ | સામયિક ખરીદી | ૬,૦૦૦* | ૫૫૯૦ | | ૪૧૦ | ૬,૦૦૦* |
| ૬ | કબાટ ખરીદી | ૨૨૦૦૦* | ૦ | - | ૨૨૦૦૦ | ૨૨૦૦૦* |
| ૭ | મકાન વપરાશ | ૧૯,૭૪૬* | ૧૯૭૪૬ | - | - | ૧૯,૭૪૬* |
| ૮ | ઑફિસ ખર્ચ | ૨૦૦૦* | ૦ | -- | ૨૦૦૦ | ૨૦૦૦* |
| ૯ | પુસ્તક બાઇન્ડિંગ ખર્ચ | ૫૦૦૦* | ૦ | | ૫૦૦૦ | ૫૦૦૦* |
| ૧૦ | ઑડિટ તથા કન્સલ્ટિંગ ફી | ૧૨૫૦૦* | ૧૨૭૪૪ | ૨૪૪ | | ૧૩૦૦૦* |
| ૧૧ | વ્યાખ્યાખ્યાન પુરસ્કાર | ૧૪૦૦૦ | ૧૦૦૦૦ | | ૪૦૦૦ | ૧૪૦૦૦ |
| | **કુલ......** | **૨૩૫૧૨૪૬** | **૨૪૧૪૧૮૨** | **૯૭૬૫૬** | **૩૪૭૨૦** | **૨૬૫૨૭૪૬** |

## ક.લા. સ્વાધ્યાયમંદિર

**મળેલી આવકો (૨૦૨૩-૨૦૨૪)**

| ક્રમ | વિગત | રૂા. |
|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર તરફથી ગ્રાન્ટ (પગાર) | ૨૨૯૭૪૧૨ |
| ૨ | માન્ય ખર્ચની મળેલી ગ્રાન્ટ | ૨૦૪૦૦ |
| ૩ | સેવિંગ્સ ખાતા પર મળેલ વ્યાજ | ૧૦૪૬ |
| | કુલ રકમ.......... | ૨૩૧૮૮૫૮ |

## ક.લા. સ્વાધ્યાયમંદિર

આવકો (૨૦૨૪-૨૦૨૫)

| ક્રમ | વિગત | રૂા. |
|---|---|---|
| ૧ | ગુજરાત સરકાર તરફથી મળવાપાત્ર ગ્રાન્ટ (પગાર) | ૨૫૦૦૦૦૦ |
| ૨ | સેવિંગ્સ ખાતા પર મળવાપાત્ર વ્યાજ | ૧૬૦૦ |
| | **કુલ રકમ.........** | **૨૫૦૧૬૦૦** |

## ચી. મં. ગ્રંથાલય અંદાજપત્ર (૨૦૨૪-૨૦૨૫)

| ક્રમ | ખર્ચની વિગત | અંદાજ ખર્ચ | વાસ્તવિક ખર્ચ | અંદાજ કરતા | | |
|---|---|---|---|---|---|---|
| | | ૨૦૨૩-૨૦૨૪ | ૨૦૨૩-૨૦૨૪ | વધારો | ઘટાડો | ૨૦૨૪-૨૦૨૫ |
| ૧ | પગાર | ૩૦૦૦૦૦ | ૨૯૮૪૮૯ | | ૧૫૧૧ | ૩૫૦૦૦૦ |
| ૨ | પુસ્તક ખરીદી | ૨૫૦૦૦૦ | ૨૭૪૧૦૮ | | | ૨૫૦૦૦૦ |
| | સામયિક ખરીદી | | ૪૫૮૫૩ | | | |
| | પુસ્તક બાઈન્ડિંગ ખર્ચ | | ૫૫૭૦ | | | |
| ૩ | ઑડિટ તથા કન્સલ્ટિંગ ફી | ૧૦૦૦૦ | ૯૪૪૦ | ૦ | ૫૬૦ | ૧૦૦૦૦ |
| ૪ | સ્ટેશનરી તથા છપામણી ખર્ચ | ૧૯૦૦૦ | ૧૪૩૨૫ | | ૪૬૭૫ | ૧૯૦૦૦ |
| ૫ | પોસ્ટેજ ખર્ચ | ૫૦૦ | ૦ | ૦ | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | પ્રવાસ ખર્ચ | ૨૦૦૦ | ૪૦૦ | | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૭ | મ્યુનિસિપલ ટૅક્સ | ૨૦૦૦૦ | ૧૯૫૮૦ | | ૪૨૦ | ૨૦૦૦૦ |
| ૮ | ડેડ સ્ટોક ઘસારા ખર્ચ | ૪૨૦૦ | ૪૨૦૦ | | ૦ | ૪૨૦૦ |
| ૯ | બૅંક ચાર્જિસ | ૫૦૦ | ૨૬૫ | | ૨૩૫ | ૫૦૦ |
| ૧૦ | કમ્પ્યૂટર ખર્ચ | ૧૫૦૦૦ | ૨૦૯૦૫ | ૫૯૦૫ | | ૨૧૦૦૦ |
| ૧૧ | લાઇબ્રેરી ખર્ચ (ડેટાએન્ટ્રી) | ૧૬૮૦૦૦ | ૧૧૨૫૦૦ | | ૫૫૫૦૦ | ૧૫૦૦૦૦ |
| ૧૨ | રિપેરિંગ ખર્ચ/ફર્નિચર | ૬૦૦૦૦ | ૩૯૬૪ | | ૫૬૦૩૬ | ૨૦૦૦૦ |
| ૧૩ | પરચૂરણ ખર્ચ | ૫૦૦૦ | ૩૧૬૫ | | ૧૮૩૫ | ૫૦૦૦ |
| ૧૪ | વ્યાખ્યાન પુરસ્કાર | ૧૫૦૦૦ | ૨૦૦૦ | | ૧૩૦૦૦ | ૧૫૦૦૦ |
| | **કુલ........** | **૮૬૯૨૦૦** | **૮૧૪૭૬૪** | **૫૯૦૫** | **૧૩૫૮૭૨** | **૮૬૭૨૦૦** |

*** ગ્રંથાલય નિયામકની કચેરી, ગાંધીનગર તરફથી વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂ.૬,૦૦,૦૦૦/- ગ્રાન્ટ મળેલ છે. જે ગ્રાન્ટ તા.૩૧-૩-૨૦૨૪ સુધીમાં ખર્ચ કરવાની રહેશે.

# પરિચય મિતાક્ષરી

**કવિતા :**

**તારી કસમ** (ગઝલસંગ્રહ) : સુરેશ પરમાર ‘સૂર’, ઈ/41, દર્શન પાર્ક, સુસેન-તરસાલી રોડ, વડોદરા, 2024, ડે. પૃ. 122, રૂ. 190. 101 ગઝલનો સંગ્રહ. **શિખરે વહે, ધજા વહે :** હાર્દિક વ્યાસ, ઝેન ઓપ્સ, અમદાવાદ, 2024, ડે. પૃ. 88, રૂ. 200. 87 ગઝલનો સંગ્રહ.

**વાર્તાસંગ્રહ :**

**આયામ :** વાસુદેવ સોઢા, ગૂર્જર, અમદાવાદ, 2024, ડે. પૃ. 104, રૂ. 160. **20** વાર્તાઓનો સંગ્રહ. **હરિયાળી:** 30 વાર્તાઓનો સંગ્રહ. નિરાલી પટેલ (નિરાળી), શોપીઝેન, અમદાવાદ 2024, ડે. પૃ. 81, રૂ. 200. **ટીપે ટીપે :** લક્ષ્મીકાન્ત ભટ્ટ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર, 2024, ડે. પૃ. 80, રૂ. 180. છ વાર્તાઓનો સંગ્રહ.

**વિવેચન :**

**સંસ્પર્શ અને વિમર્શ :** રમણ સોની, ઝેન ઓપ્સ, અમદાવાદ, 2024, ડબલ ક્રા. પૃ. 191, રૂ. 375. 53 સાહિત્યિક લેખોનો ગ્રંથ.

**સ્મરણલેખ :**

**પ્રલંબરાસની કથા :** પારુલ ખખ્ખર, આર. આર. શેઠ, અમદાવાદ, 2024, ડે. પૃ. 95, રૂ. 150. વિપશ્યના સાધના વિશેનો સ્મરણલેખ.

**આત્મકથા :**

**ત્રિખંડ ત્રિવેણી :** વલ્લભ નાંઢા, ઝેન ઓપ્સ, અમદાવાદ, 2024, ડબલ ક્રા. પૃ. 274, વલ્લભ નાંઢાની આત્મકથા.

**અનુવાદ :**

**મહાભારત :** હરીશ ખત્રી, ઝેન ઓપ્સ, અમદાવાદ, 2024, ક્રા. પૃ. 38, રૂ. 100. મહાભારત પુનઃ કથન : મૃણાલિની સારાભાઈ.

**સંપાદન-સંકલન :**

**શિલ્પ-સ્થાપત્ય સંપદા ભાગ-1 :** નિસર્ગ આહીર. કલાતીર્થ ટ્રસ્ટ, સુરત, 2024, ડબલ ક્રા. પૃ. 331, રૂ. .... **શતાબ્દી વર્ષ 1924-2024 કુમાર એક સદીની કલાયાત્રા.**

**ગીતગૂંજન :** વિવેક મનહર ટેલર, સ્વયં પ્રકાશ, સુરત, 2024, ડે. પૃ. 199, રૂ. 250. 125 ગીતોના આસ્વાદો. **ગુજરાતી ભાષાનું આભૂષણ રૂઢિપ્રયોગ :** ડૉ. નવીન ધામેચા, આદર્શ પ્રકાશન, 2024, ડે. પૃ. 286, રૂ. 350. ભગવદગોમંડલ કોશમાંથી 5000 જેટલા રૂઢિપ્રયોગોના અર્થ સાથેનો સંચય. **ગુજરાતી ભાષાનું ગૌરવઃ કહેવતો :** ડૉ. નવીન ધામેચા, આદર્શ પ્રકાશન, 2024, ડે. પૃ. 300, રૂ. 350. ભગવદ્‌ગોમંડલ કોશમાંથી 5000 જેટલી કહેવતોનો અર્થ સાથેનો સંચય.

**લેખસંગ્રહ :**

**ગોષ્ઠી :** રમણ સોની, પોતે, વડોદરા, 2024, ક્રા. પૃ. 100, રૂ. 100. લેખકો-વાચકો સાથે ગોષ્ઠી કરતા લેખો.

**ચિંતન :**

**પરમાત્માનો સંદેશ :** પ્રદીપ મુખર્જી, ડોલ્ફિન, અમદાવાદ, 2023, ડે. પૃ. 84, રૂ. 200. ચિંતનાત્મક લેખોનું પુસ્તક.

**પુસ્તિકા :**

**'અ' અહિંસાનો 'અ' :** કેતન રૂપેરા, સાબરમતી ગાંધી આશ્રમ, અમદાવાદ, સંવર્ધિત આવૃત્તિ, 2024, ડબલ ક્રા. પૃ. 75, રૂ. 250. ગાંધી 150મી જન્મજયંતી નિમિત્તેની પુસ્તિકા.

**પ્રકીર્ણ :**

**ગ્રાહકોને ન્યાય મળે છે :** સંપા. અવિનાશ મણિયાર, જાગૃત ગ્રાહક સોસાયટી, વડોદરા, 2023, ડે. પૃ. 152, રૂ. 130.

■

## આ અંકના લેખકો

| | | |
|---|---|---|
| અંજના ગોસ્વામી | : | ‘અંજુમ આનંદ’ : ૩૦૧, શિવધારા ફ્લૅટ, તખ્તેશ્વર તળેટી, વાઘાવાડી, ભાવનગર-૩૬૪૦૦૨ |
| ઇતુભાઈ કુરકુટીઆ | : | વ્યાખ્યાતા, ક. લા. સ્વાધ્યાય મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ-380009 |
| કિરીટ ગોસ્વામી | : | એફ/20/666, પ્રથમ માળ, રણજિતનગર, જામનગર-૩૬૧૦૦૫ |
| ગૌરાંગ ઠાકર | : | એ-૪૦૧, સેંકટમ હોમ્સ, જે. કે. માર્કેટ સામે, આરટીઓ પાસે, પાલ, સુરત. |
| જયંત ડાંગોદરા | : | ડી-૪૦૪, શ્રીરામ કુટીર, સ્વામિનારાયણ પાર્ક, હરિદર્શન ચાર રસ્તા પાસે, નવા નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦ |
| જિતુ પુરોહિત | : | સરદારનગર, ચૂના ભઠ્ઠી રોડ, કેશોદ-૩૬૨૨૨૦ |
| દશરથ પરમાર | : | ૬, પુષ્પકુંજ સોસાયટી, કાંસા એન એ વિસ્તાર, વિસનગર-૩૮૪૩૧૫ |
| દિનેશ ડોંગરે | : | ‘નાદાન’, ૩૯-સી, રામવાટિકા સોસાયટી, વૃન્દાવનપાર્ક પાસે, પાણીગેટ બહાર, વડોદરા-૩૯૦૦૧૯ |
| દિલીપ જોશી | : | ‘દિનકર’, પ્લૉટ નં. ૧૬-૨, ૨, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ, કર્મચારી સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| દીપક ત્રિવેદી | : | ૧, નંદન પાર્ક, ૯, સદ્‌ગુરુ બંગલો, ગોલ્ડન માર્કેટ પાછળ, સાધુ વાસવાણી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ |
| નીતિન વડગામા | : | ‘તાંદુલ’, 2, સ્વાતિ સોસાયટી, આત્મી કૉલેજ પાછળ, કાલવડ રોડ, રાજકોટ-360005. |
| પીયૂષ ઠક્કર | : | 103, યોગીસૃષ્ટિ એપાર્ટમેન્ટ, વહાણવટી માતાના મંદિર પાસે, ઓધવપુરા, ઇલોરા પાર્ક, વડોદરા-390023 |
| પ્રતાપસિંહ ડાભી | : | ૨૬, બાલાજી વિલા-૧, ટી.પી. નં. ૪૪, ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪ |
| પ્રવીણ ગઢવી | : | ‘આસવલોક’, ૪૬૬-૨, સેકટર-૧, ગાયત્રી મંદિર પાછળ, ગાંધીનગર-૩૮૨૦૦૧ |
| પ્રવીણ પંડ્યા | : | Windsor Aralia, 402, Building-2, Opp. Holly Cross School, Kolar Road, Bhopal-462042 |
| ભરત મહેતા | : | ‘મંદાર’, બી-૯૭, યોગીનગર ટાઉનશીપ, રામાકાકાની ડેરી પાસે, છાણી, વડોદરા-૩૯૦૦૦૨ |
| ભારતી વાઘેલા | : | 11-એ, ન્યૂ આશાપુરી, ઓમ રેસિડેન્શિયલ નજીક, રોઝીઝ ગાર્ડન પાછળ, વડોદરા-390002 |
| મૌલિન મુન્શી | : | આકાશવાણી, નવરંગપુરા, અમદાવાદ. |
| યુસુફ મીર | : | રહેમાની સોસાયટી, રોયલ અકબર ટાવર પાછળ, જુહાપુરા, અમદાવાદ-૩૮૦૦૫૫ |
| યોગેશ વૈદ્ય | : | ‘હૃદયકુંજ’, યોગેશ્વર સોસાયટી, ૬૦ ફૂટ રોડ, રાજ ડેરી પાસે, વેરાવળ-૩૬૨૨૬૫ |
| રણછોડ વી. પરમાર | : | ૧૬૦૮-૨, સેકટર-૨-ડી, ગાંધીનગર |
| રાધિકા પટેલ | : | બી-૯૦૨, સંપદવુડ્સ, સંગાથનેનો, મોટેરા પાસે, કોટેશ્વર-ભાટ રોડ, કોટેશ્વર, અમદાવાદ-૫ |
| રેખાબા સરવૈયા | : | ૧, માળ, જિલ્લા પંચાયત ભવન, બસ સ્ટૅન્ડ પાસે, પોરબંદર-૩૬૦૫૭૫ |
| વિનુ બામણિયા | : | 118, શિવાશિષ પાર્ક, સ્ટેશન રોડ, કોર્ટ સામે, હાલોલ-389350, જિ. પંચમહાલ |
| સુલભા દેવપુરકર | : | પંચામૃત, હર્ષદ પ્લૉટ, પૅરેડાઇઝ પાસે, પોરબંદર-૩૬૦૫૭૫ |
| હરજીવન દાફડા | : | ૭, દ્વારકેશનગર, વેસ્ટર્ન પાર્ક પાસે, ચિત્તલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ |
| હરીશ શાહ | : | ૧૨-એ, ક્રિષ્ણાવેલી ડુપ્લેક્ષ, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮ |
| હર્ષદ ત્રિવેદી | : | ‘સુરતા’, એ/11, નેમીશ્વરપાર્ક, તપોવન સર્કલ પાસે, સરદાર પટેલ રિંગ રોડ, મુ. અમીયાપુર-382424, જિ. ગાંધીનગર |

## ગાંધીજીનું ચિંતન – ભાગ-1 અને ભાગ-2

ઘણા લોકોના મનમાં ઊભો થતો એક પ્રશ્ન છે કે ગાંધીજી એમના જીવનના અંતિમ દિવસોમાં તદ્દન એકલા હતા. પારાવાર વેદના અને નિરાશાથી ઘેરાયેલા ગાંધીજીને પછી તો એકસો પચીસ વર્ષ જીવનાની જે ઇચ્છા હતી તે પણ રહી નથી. એમના વર્ષોના સાથીઓ જેમને હિંદ સ્વરાજ માટે ગાંધીજીએ તૈયાર કર્યા; તે બધા જ રાજકીય નેતાઓ સ્વરાજ મળતાની સાથે ગાંધીજી અને ગાંધીજીના સિદ્ધાંતોને નેવે મૂકી દે છે. જીવનના આ અંતિમ દિવસો જેને પ્યારેલાલે 'પૂર્ણાહુતિ'માં આલેખ્યા છે તે ગાંધીજીના જીવનની અસહ્ય કરુણ કથા છે. આવું કેમ? આ પરથી એમ નથી લાગતું કે ગાંધીજી એમના જીવનકાર્યમાં નિષ્ફળ ગયા?

ઇતિહાસ આંખ સામેથી પસાર થાય છે : જગતનો પ્રત્યેક મહાપુરુષ એના જીવનની અંતિમ અવસ્થામાં, છેલ્લી પરીક્ષામાં એકલો જ હોય છે. પછી એ યાદવાસ્થળી પછી પારધીના બાણથી વીંધાતા કૃષ્ણ હોય કે ક્રૉસ ઊંચકીને વધસ્તંભ તરફ જતા ઈશુ હોય, હિમાળો ગાળવા જતા યુધિષ્ઠિર હોય કે નોઆખલીના મહાભિનિષ્ક્રમણના ગાંધીજી હોય. વિકાસની એ અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ ભૂમિકા એટલી તો ઊંચી હોય છે કે સામાન્ય માણસ ઇચ્છે તોપણ સાથે રહી શકતો નથી, એ સાધકની મર્યાદા નથી, પણ સાધનાની વિશેષતા છે કે જીવનવિકાસની અંતિમ ભૂમિકાએ મનુષ્ય એકલો જ હોય છે. એ એકલતા નથી નિષ્ફળતા કે નથી નિરાશા. એ કરુણતા જરૂર છે પણ એ કરુણતામાં ભવ્યતા રહેલી છે. માનવસંસ્કૃતિના હિમાલયનું એ ભવ્ય ઉન્નત શિખર છે.

**– દક્ષાબહેન વિજયશંકર પટ્ટણી**

"ગાંધીજીનું ચિંતન" – એ નવજીવન દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલા પુસ્તકનું અંતિમ પૃષ્ઠ. આ વિષય પર દક્ષાબહેન લખે છે: "ગાંધીજીના વિચારજગતની પૂર્ણતાને પામ્યાનો દાવો કે પરિતોષ આમાં નથી જ, તેની અપૂર્ણતાને પ્રગટ કરવાનો આશય પણ નથી, પરંતુ અપૂર્ણનો પૂર્ણત્વને પામવાનો પ્રયાસ તેના બીજથી શરૂ કરી વિકાસની એક એક રેખાઓમાં આકાર લેતો પૂર્ણત્વ સાથે એ એકરૂપ થવા માંડે છે તે દર્શનની અનુભૂતિનો આનંદ જરૂર છે."

સંવાહક : પીયૂષ મુ. પારાશર્ય, ભાવનગર
મો. ૯૮૨૫૧ ૮૭૦૦૭

## પૌત્રને, જન્મ-સ્વાગત

હે દીકરા! આવ નમું, નમું, તને.
અવ્યક્તના મંગલ ગર્ભમાંથી, અનાદિ ચૈતન્યતણા પ્રવાહમાં,
વેદોપનિષદતણી જ્ઞાનજ્યોતને અખંડ પારાશર-ગોત્ર દ્વારા
તેં વ્હાવાને અવતાર લીધો! કૃતાર્થ મારા પરિવારને કર્યો.

તારું કરું સ્વાગત, આવ બેટા! ના પૌત્ર તું, કેવળ અંતરાત્મા.
માંગલ્યનો તું બનજે વિધાતા.

તું આંખ માથા પર હો સદૈવ, એથી ન કે છો કુલકીર્તનવર્ધન.
પરન્તુ તારા નિત સત્–પ્રયત્નથી સંપુષ્ટ રે'શે જનતા-જનાર્દન.

दिक्कालघनवच्छिन्नकेवलानन्दमूर्तये ।
पौत्ररूपाय देवाय चिन्मयाय नमोस्तु ते ॥

અનન્તમાં વ્યાપક એક માત્ર

ક્ષીરાબ્ધિ – એકે વટપત્રશાયી ચૂસી પાદાંગુષ્ઠ અલિપ્ત, જ્યોત શો
એકાન્તમાં કેવળ રાચતો તે

તું વત્સલા; પુત્રવધૂથી જન્મી મારી જનેતા તણી આશિષોના
ખોળે પડી દૃષ્ટિ અનુગ્રહે કરી અદંત મોંથી સ્મિત વેરતો સુખે.

ઉઘાડતો ઉજ્જ્વળ ભાવિ મસ્તીમાં,
સૂતો ન સૂતો પદને ઉછાળતો.
અતૃપ્ત એ દર્શન હું કર્યા કરું, કૃતાર્થ ભાવે તવ પાદમાં નમું.

તું આવ, બેટા, પરબ્રહ્મ આવ,
તું આવ હે માધવ, કૃષ્ણ આવ.
શું શું કરું સ્વાગત? પૂર્વજન્મની
એકત્ર પાયે મુજ ભક્તિને ધરી
વંદું તને, ધન્ય મને મળી ઘડી.

15-11-1969
(પૌત્ર ચિ. આશિષનો જન્મ થયો તે જ
દિવસે લખાયેલું કાવ્ય)

**મુકુન્દરાય વિ. પારાશર્ય**

સંવાહક : પીયૂષ મુકુન્દરાય પારાશર્ય
98251 87007

**રન્નાદે પ્રકાશન**
૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

## નવલિકા-વાર્તાસંગ્રહો

### મહેશ યાજ્ઞિક

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| મહેશ યાજ્ઞિકની ૫૧ વાર્તાઓ | ૩૬૫.૦૦ |
| મહેશ યાજ્ઞિકની ૫૦ વાર્તાઓ | ૩૭૫.૦૦ |
| કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૪૦ વાર્તાઓ | ૩૪૦.૦૦ |
| કથા સરિતા મહેશ યાજ્ઞિકની ૩૫ વાર્તાઓ | ૩૪૦.૦૦ |
| મહેશ યાજ્ઞિકની ૨૬ વાર્તાઓ | ૨૯૫.૦૦ |

### કનુ આચાર્ય

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| પિયાલો | ૧૩૦.૦૦ |
| ગાંધીનો દીકરો થા મા | ૧૨૫.૦૦ |
| આંતર-બાહ્ય | ૧૦૫.૦૦ |

### સાંકળચંદ પટેલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સદાચાર ખોવાયો છે | ૧૦૦.૦૦ |
| ભારતીય ભાષાઓની પ્રથમ ૧૫ વાર્તાઓ (અનુવાદિત વાર્તાસંગ્રહ) | ૭૦.૦૦ |

### પન્ના ત્રિવેદી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સાતમો દિવસ | ૧૬૦.૦૦ |
| રંગ વિનાનો રંગ | ૭૫.૦૦ |
| આકાશની એક ચીસ (ટૂંકી વાર્તાઓ)(એજન્સી) | ૩૫.૦૦ |

## રમેશ શાહ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| વાર્તાપચીસી | ૭૫.૦૦ |
| અચલ | ૨૭.૦૦ |

## સુમંત રાવલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| કોરા કૅનવાસના રેખાચિત્રો | ૧૩૨.૦૦ |
| વાર્તાક્રમણ | ૯૫.૦૦ |

## અરૂણ ત્રિવેદી

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| અષાઢની એક મેઘલી રાત | ૯૫.૦૦ |
| અલ્પવિરામ | ૧૩૦.૦૦ |

## કેટલાક લેખકોની નવલિકા-વાર્તાસંગ્રહ

| પુસ્તકનું નામ | લેખકનું નામ | કિંમત રૂ. |
|---|---|---|
| **મનનો ઝરૂખો** (લઘુકથાસંગ્રહ) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૧૦૫.૦૦ |
| **રમેશ ત્રિવેદીની પ્રતિનિધિ લઘુકથાઓ** (લઘુકથાસંચય) | સંપા. મોહન પરમાર | ૨૮૦.૦૦ |
| **ધારો** (વાર્તાસંગ્રહ) (એજન્સી) | રમણ 'નડિયાદી' | ૧૨૫.૦૦ |
| **બા વગરનું ઘર** (વાર્તાસંગ્રહ) | ભગીરથ બ્રહ્મભટ્ટ | ૧૨૫.૦૦ |
| **આસપાસની વાતો** (વાર્તાસંગ્રહ) | શીતલ ગોસ્વામી | ૮૫.૦૦ |
| **એ હું જ છું** (વાર્તાસંગ્રહ) | અમિત શાહ | ૧૩૦.૦૦ |
| **પીઠી** (વાર્તાસંગ્રહ) | ધરમાભાઈ શ્રીમાળી | ૧૬૫.૦૦ |
| **મને સૂરજ થવાના કોડ** (એજન્સી) (વાર્તાસંગ્રહ) | કિરીટકુમાર પી. જોશી | ૧૮૦.૦૦ |
| **ઉષ્ટ્રાખ્યાન** (ટૂંકી વાર્તાઓ) | રમેશ ત્રિવેદી | ૧૨૫.૦૦ |
| **અનંત એકાંત** (વાર્તાસંગ્રહ) | અશોક જાની | ૧૬૦.૦૦ |
| **પૃથ્વી પહેલાનું અંધારું** (વાર્તાસંગ્રહ) | સતીષ વૈષ્ણવ | ૨૧૫.૦૦ |
| **લોહીનાં આંસું** (વાર્તાસંગ્રહ) | ફાધર વર્ગીસ પોલ | ૮૫.૦૦ |

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ

**૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
## ૨૦૨૪ના વિવિધ ઍવૉર્ડ અને પારિતોષિક

ફૉરેન્સિક સાયન્સના ક્ષેત્રે પ્રદાન કરવા માટે

**ડૉ. જે. એમ. વ્યાસને**

શિક્ષણવિદ શ્રી દાઉદભાઈ ઘાંચી શિક્ષણવિષયક ઍવૉર્ડ

**સર્જક શ્રી મધુ રાયને**

શ્રી ચંદ્રવદન મહેતા નાટ્યલેખન ઍવૉર્ડ

## હવે પછી અપાનારા ઍવૉર્ડ

**સ્વરકાર અને ગાયક શ્રી અમર ભટ્ટને**

પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર સવ્યસાચી સારસ્વત ઍવૉર્ડ

**વંચિતોના સર્વતોમુખી વિકાસ માટે કાર્યરત શ્રી જીજ્ઞાબહેન દવેને**

શ્રી મનસુખભાઈ મેદાણી સમાજ-ઉત્કર્ષ ઍવૉર્ડ

**વિખ્યાત ચિત્રકાર શ્રી અર્પિતા સિંઘને**

શ્રીમતી કુંદનબહેન અંબાલાલ કલા-ગૌરવ પુરસ્કાર

**સંશોધક શ્રી રસિલાબહેન કડીઆને**

આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી ચંદ્રક

**સાહિત્યકાર શ્રી વર્ષાબહેન અડાલજાને**

ડૉ. હેમરાજ વી. શાહ પ્રેરિત કવિ નર્મદ સાહિત્યપ્રતિભા ઍવૉર્ડ

**કૃષિ અને પર્યાવરણક્ષેત્રે પ્રદાન કરનાર શ્રી હીરજીભાઇ અને ગોદાવરીબહેન ભીંગરાડિયાને**

શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી ઍવૉર્ડ

**અગ્રણી ચિત્રકાર શ્રી ઈન્દ્રપ્રમિત રૉયને**

ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ

# હાસ્યસાહિત્યનાં વસાવવા જેવાં પુસ્તકો

## અઢારેય અંગ વાંકાં

**લે. રમણલાલ છ. પટેલ, કિં. 70**

વૃત્તિમાં વિકૃતિ અને પ્રવૃત્તિમાં પાખંડ લઈને ફરતા માણસનાં અઢારેય વાંકાં અંગો વિશે વાંકી નજરે આલેખન દ્વારા હાસ્ય પ્રગટાવતા 18 હાસ્યલેખોનો આ સંગ્રહ છે. વાળ, ટાલ, કપાળ, આંખ, નાક, કાન, દાંત, જીભ, હોઠ, દાઢી, પેટ, પગ, નખ વગેરે જેવાં 18 અંગોનો હાસ્યસાહિત્ય સંદર્ભે પ્રયોગ કદાચ પહેલી વાર આ પુસ્તકમાં થયો છે.

## હાસ્યકળશ છલકે

**લે. પલ્લવી મિસ્ત્રી, કિં. 55**

ગુજરાતી સાહિત્યમાં પલ્લવી મિસ્ત્રીએ હાસ્યલેખોની આગવી શૈલી કંડારી છે. આ પુસ્તકમાં એમના 28 હાસ્યલેખો છે; જેમાં યે મેરા પ્રેમ પત્ર પઢકર, જીવનસાથીની પસંદગી, અક્ષરો અને વ્યક્તિત્વ, ચોરની આત્મકથા, શ્રદ્ધાંજલિ - સત્યાંજલિ, વિદ્યાર્થીનો ઇન્ટરવ્યૂ, વેલેન્ટાઇન'સ ડે જેવા લેખો ભાવકને હાસ્યતરબોળ કરે છે.

## સાભાર પરત !

**લે. વિનોદ ભટ્ટ, કિં. 140**

સાહિત્યને નજર સમક્ષ રાખીને લખાયેલા 31 હાસ્યલેખોનો આ સંગ્રહ છે. લોકપ્રિયતા એ ગાળ છે ?, શેર તણા પાસે થયા!, ગુજરાતી સાહિત્યમાં દોસ્તી-દુશ્મની, વિવેચક : એ પણ સર્જક છે ? હમ ભી ડીચ ?, ભેટમાં આપેલ પુસ્તકો, લેખકને તમારે મળવું છે ? શા માટે ?, હાસ્યલેખક આવો હોય !, હું કવિ કેમ ના બન્યો ?, છાપાંનો પ્રભાવ વગેરે.

## તમે યાદ આવ્યાં

**લે. વિનોદ ભટ્ટ, કિં. 250**

આ પુસ્તકમાં સુરેશ જોશી, ચંદ્રકાંત બક્ષી, ગોવર્ધનરામ, મંટો, મરીઝ, રવીન્દ્રનાથ ટાગોર, ક.મા. મુનશી, ચંદ્રવદન મહેતા, જ્યોતીન્દ્ર દવે વગેરે ગુજરાતી અને અન્ય ભાષાના સાહિત્યકારો વિશે રસપ્રદ હકીકતો લખી છે.

## 'વિનોદ'ની નજરે

**લે. વિનોદ ભટ્ટ, કિં. 225**

વિનોદ ભટ્ટનું સૌથી વધુ પ્રશંસા પામેલું અને સૌથી વધુ આવૃત્તિઓ પામેલા આ પુસ્તકમાં ગુજરાતી લેખકો-કવિઓની લાક્ષણિકતાઓ, એમના સ્વભાવની અજાણી બાબતો હળવી તેમજ માર્મિક શૈલીમાં આલેખવામાં આવી છે. આ પુસ્તક ન વાંચ્યું હોય એ વ્યક્તિ ગુજરાતી હોઈ જ ન શકે.

## માર ખાયે સૈયા હમારો

**લે. નિરંજન ત્રિવેદી, કિં. 90**

સ્વ. નિરંજન ત્રિવેદી હાસ્યરસની જાજરમાન મેડીબંધ હવેલીના માલિક છે. એમની દરેક વાતમાં ચબરાકિયાપણું અને ચાલાકી ઝળકે છે. આ પુસ્તકમાં પ્રકાશિત ૪૭ લેખોમાં, દાંપત્યજીવનમાંથી પ્રગટતા હાસ્યલેખો પણ જોવા મળે છે. હાસ્યરસની આગવી શૈલીનો આનંદ આપતું પુસ્તક.

## કોના બાપની હોળી ?

**લે. નિરંજન ત્રિવેદી, કિં. 200**

સાવ નોખી ભાતના 62 હાસ્યલેખોના આ પુસ્તકમાં વન લાઈનરથી શરૂ કરીને ધારદાર કટાક્ષ સાથે સતત હાસ્ય માણવા મળે છે. એમાં ઘણી વખત લાગણીની વાણી પણ સંભળાય છે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com,
website : gspbooksmall.com

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

❖ કાવ્યસંચય

| | | | |
|---|---|---|---|
| 1. | કલમથી કાગળ સુધી (2004) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 2. | વિદેશવટો (2012) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 3. | બત્રીસ કોઠા વાવ (2012) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 4. | અછાંદોત્સવ (2013) | ફ્લેમિંગો પબ્લિકેશન | 250/- |
| 5. | ચક્રવ્યૂહ (2015) | ફ્લેમિંગો પબ્લિકેશન | 350/- |
| 6. | ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (2016) | બુકપબ | 350/- |
| 7. | ન્યૂયોર્ક નામે નગર (2017) | બુકપબ | 250/- |
| 8. | ને હવે ગઝલોત્સવ (2020) | ડિવાઇન પબ્લિકેશન | 150/- |
| 9. | શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (2020) | ગ્રંથમ | 400/- |
| 10. | મનસંહિતા (2022) | ઝેડકેડ પબ્લિકેશન | 500/- |

❖ ગદ્ય પ્રકાશન – નવલિકા

| | | | |
|---|---|---|---|
| 1. | પરાયા શ્વાસ (2015) | ફ્લેમિંગો પબ્લિકેશન | 150/- |
| 2. | સત્યેનની સકીના (2015) | ફ્લેમિંગો પબ્લિકેશન | 150/- |
| 3. | ભીતર અનરાધાર (2013) | નવભારત સાહિત્ય મંદિર | 150/- |
| 4. | હું અને મારી કવિતા (2022) | બોલ્ડ પ્રકાશન | 250/- |
| 5. | ત્રેવડ (2022) | ડિવાઇન પબ્લિકેશન | 200/- |
| 6. | Coffee on the Table (2023) | આર. આર. શેઠ ઍન્ડ કં. લિ. | 350/- |

❖ અંગ્રેજી / મરાઠી / ગુજરાતી અનુવાદ

| | | | |
|---|---|---|---|
| 1. | चक्रव्यूह (मराठी अनुवाद) (२०१३) | शब्दांजली प्रकाशन | 100/- |
| 2. | Festival of Free Verse (2014) (Translation in English) | Xlibris | $ 19.99/- |
| 3. | चक्रव्यूह (हिंदी अनुवाद) (२०१६) | બોધિ પ્રકાશન | 200/- |
| 4. | એ વાઘણને પ્રેમપત્રો (2019) | કૃપા ત્રિવેદી | 399/- |
| 5. | घर और आकाश (हिंदी अनुवाद) (२०२२) | બોધિ પ્રકાશન | 250/- |
| 6. | Camel Ride (Journey of a poet-2022) | Amazon | $ 9.99/- |
| 7. | Westward Reflections (2023) | Amazon | $ 10/- |

**Bharat Trivedi** : 927, David Walker Drive, Tavares,
Florida 32778, USA. Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net

GPSC / UPSC / UGC - JRF - NET, SLETની
પરીક્ષા માટે, વિવિધ યુનિ.ના અભ્યાસક્રમ માટે

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી ◆ સંદર્ભસંકેત ◆ ભારતીય નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલકથા ◆ સમકાલીન ગુજરાતી નવલિકા ◆ સંજ્ઞાસંયોગ ◆ કૃતિ સમીપે, સર્જક સમીપે

## સંશોધન

કળાકારનો ઇતિહાસબોધ ◆ આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા ◆ વિવેચનના વિવિધ અભિગમો ◆ ટાગોરની વાર્તાકળા ◆ મંટોની વાર્તાકળા ‘વળામણાં’ ◆ મારી હકીકત ◆ સત્યના પ્રયોગો ◆ તમસ ◆ ગોરા ◆ બદલાતી ક્ષિતિજ ◆ શર્વિલક ◆ ઇલિયડ ◆ મિર્ચ મસાલા ◆ મેટામોર્ફોસીસ

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

૧૦૫, નંદન કોમ્પ્લેક્સ,
મીઠાખળી ગામ, રેલવે ફાટક સામે, અમદાવાદ-૩૮૦૦૦૬

શાલિભદ્રસૂરિકૃત 'ભરતેશ્વર બાહુબલિરાસ' જેવી કૃતિ મળે છે તે પછી છેક દયારામ સુધી જે સાહિત્યનો સાંસ્કૃતિક પ્રવાહ બંધાયો એના પાયામાં જ 'કાવ્યાનુશાસનમ્' મીમાંસાગ્રંથ છે. બધી જ સંસ્કૃત સાહિત્યની પરંપરાનાં મૂળ જો તપાસીએ તો આપણી શોધ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સોલંકીકાળ સુધી લઈ જાય છે. આ દૃષ્ટિએ 'કાવ્યાનુશાસનમ્' માત્ર મીમાંસા- ગ્રંથ નથી. ગુજરાતની ભાષાસંસ્કૃતિને દૃઢ કરતું બીજ અને મૂળ છે.

**– ડૉ. હસુ યાજ્ઞિક**

◆

નર્મદે પ્રેમાનંદના 'દશમસ્કંધ'ની વાંચના પ્રથમ વાર તૈયાર કરી આપી છે. એની અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં લખાયેલી બે પ્રસ્તાવનામાં નર્મદે મધ્યકાલીન કૃતિનાં સંશોધન અને સંપાદન વિશે પાયાની વિચારણા રજૂ કરી છે. કૃતિની એકાધિક હસ્તપ્રતોની વિગતો, એ પ્રતોનાં રચનાવર્ષ, પ્રતોની લેખનરીતિ, એનું શબ્દભંડોળ, સંપાદન માટે નક્કી કરેલી મુખ્ય પ્રત અને પાઠાંતરો એમ લગભગ દરેક પાસાને નર્મદ આવરી લે છે. આ પ્રસ્તાવનાઓ દ્વારા આપણા મન પર નર્મદના ધીર સંશોધક વ્યક્તિત્વની છાપ પડે છે.

**– રાજેશ પંડ્યા**

◆

ઓગણીસમી સદીના છેલ્લા દાયકામાં પ્રેમાનંદના એક મહત્ત્વના આખ્યાન 'કુંવરબાઈનું મામેરું'નો અનુવાદ અંગ્રેજીમાં થાય, અને તે પણ એક પારસી સ્ત્રીને હાથે થાય, એ એક અસાધારણ ઘટના ગણાય. 'ઇન્ડિયન ઍન્ટિક્વેરી' જેવા પ્રતિષ્ઠિત સામયિકમાં તે છપાય એ પણ મહત્ત્વની ઘટના ગણાય. આ માસિકમાં 1895 અને 1896 દરમ્યાન ચાર અંકોમાં હપ્તાવાર છપાયેલા અંગ્રેજી અનુવાદ સાથે આખ્યાનનો ગુજરાતી પાઠ દેવનાગરી લિપિમાં છપાયો હતો. પ્રાસ્તાવિક લખાણમાં પૂતળીબાઈએ નરસિંહ મહેતાનાં જીવન અને કવનનો પરિચય આપ્યો હતો.

**– દીપક મહેતા**

---

સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

એસોસિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ, દેવમણી કૉલેજ, વિસાવદર

## વિહાર

બારી-બારણાં-ભીંત-વંડી વિનાના, પ્રકાશના ખુલ્લા ચંદરવા નીચે ચાલવાનું મળે એ વિહાર છે. દિગ્-દિગંત સુધી વિસ્તરેલી આ અસીમ વસુધા પર ચાલવાનું હોય છે. આ વિહારમાં ચારે બાજુથી વહી આવતા શુભ વિચારોને ઝીલવાની તક સાંપડે છે. તે ઝિલાય પણ છે. પશુ ચરે છે, પક્ષી વિચરે છે અને માણસ વિચારે છે. કુદરતના સાંનિધ્યમાં વિચરતાં વિચારવાનું પૂર્ણપણે સાંપડે છે. ત્યારે વેદની પ્રાર્થનાનો મર્મ ઊઘડતો લાગે છે.

વિહાર એ ચેતોવિસ્તાર સાધવાની પ્રક્રિયાનો ભાગ છે. અન્નમય કોશ, પ્રાણમય કોશને ઓળંગીને મનોમય કોશ - વિજ્ઞાનમય કોશ અને આનંદમય કોશનાં ઉન્નત શૃંગો તરફ દોરી જતી કેડી છે; ચેતનાના ઊર્ધ્વારોહણના સોપાનની શ્રેણી છે.

આવો વિહાર જે માણે તે જ જાણે.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યુટર

અમદાવાદ

## વિહારમાં

ઊજળા તડકાથી શોભતી શિયાળાની બપોર હતી. સહેજ પણ ધુમાડાની સેર ન હોવાથી આકાશ સ્વચ્છ, નિરભ્ર અને આસમાની હતું. ખેતરો પણ વધુ સોહામણાં લાગી રહ્યાં હતાં. અમારી કેડી ખેતર વચ્ચેથી જતી હતી. ક્યારેક, બે ખેતર વચ્ચેની વાડમાંથી જવાનું આવતું. રાઈડાના છોડ પર આવેલાં સોનેરી-પીળાં ફૂલોનું જાણે તળાવ. વળી, એને ચમકાવતો કુમળો તડકો ચારેકોર પથરાયો હતો. તેમાંયે ઠંડો શિયાળુ વાયરો હીંચકાનું કામ કરતો હતો. લયબદ્ધ હિલોળા લેતાં એ ખેતરોને આંખો ભરીને જોયાં અને મન ભરીને માણ્યાં. પગ એ જ લયમાં ગતિ કરતા હતા. મન તૃપ્ત થતું હતું, તાજું થતું હતું. જાણે અમે આગળ વહેતા હતા!

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,

આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧૩. ફોનઃ ૩૨૯૦૬૬૫૫

# ગુજરાતી સાહિત્યકોશ

## ખંડ ૩

## સાહિત્યિક પ્રકીર્ણ

આવૃત્તિ : બીજી, કુલ પૃષ્ઠ ૨૪ + ૮૧૨. કિંમત રૂ. ૧૧૦૦-૦૦

કોશના આ ખંડ-૩માં ગુજરાતી ભાષા અને સાહિત્યના ઉદ્‌ભવ અને વિકાસનો ઇતિહાસ, ગુજરાતી સાહિત્યપ્રકારો અને તેની ઉત્ક્રાંતિ, સાહિત્યશાસ્ત્રનાં વિભાવનાત્મક પાસાં, સાહિત્યિકવિદો, સાંસ્કૃતિક સંદર્ભો, આધારગ્રંથો, સાહિત્યિક પારિતોષિકો, સાહિત્યિક સામયિકો વગેરે ગુજરાતી ભાષાસાહિત્યના વિકાસવિસ્તારમાં ફાળો આપનારાં મહત્ત્વનાં પરિબળો વિશે અધિકરણ આપવામાં આવ્યાં છે.

આ ખંડની બીજી આવૃત્તિમાં કેટલાક નવા વિભાવો વિશે અધિકરણ ઉમેરીને કોશને સંવર્ધિત કરવામાં આવ્યો છે.

કોશ જોવામાં સહાયક એવો અધિકરણનો શબ્દાનુક્રમ પૃષ્ઠનિર્દેશ સાથે આરંભમાં જ જોડ્યો છે. વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને વિષયના રસિક સંશોધકો તથા તજ્જ્ઞોને સંશોધન કરવા માટે આ સહાયક આધારગ્રંથ છે.




## ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

**PARAB 2024 June**

Regd. under Postal Registration No.

RNI No. GUJGUJ/2006/17273

GAMC-306/2021-2023 valid upto 31-12-2023

Posted at Ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month**

ISSN : 0250-9747

**₹ 20**




Printed and Published by **SAMIR BHATT** on behalf of **GUJARTI SAHITYA PARISHAD** and Printed at **Bhagwati Offset, C/16, Bansidhar Estate, Outside Dariapur Gate, Bardolpura, Ahmedabad - 380 004** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **BHARAT MEHTA**